વિલાસ સુંદરી

અને જાદુનો પલંગ—ભાગ ત્રીજો



મનમોહીની પર મોહીત પડેલો આશક

વિલાસ સુંદરી

અને

અદભુત જાંદુનો પલંગ.

ભાગ ત્રીજો.

દોહરો.

લેખ લખાએ ગુપ્તથી, વીચારે પંડીત જન;
સમજે મહત્વ તેહનું, ત્યારેજ રીઝે મન.

લખનાર—પી. પી. યોગી.

ધી કમર પ્રેસ મુબંઈ.

સવત ૧૯૬૪ સન ૧૯૦૮

કીંમત ૧૨ આના.

॥ वंदे मातरम् ॥

સમુદ્રરૂપી વસ્ત્ર જેને, પર્વતરૂપી થાંન;
સાક્ષાત વીષ્ણુપત્ની દેવી, વંદે તવ નીદાન.

નીજ સુતો તણી કાળજી, સર્વદા રાખી રહે;
શૃહે ઉપાય તે ના જતે, કરીને મહાસાદરં;
શકતી વધાર તવ પુત્રોની, સ્થીતી ન્યાળી માવડી;

સકળ કરશું તવ સેવાજ, વદી વંદે માતરં.—નીજ.
પ્રેમ પુરઃ પાક તું આપને, પેદા કરી કરી;
પાળ પશુ ને પ્રાણને, કરી ગરીબનો આદરં;
પર પુરૂપાશ્રીત ન બને, તને એબ માતુ લાગશે;
જાગશે જો કૃપા તારી, સૌ વદશે વંદે માતરં.—નીજ.

ધન ધાન્ય સુત વીધા વળી, બળ પ્રબળ અમને આપતું;
કર સાહ્ય સર્વદા સર્જની, તોડ તું દુઃખ દાર્દરં;
આપ સ્વવીધા પાછી પ્રેમથી, નેમથી તે શીખીએ;
પરદેશીને પરહરીને, સુખે વંદીએ માતરં.—નીજ

વિલાસ સુંદરી

અને

અદભુત જાદુનો પલંગ.

ભાગ ત્રીજો—શ્રી દેવી.

શ્રી પરશુરામ વાસક મહેંદ્ર નામનું સહ્યાદ્રીનું શીખર જે પોહ પ્રાટતાં ઝાંકળની ઝુમથી ઢંકાઈ રહયો હતો, જેથી તે ધુંવાડીયા પહાડ જેવો ભાસતો હતો. તેનાં પરનાં વૃક્ષો દવથી નીસ્તેજ થઈને આક્રંદનાં આંસુ પાડતાં હોય, તેમ તેનાં પાતરાંઓપરથી દવનાં ટીપાં વરસતાં હતાં. ઝાકળનાં બીંદુથી ઉભેલું સઘળું ઘાસ મોતીનાં છોડ જેવું શોભતું હતુ. મંદમંદ વાયુથી ઝાડોનાં પાંદડાં ખડખડહુસ્તાં હતાં, તેમજ પ્રાતઃકાળનો સમય હોવાથી પંખીઓ ચોમેર કીલ્લીલાટ કરી રહયાં હતાં. ઝાકળના વરસાદથી વરસાદના જેવી જમીન સઘળી ભીંજાઈને લબદા થઈ રહી હતી. ખેડુત લોકો તથા ગોવાળીયા બેલ ઢોરો સાથે સીમમાં ચાલી રહયાં હતાં. અરૂણોદયનો સમય હોવાથી ઝાકળના ધુંવાડીયા અંધકાર વચ્ચે કાળા• સાડલામાં લાલ ભાતના જેવી લાલી છાંઈ રહી હતી. અને સૂર્યનારાયણનાં કીરણો ફુટીને કમોદનીને શરમાવી કમળને પ્રફુલીત કરતાં હતાં. એવાં

સુશોભીત રમણીય મહેંદ્ર પર્વતની તળેટીમાં શ્રી ધામ નામનું સુંદર એક શહેર સર્વ વૈભવથી ભરપુર નીતીવાન રાજપતીથી પ્રપુલ્લીત ન્યાયાભુષણથી સુશોભીત અને આબાદી માં ભરપુર હતું. ત્યાંના રાજ્યવીભુષણ રાજકર્ત્તાની કુંવરી શ્રી દેવી કે જેણી પોતાનાં પ્રીયકર કોકની ઝંખનામાંજ જંપી ગઈ હતી. તે તેણી, સુર્યનાં કીરણો શયન મંદીરની બારીમાંથી નેત્રપર આવતાંજ ઝબકીને "કોક કોક" એવો ઉચ્ચાર કરતી ઉઠી પડી. ઉપચારીણી દાસીઓની વ્યવસ્થાપર લક્ષ ન દેતાં તેણી બહેબાકાળી સ્થીતીમાં પોતાની આબરૂની હાની તથા પોતાની સ્રી તથા બાળહઠની દુર્ઘટ પ્રતીજ્ઞા વીષે પસ્તાવો કરવા લાગી. તેણી મન સાથે બોલી ઉઠી કે:—"હે હરી!!! મેં બાળપણના હઠથી રાજકુંવરીની શોભાને ન છાજે એવી કુટીલ પ્રતીજ્ઞા લીધી. લીધીતો ખરી, પણ પાછી તેને હઠથીજ દ્રઢ પાળી; પણ પરીણામ ઘણુંજ બુરૂં આવ્યું. જો કે, મારી પ્રતીજ્ઞાથી મને પુરૂષ ઘણોજ લાયક, મારી જોડીને શોભતો, જબ્બર, સર્વ ગુણસંપન્ન અને સુસ્વરૂપ નવયૌવન મળ્યો. પણ હું કુટીલા, પાપીણી, હઠીલી, અભીમાની, મુર્ખી, નીક્ષર, ઉદ્ધત અને ગુમાની હોવાથી તેમની કશી પણ સંભાળ લઇ શકી નહી, કંઈ કરી શકી નહીં, અરે, મારાથી કશુજ બની શક્યું નહીં. ધીકકાર છે. મારા જેવી અભણ અભાગણીને જેણી પુરૂષની ઇચ્છા પરખી શકતી નથી. હા!!! ઇશ્વર!!!

હવે કેવું બન્યું છે, કે કહેવાય નહી; ને સેવાયપણ નહીં. હું જો તેઓ પાછળ નીકળી પડું તો પછી મારાં અરે હાય!!

મારાં નીર્દોષ વૃદ્ધ માબાપની શી સ્થીતી થાય ? તેઓની ઈજ્જતની શી વ્યવસ્થા ? અને આબરૂ સારૂ એમનાં મનની કેવી હાલત ? એ હાલતમાં એમનાં મગજની કેવી ગતી ? અને મગજમારીથી એમનાં શરીરના શા હાલ ? તથા એમની બુદ્ધીને કેટલો ત્રાસ ? હા નાથ !!! એતો એક રાજના વિનાશ જેવું છે. મારે મારાં કાર્યની પુરતીને સારૂં બહાર પડવાની જરૂરજ છે. કારણ કે, મારા પ્રેમીએ મારી પ્રેમ પરીક્ષા સારૂં મારો ત્યાગ કર્યો છે. અને વન વીલાસ કરવા એમની ઈચ્છા હોય એમ ભાસે છે પણ દૈવ વીપરીત છે. જમણી આંખ ફરકવી વીગેરે માન શકુનો થાય છે. થાય તેમાં આશ્ચર્ય નથી. ગુપચુપપણે મેં રાજ મહેલનો ત્યાગ કર્યો કે, માતો હાય પારજ પડી જશે અને પીતા બુરેહાલ બનશે.

'માત રોઈ રોઈને રાતી આંખડી, કરશે દીનને રાત,
ચીત્તમાં ચરચર બળતા થશે, વૃદ્ધ બિચારા તાત.
અન્નપાનને તે ત્યાગશો જાગશે અહુર્નીશ આપ;
પરવરી પદ્મિણી શ્રીદેવી તું, કે તુર્ત મરશે માબાપ.
દાસીઓ દાઝી દુઃખી થશે, સુખ તજશે સજ્જન સમાજ;
પ્રજા પીડાશે બાપડી, રાંકડું રખડશે આ રાજ.
શ્રીદેવી સમજી નહીં, કીધો કાળોરે કેર;
કોક કુટીલ તુજને મળ્યો, પુરૂં વાળ્યું છે વેર,

ધિક્કાર પરદેશીનો પ્યાર કશા પણ કામનો નથી, પણ કંઈ નહીં બનનાર હોય તેમજ બને, સર્વેશ્વર શ્રી રામ જાનકીને પણ એમજ વીદેશ વીચરવું પડયું હતું. અને પાછળથી પીતાનો નાશ અને માતાઓની દુર્દશા થઇ હતી. તેથી શું તેઓની

દ્રઢતા નાશ પામી હતી ? ના, એતો શ્રીવસીષ્ઠજીના ઉપદેશથી ઉલટો વીશેષ દ્રઢ થયો હતો. તો પછી પરદેશીની પ્રીતમાં ફસાએલી હું પોતાનાં પ્રારબ્ધને ભોગવતાં માબાપની ફીકર કરતી કેમ બેશી શકું ? સૌ સૌનાં ભવીષ્ય આપણેતો અત્યાર સુધીના હઠની પેઠે આખર સુધી પાર પહોંચવાનાજ.

હા દૈવ !!! તારી કુદરતની બલીહારી છે, તને કોઈ પહોંચે તેમ નથી. તું પલમાં શું કરશે, તે જાણવાને ઈશ્વર પણ અસમર્થ છે તો પછી બીજાનું શું ગજું ?

એ પ્રમાણે પોતાના નસીબને દોષ દેતી બાળા વધુ વધુ વીચાર ઘેલી થવા લાગી. હવે તેણી કંટાલાથી પ્રેમને તીરસ્કારથી જોવા લાગી. અને ભોલપણને ધીક્કારવા લાગી કેઃ—

‘પરદેશીની પ્રીતડી, જેવો પતંગનો રંગ;
રમાડી રંચ મનને, ઉતરી કરાવે ભંગ.
ભોલાં જે ભૂમી વીષે, ધૂર્ત પહોંચે ત્યાંય;
ભુલ ભાંગે ભોલાં તણી, ધુતારા પોષાય.

ઉપલા દુહાને યાદ કરતી કુમારી કારમા દુઃખમાં દબાઇ ગઈ. હવે તેણીના મનની લગામ પોતાના હાથમાંથી છુટી ગઇ. જેથી મનમારૂત મસ્ત થઈ મરજી પ્રમાણે સ્વતંત્રતાથી ઘુમવા લાગ્યો. બેશુદ્ધ જેવી બનેલી શ્રીદેવીની જીભ, અશ્વના હણુ હણાટ રૂપ બડબડવા લાગી. તેણી એકદમ બોલી ‘ઉઠી કે, હા પ્રેમ !!! પ્રેમ, પ્રેમ, સેમ. પ્રેમ જેવી. બુરી વસ્તુ દુનીયામાં કોઇજ ન હશે ? પ્રેમમાં પૂસાયેલી સીતા વનમાં ભટકતી દશ સુખને હાથ સપડાણી હતી. હતીતો. ખરી, પરંતુ રામ પ્રત્યેનો

તેણીનો નીર્મળ પ્રેમતો દ્રઢજ હતો. પ્રેમ સારૂંજ સુગ્રીવ લાચાર થયો હતો. હા પ્રેમ!!! અરે દુષ્ટ તારે સારૂજ ગોપીઓ ઝુરી ઝુરીને મુરી ગઇ. બીચારી દ્રૌપદી પ્રેમ પાછળજ વનવન ભટકી. દમયંતી પ્રેમસારૂજ દાસી બની હતી. તેમ તારામતી પ્રેમ પાછળ વેંચાણી હતી. હે શ્રીદેવી! શું તું નથી જાણતી કે, પ્રીતી પાછળજ પતંગ બળી મરે છે. પ્રીતી સારૂજ સારંગ બંધાય છે. અને પ્રીતીના પાસથી ભુજંગ વાદીની ટોપલીમાં સંકોચાઇ રહેછે. હા હેત!!! હેત ખાતરજ મજનુ બેહાલ બન્યો. તેમ હેત ખાતરજ સબ્જ પરીએ પાંખો ગુમાવી.

હા: હા:!!! આવો દુર્ઘટ પ્રેમ? પ્રેમ પ્રેમ તને ધીક્કાર છે? ધી:ક્કાર તો ખરો, પરંતુ શા માટે? અસ્વચ્છ પ્રેમને માટે. અસ્વચ્છ એટલે? મેલો. મેલો કાં? એકજ બાજુનો હોવાથી જેમકે, પ્રેમ સારૂ ભ્રમર ગુંગલાઈ મરતાં પણ કમલ પ્રેમ હીણુજ છે. પ્રેમ સારૂ ચકોર આંખો તાણી મરતાં પણ, ચંદ્ર તેની કશી પણ પરવા કરતો નથી. તેવા એક તર્ફી પ્રેમને ધીક્કારજ છે. જે સંયુક્તાના પ્રેમ પાછળ ચહુઆણે દીલ્લી ગુમાવી તે ઉભયનો પ્રેમ કેવો હતો:—

‘ પ્રેમ વારી કાષ્ટનો ’ ઉર ચીરીને જાય;
તોપણ રક્ષે તેહને, કે રખે ડુબી જાય,
પ્રેમજળ સેવાળનો, જે સાથે સાથે સુકાય;
“આપ” શીતળ પાત્ર છે, જેમાં પ્રેમ ‘રસ સમાય.’

મારા પ્રીયકર પ્રત્યનો મારો પ્રેમ પણ કાષ્ટ અને સેવાળ સાથેના પાણીના પ્રેમ જેવો ઉભય દ્રઢ અને નીર્મળ કોણ હોય?

હોયજ,'મનોમન સાક્ષી છે. આત્મા માત્ર એકજ છે. જેથી મારા વીચારો તેમના મનમાં જરૂર ઘોળાતા હોવા જોઇયે. કારણ કે, તેઓ પણ "કે"ના જેવા શીતળ સ્વભાવનાંજ છે. જેથી મારો પ્રેમ પણ—તારા દમુ, જાનુ, રાધા રમા, દ્રૌપદી, ગંગા, યમુના અને મહા સતી પ્રભાવતી જેવો શુધ્ધજ છે. તેમાં કશો પણ સંદેહ નથી તે શુધ્ધ પ્રેમ કેવો છે:—

'પ્રેમ વસ્તુ પ્રેમરસ, પ્રેમ પુર્ણ સુખકાર;
પ્રેમ દાતા પ્રેમ ત્રાતા, પ્રેમ મોક્ષ ધામ છે.
પ્રેમ રામ પ્રેમ કામ પ્રેમ દામ પ્રેમ ભાઈ;
પ્રેમ રાજ કાજે શોભે, જેથી પ્રેમ નામ છે.—૧
પ્રેમ વશ કરી થાય, પ્રેમે વીઘ્ન સૌએ જાય,
પ્રેમ રાય વશ થાય, એવો પ્રેમ રાજ છે.
જેથી પ્રેમ ઈચ્છે સઉ, પંડીતો તે પ્રીછે બહુ;
પ્રેમે વશ થાશે વહુ પ્રેમ એજ કાજ છે— ૨
પ્રેમ નહીં જેની પાસ, બની રહે સૌનો દાસ;
પ્રેમ જેનામાં છે ખાસ, તેજ દાતા જગતનો છે.
પ્રેમ હીણ નર પશુ, તેનાંથી ન બને કશું;
તેને સુઝે નહીં કશું, ભ્રાતા ન તે ભક્તનો—૩
નીર્મળ તે ઉ-તમ છે, ઉભયમાં જો હોય તે:
એક પક્ષી મધ્યમ છે, અધમ કપટનો,
જે પ્રેમમાં ભેળ હોય, ગૃહ શો ન તેને કોય;
કરી સોદો દ્રષ્ટે જોય, બને જો લંપટતો—૪

પ્રેમ નેમ સુઘડોનો, લંપટોનો કપટનો,
કપટ હીણુ પ્રેમતો, કોઇકમાં રાજ છે;
પ્રીતમાં જો કપટતો, પ્રીત ન પણુ પલીત.
પ્રીત રીત એવી છે કે, હરી ત્યાંજ બીરાજે છે—૫

દોહરો

પ્રેમ પદારથ પ્રેમ રસ, પ્રેમે પ્રેમ મીલંત;
પ્રેમ નીભાવે પ્રેમી જન, જેનાં મન નાં ખસંત.

ભોલાં માણસો ભલમનસાઈમાં ભરાઈ રહેવાથી વારંવાર ભોળવાતાં રહેછે. પણ, ભોળવનાર એવા સમર્થ છે કે તેઓનાં ભોળાવવાની કશી પણ હદ નથી.

હા : ઈશ્વર ! ! ! ભોળાં તે ભોળાંજ. ભોળાં એટલે શું ? મુર્ખ. ભોળપણનો અર્થ મુર્ખાઈજ થાયછે. થાયછે પણ શોભતો નથી. કારણકે, મોટા કોટીનદ્ધજો, સારા ઉત્તમ પંડીતો અને મોટા દેવો, તથા દેવાધી દેવો અરે, સાક્ષાત મહાદેવ પણ ભોળામાંજ ગણાય છે.

ત્યારે શું, તેઓ બધા મુર્ખજ છે ? ના, કદી નહીં. તેમ ગણવા વાળાજ મુર્ખ છે. તેઓતો દયાળુ શ્રીમંતો છે. ત્યારે હવે, ભોળપણનો અર્થ દયાળુ પણ એ શબ્દ શોભેછે. પણ મારા ભોળપણમાં કશી પણ દયા સમાયલી નથી. કાંકે, દયાનું ભોળપણ પરમાર્થમાં દોરાય છે. પણ સ્વાર્થનું ભોળપણનો અતો ભૃષ્ટ તતોભૃષ્ટ કરેછે. જેથી સ્વાર્થી ભોળપણનો અર્થ મુર્ખાઈ છે. અને પરમાર્થીનો અર્થ દયા છે.

હવે જેમ મેં સ્વાર્થથી મુર્ખાઈ કરી તેમ મને ભોળવનાર ભલા કોકે કરી કે નહીં ? આ એક સ્વાલ મહત્વનો ઉઠે છે. ના તેણે ચતુરાઈ કરી. ચતુરાઈ કેમ ? ચતુરતો પરોપકારીને કહેછે. ત્યારે તેઓએ હુશીયારી કરી ગણાય. ના તે પણ નહીં. હુશીયારીમાં સ્વાર્થ રહેલો છે. તે પણ તેમનો સર્વો નથી. ત્યારે શું કર્યું ? કંઈ ત્રીજું કર્યું, હરામખોરી કરી. જેથી એઉ બગડયા. ન પોતાનો સ્વાર્થ, ન મારો પરમાર્થ થયો. પણ હરામખોર જેવો તેમનો દેખાવ નથી. 'ઉપરકીતો અચ્છી બની, ભીતરકી તો રામ જાને દેખાવપર ભુલી તેજ મારી મુર્ખાઇ' તેનોજ અર્થ ભોળપણ; ત્યારે શું તેઓ હરામખોર ઠરશે ? ના, તેમ નથી. જ્યાં સુધી તેઓનાં મુખ કમળનાં દર્શન મળી ચતુર્ચક્ષુ એકત્ર નથી થઈ ત્યાં સુધી બધું વ્યર્થ છે. કલ્પનાથી દોષ દેવો વ્યાજબી નથી, હું રાજકન્યા છું; ન્યાય મારો ધર્મ છે. ધીરજ મારૂં વસ્ત્ર છે. ધારણા મારૂં ભુષણ છે. અને સુવીચાર મારી શોભા છે. ત્યારે હવે મારી યોગ્યતા કેવી છે? તેનો મારે પહેલા વીચાર કરવો ઘટે છે. જો તોલાં શુધ્ધ હશે તો ત્રાજવું સ્થીર થશે. જ્યારે સામાં પડેલા માલનું તુરત તુલ થશે.

નીતી, પ્રીતી, ન્યાય, નેક, શોર, ધૈર્ય, પરાક્રમ, ક્ષોભ, લોભ, મોહ, મદ્મત્સર, માન, મુગ્ધતા, મર્યાદ, માન, અને માતબરીથી મહત તત્વ યુકત કલ્પના કરવાની શકતી મારામાં હોવી જોઇયે.

જોકે, હું એક રાજકન્યા એટલી શકતી ધરાવું છું, તો પછી એક રાજવર તો કેટલી કેવી અને કયા પ્રકારની

શકતી ધરાવતો હોવો જોઇયે. તેપરજ ચોહાણ પ્રત્યે બારોટે કહ્યું હતું કે:—

‘જે બાણ રામ હાથ રહી, દશ શીશ હણ્યો.
જે બાણ અરજ્જુન કર ગ્રહી કેર્ણ ઠાર કર્યો
જે બાણ પરીક્ષત ચાપ ધરી કળી કાળ વીદાર્યો
તેજ બાણ આજ ચહુઆણ હાથ આવી ઠર્યો.’

એવા ઉત્તમ ક્ષત્રી કુળ ભુષણના ગુણનું શું વર્ણન થાય? કોણ જાણે એમનામાં કયા પ્રકારનું બળ, કળા, ગુણ, તેજ, તપ કે પ્રભાવ હોય? ઇશ્વિર જાણે એક રાત્રીના અલ્પ સહવાસમાં અજ્ઞ મતીવાળી હું જાણવાને અજ્ઞ છું.

પણ કલ્પના પ્રૌઢ છે. તેણી રકાઓએ, ડાકીની શાકીની અને ચુડેલની પેઠે મારી મનોવૃતીને ઘેરી લીધી છે.

હા!! હવે મને યાદ આવ્યું. સોનું જેમ ટીપાય તેમ શુદ્ધ થાય. હીરા જડવા કુદંન જોઇયે. સોનામાં શોભે નહીં. કુંદન કરવાને સોનાને ખુબ લાલ તપાવતાં વારંવાર કુટવું જોઇયે. અષ્ટોત્તરશત વખત એમ થાય ત્યારે સોનામાંથી કુંદન બને અને ત્યારેજ હીરજી ભાઈ માથે આરૂઢ થાય. તેમજ પ્રેમ પરીક્ષક કોહીનુર કોકે પોતાના અંગ સાથે જડવા મને તાવી ટીપવા નકકી કર્યું છે. એજ ન્યાય છે, જેથી ઠરાવ પણ તેજ છે. ઠરાવાનું સાર, હવે વાર કર્યા વગર ટીપાતાં ટીપાતાં પ્યારા કોકની રોખ કૃપામાં લીન થવું ઘટે છે. જો, અરે શ્રીદેવી નેત્ર ખોલ, ઉઠ, જા, પ્રીતમને ભેટ, મળી તપાસ એમ બોલતી બેભાનની પેઠે દીવાનખાનામાં આમ તેમ ફરવા લાગી. પ્રેમધુની રાજબાળા મારો પ્યારો

દીલદારો, કોક, કયાં, કયાં, કયે ઠેકાણે, કેમ હશે, કયાં હશે, શું કરતો હશે એમ બોલતી કોઇ ન જાણે તેમ મ્હેલમાંથી ઉતરીને એકદમ એકલી દીવાની દમયંતીની પેઠે મદમસ્ત હાથીણી વત વીદાય થઈ ગઈ. મનમાં બરબડતી વનમાં ચાલેલી શ્રીદેવી અનેક તુરંગી લેહેરોને મથાલે ચડી ગઈ. તેણી બોલવા લાગી કે,

દુનીઆમાં નાનાં વા મોટાં ગમે તેવાં ઘર કે કુળમાં મનુષ્ય જન્મે તોપણ, પ્રારબ્ધ યોગ ભોગવવો જોઇયેજ.

કામ ! ! કામ બહુ બુરી ચીજ છે.

કામ ! ! ! કામ મારે વીશેજ, માબાપને વાસ્તે કાં નહીં ? કદાચ તેઓ સાથે છે. પણ બીજા વૃદ્ધોને સારૂ કાં નહીં ? નહીજ, એ બધું અવસ્થાને અનુસરીને થાયછે. યૌવન ! ! હા ! ! યૌવનજ આટલો ઉત્પાત્ત કરાવે છે. કામ યૌવનનું ભુષણ છે, ત્યારે મને કટંક રૂપ કેમ સાલે છે ? તે તો તપાવે છે વાસ્તવીક રીતે ભુષણ જેમ શોભાદાયક તેમજ તાપદાયક પણ છે. દુઃખે સુખ પ્રાપ્ત થાય છે દુઃખ નથી, તો સુખ કયાંથી ? પ્રેમની ફાંસ, વાંસની ફાંસથી કઠોર છે. વાંસની ફાંસ વીષેશ પગમાં પેસેછે, પણ પ્રેમની ફાંસતો છાતીમાં પેશી -હૃદયને ભેદે છે. જેથી તેણી વધારે સાલે છે. સોના અને કુંદનના ન્યાય પ્રમાણે જે બને છે તે રાસ્ત છે. શરીરના સ્વભાવથી તે દુઃખનો કંપ ધરાવે છે. જેથી મન પોતાના સ્વભાવને અનુસરી ને દુઃખ માને છે. એ બધું થાય છે. પણ મારો ઠરાવ, અરે મારો નીશ્ચય. અને મારા પ્રીયકર કોક પ્રત્યેનો મારો નીર્મલ પ્રેમ, મારા નેમને અધીકાધીક આગળ ઉશકેરે છે. તન—મનના દુઃખને

તે કશો પણ ગુણકારીતો નથી તેતો વધુ વધુ આગળ ધકેલાતો જાયછે કહેછેકે, કોક વગર ફોક પાછી ફરીશના. ઉદ્યમથી લાભજછે.

ઉદ્દયોગે વધે લક્ષ્મી, ઉદ્દયોગે ગુણ વધે;
ઉદ્દયોગે રૂપરંગ મળે, ઉદ્દયોગેજ સુખ બધે.

જેથી ઉદ્દયોગ છોડવો ઘટેજ નહીં. જે લાભ થશે તે ઉદ્યમથીજ "હીરા" મેળવવા "હરી" જેવા પણ પ્રયત્ન કરેછે. એનેજ વાસ્તે રાજ રજવાડાઓ લડી મરેછે. અને એનેજ સારૂં શ્રીદેવી એકલી રાતના રણુવાસ છોડી રાનમાં રખડેછે. હા! હરી!! હા! હરી!!! એમ બોલતી બોલતી બેશુદ્ધ જેવી સ્થીતીમાં ઉતરી ગઈ. અને ગાંડીની પેઠે આમતેમ ભમવા લાગી. હવે તેણી વાટઘાટથી પણ આડી ઉતરી ગઈ. આડે રસ્તે કાંટા ભીંટાઓમાં પડતી પછડાતી હીંડવા લાગી. રસ્તામાં પશુ પંખી જે કોઈ મળે તેને કોકના ખબર પુછવા લાગી. મુખેથી દુ:ખના ઉદ્ગારો ઉડાવતી એક મોટા વૃક્ષને જોઇને પૂછવા લાગી કે:—

"હે તરૂવર તજ શાખા, ગઈ ગગન મોઝાર
પ્યારા મારાને શોધવા, કર મજપર ઉપકાર'

ત્યાંથી જવાબ ન મળવાથી સામે આવેલાં એક રીંછને પુછવા લાગી કે:—

'કામળી ઓઢી કાળીયા, જાતીનો ભરવાડ;
કોક શોધ કરી આપ મુજને, માનીસ તારો પાડ'

રીંછ તેણીની દુર્ઘટ સ્થીતીથી ડરીને નાસતો થયો. તેથી બહુ અકળાએલી બહેબાકળ શ્રાદેવી વધુ વધુ દુ:ખી થતી આગળ વધી. પહાડ, પથ્થર, ઝાડ, બીડ જે મળે તેને કોકના ખબર

પુછતી કોકના નામથી પોકાર પાડતી શ્રીદેવી અંધારે આમ તેમ અથડાતી આગળ આગળ ચાલતી થઈ. ચાલી ચાલી ચાલવાજ લાગી. રાત અંધારીને વળી મેઘલી. અઘોર જંગલ અને વન પશુના ભયંકર નાદોથી એક બેજણુનીતો એ રસ્તે નીકળવા હીમ્મત દીવસના પણ ન ચાલે.

એવા ઘોર અરણ્યમાં ચાલી જતી શ્રીદેવી વીજલીના ચમકારા પ્રત્યે બોલી ઉઠી કે:—

નગરજ નકામી નીર્લજ, દેખાડમાં તુજ તેજ;
નીરાધાર તું એકલી, ચમકી નાશે એજ,

બીજું તારામાં શું છે? જેટલીઓછો તેટલી બધી મારા જેવી એકલી, વીયોગી, દુઃખી અને નીસ્તેજ. જોની આજની રાતડલી કેવી વીયોગી અને કાળીભઠ્ઠ પડેલી છે તે. તારા ચમકાટથી જરા ઝબકી પાછી કાળી પડેછે. સાંભળ :—

પતી તારો નારાયણ, અસ્ત થયેલ આવાર,
બની બેની રાતડલી, તેથી તું નીરાધાર;
વીયોગ જવાલા સાલેછે, જેથી પડી તું શ્યામ;
હવે તારા અમલ વીષે, કેવાં થાશે કામ.
ચોર જાર જુગારીને, સારી મળશે તક;
સુઘડ સુભગા સતીને, સત્વર ઠગશે શઠ.
એવા અઘોર કર્મની, તું છો મદદગાર;
નાશ્રય તજ દુઃખીને, શોધવા તેનો યાર.
ધીક વીયોગી નારીને, જે તુજ જેવી હોય;
પતી વીસારી પોતા તણો, દુષ્ટો સાથે સોય.

વીયોગ થયો વાલા તણો, પ્રાતેઃ થાશે ભેટ;
શીદ અધીરી થઈ ગઈ, ફુટયું તારૂં પેટ,
નારી પણ નીર્લજ ખરી, સ્વતંત્રતાનો શોખ,
નારાયણ છે ભોળડો, રોજ ગણાવે રોખ.
તુજ સોબતમાં મુજને, મેલો લાગશે ડાગ;
પ્યારા મારા તે કોકને, બોલવા મળશે લાગ.
રજક તણાં રોદડાં થકી, હરીએ ખાધી હાય;
દાગ લગાવી જગજનની, કરી વન વીદાય.
મસાણ માર્ગે આવી ચઢી, ભડ ભડ બળે લાહ્ય;
હાય મજમન વીષે, એવીજ બળે છે લાહ્ય.
કયાં જતાં કયાં આવી ચડી, જવું જોશે કયાં;
કૃપા કરે જગદીશતો, કોકજ મળે ત્યાં.

'ઘરની લાગી વનમાં ગઇ વનમાં લાગી આગ. આમ ભટકતી ભટકતી અને મનનાં ઉદ્ગારો કાઢતી શ્રીદેવી સ્મશાનમાં આવી પહોંચી. પણ ત્યાં તેણીને કંઈ નવુંજ દેખાયું. સ્મશાનમાં ઉભા રહેતાંજ તેણીના કાનમાં કંઈ મંજુલસ્વરથી રગ ઝકાતા શબ્દો ગયા. જેથી સાંભળવા આગળ વધી, આડી ઉભી રહી? પ્રીય વાંચક!! 'પડ પડ તો સદાવડો પડ' એ ન્યાયે શ્રીદેવીનો ભવીષ્યકાળ તેણી પોતાની નજરે જૂવે છે. અંધારી અને ભયંકર રાત, રાજબાળા, રણવાસી, સુકુકાર, વીદ્યાર્થી અને નારી જાત શ્રીદેવીને આ છાતી ફાટ સ્મશાન અને તેમાં કોઈનવીન ચમત્કાર નીહાળીને તેણીનાં મનમાં શી અસર થવી ઘટે છે તેનો વીચાર તારીજ બુદ્ધીને કરવા સોંપુ છું.

પ્રીય વાંચક ! ! ! હવે જો, શ્રી દેવીના જોવામા શુ આવ્યુ તે.

એક માણુસ ઉભો અંદર ફરી આવે એવી એક જબરી ભઠી પર સરાસરી પચીસ મણ પકકા તેલની એક કડાઈ ઉકળતી હુતી, તે ભઠીમાં બળતાં કાષ્ટોના પ્રકાંશથી આખી સ્મશાન ભુમી ઝળકી ઉઠી હુતી. વળી આસપાસ બળતાં મુકી ગયેલા શુદ્ર લોકો નાં મુડદાં ભટકી રહયાં હુતાં. તો બીજી બાજુ લીલાં હાડકાં માંથી નીકળતાં ફાસ ફરસ સાથે બહારની હુવા, મળી ભુતના ભડકા થતાં અને ઓહુલાતા હુતા. આવા નીર્જન ભયંકર સ્મશાન માં શ્રી દેવી પાંચ માણુસોને જોઈને આનંદ પામતા હીમતમાં આવી.

પ્રીય વાંચક !!! આ પાંચ માણુસોમાં બે પુરૂષ એક સ્ત્રી, એક કુંવારીબાલા અને એક રાજકુમાર બાળક હુતો. તેલની કડાઈ આગળ તે પાંચ જણનું આવવાનું કારણ શ્રી દેવીને અંતે જણાયું; પરંતુ સમક્ષ જઇને પુછવાની હીમ્મત ન ચાલવાથી તેણીને તેઓની રકઝક સાંભળતાં ત્યાંજ ઉભા રહેવું પડયું. તે પાંચે જણાં ન દેખે તેમ આડી થઈ ઉભી રહી. અને તે પાંચ વર્ગના વાક્ તરફ ચાલાકીથી ચી-તદઈ ચકોર રાજરત્ના સ્થીર થઈ.

પ્રીય વાંચક ! ! ! હુવે તે પાંચ વર્ગમાં એક મહુામંત્રી નામનો જાદુગર, બીજો માગ્ધ દેશનો માગ્ધ રાજા, ત્રીજી માગ્ધ રાજાની મુગ્ધા નામૃની રાણી, ચોથી માગ્ધદેશના રાજાની પુત્રી સુર્યપ્રભા અને પાંચમો માગ્ધરાજ કુમાર શરધર હુતાં. સુર્યપ્રભાને વશ કરવા મહુામંત્રી મથતો અને માગ્ધરાજ તથા શરધરને

પ્રાણનો ભય દેતો હતો. તે જોઈ પોતાના કુટુંબના રક્ષણ સારૂં પ્રાણપર આવેલો મગધરાજ મહામંત્રીને ક્રોધથી કહેવા લાગો કે, 'એ નીમકહરામ કુતરા, હવે તું શું જોયછે ? હદ આવી ગઈ પેટના કીડા પેટને ખાય તેમાં નવાઈ શી ?

મહામંત્રી—રાજા એકવાર માન. હજી એકવાર માન ગર્વ કરમાં, અભીમાની બનમાં, અભીમાનમાં ને અભીમાનમાં વીલાસ સુંદરી ગુમાવી, અહંકારમાં ને અહંકારમાં રાજ ગુમાવ્યું. અને મમતાં ને મમતાંમાં તારો અને કુંટબનો કાં નાશ કરાવવા તૈયાર થયો છે. જો સમજ તો, તારૂ રાજ તને પાછું મળશે.

મગધરાજ—વીલાસ સુંદરીનું હરણ કરાવનાર તુંજ છે, અને સુર્યપ્રભાને માટે પણ મારા શત્રુઓને તે જગાડયા છે. પણ એ નીચ ! એ અસુર અને અનીતીના કાર્યો કરનાર મારા સુખનો, મારા વૈભવનો, મારા રાજનો અને મારા કુટુંબનો નાશ થશે તોપણ હું તને અને મારા શત્રુઓને વશ થઈ મારી જાતને કલંકીત કદી પણ કરનાર નથી. માટે જોયછે શું? કર તારી તલવારનો ઘા અને ઉરાડ મારૂં ગરદન રાજ જજો પ્રાણ જજો પણ લાજ ન જજો.

મહામંત્રી—એમતો પછી મારી તલવાર તારે માટે તૈયાર છે. તું એમ માનનાર નથી. તારી હૈયાતીથી તારી સુર્યપ્રભા મને વશ થનાર નથી. માટે તારો નાશ કરવાની પ્રથમ જરૂર છે. એટલું કહેતાજ મહામંત્રીએ મગધરાજાનું શીર ઉરાડી મુકયું. પછી સુર્યપ્રભાનો હાથ પકડીને કહયું કે, 'મારે વશ ન થવાથી પ્રથમ તારા બંધુનો તારી માતાનો અને પછી તારો નાશ થશે.'

શરશ્વર—સરખો બોલ બેવકુફ, પ્રથમ બંધુનો પછી માતાનો અને આખરે બ્હેનનો નાશ થશે. હાથ છોડી દે. શરમાતો

નથી એતો તારી પુત્રી શમાન છે.

મહામંત્રી—કંઈ હરકત નથી. જેને રાજ લીધું છે તેને વશ થવું છે. માટે સમજ. એમાંજ લાભ છે.

શરધર—રાજ મારી અને મારા પીતા સામે લડીને નથી લીધું પણ કપટથી લીધું છે.

મહામંત્રી—તું બાર વર્ષનો બાલક શું લડવાનો હતો ?

શરધર—શું ? શું, અંકુશ કેટલી લંબાઈનું હોયછે.

મહામંત્રી—મદમસ્ત કરી ઉપર અંકુશ ચલાવનાર માવત તો તેવો જોઈયે.

શરધર—માવત તેજછે. જે તારા રાજાને કદી પણ વશ થનાર નથી.

મહામંત્રી—વશ ન થવાથી ત્રણ જીવની નાહક હત્યા થઈ જશે તેમાં ફળ શું ?

શરધર—મુર્ખ છો. રાજબીજ અને રાજરાણી રાજ તથા ધર્મને સારૂં અથવા ગૌબ્રાહ્મણના રક્ષણ સારૂં પ્રાણાંત નહીં સ્વીકારે તો બીજે કયાં ?

મહામંત્રી—ભાઈ, બાલકપણું મકર, તેમાં કાંઈ હાંસીલ નથી.

શરધર—કીર્તી રૂપી હાંસીલ, એથી ક્ષત્રી બચ્ચાઓને બીજું વધારે શું છે ?

મહામંત્રી—તું બાલકછો. જેથી તને વધારે કહેવું વ્યર્થછે.

શરધર—વ્યાલ પુત્ર બાલક હોઇને પણ ડંસ સાથે પ્રાણ હરેછે. સીંહ સુત બાલક હોઇને ગજ ભક્ષ કરેછે. ક્ષત્રી પુત્ર હું, કાંતો તારાં નહીં તો મારા રૂધીરથી પીતૃ તર્પણ કર્યા વગર પાછો હઠું તેમ નથી.

કુંવરને કઠોરતા પર આવેલો જોઈને આવેશમાં આવેલી માગધ પત્ની બોલી કે, 'હે મુર્ખ મહામંત્રી ! ! તને પ્રથમ મહારાણા માગધ મહારાજાએ આશ્રય આપી ઉછર્યો તે દુધ પીને ઉછરેલા સર્પની પેઠે તેમનેજ ડંસયો. છતાં તેના વંશનો ઉચ્છેદ કરવા માંગેછે. ત્રણની હત્યાથી પણ ડરતો નથી, જા, મુર્ખ ! ! ! ધીઃકારછે ! ! ! તને અને તારા ઉસ્તાદને 'પણ' નીમકહરામ દુષ્ટ, ચંડાલ, વીશ્વાસઘાતી અને કઠોર કર્મી તારૂં બળ અજમાવ.'

સુર્યપ્રભા—જો કે હું શુદ્ધ વૃત નેમી હઉંતો અંત સુધી પણ મારા વડીલોની મર્યાદા લુટવા દેનાર નથી. મારી મર્યાદા તોડાવનાર તેજ કુલના છતાં કુલાંગાર જેવાંછે. જેઓ પોતાને કુલની મર્યાદા તોડવા કુલપુત્ર, કુલપુત્રી અને કુલમાતાનો પણ નાશ કરાવેછે. તેઓ પોતાનાજ પાપથીજ આપો આપ પ્રલય પામી જશે, મારી બ્હેન વીલાસ સુંદરીનું હરણ કરાવ્યું તેથી તું ફાવી ગયોછે. એમ ધારી મને વશ કરવા માટે મારા પીતાનો નાશ કર્યો. અને અમારો નાશ કરવાની બીહીક બતાવે છે. તેથી તે તારી બીકથી ડરી જઈ શું હું અને મારી માતા અને મારો બાંધવ તને વશ થશું ? નહીં નહીં ? કદી પણ વશ થનાર નથી ? પ્રાણજતો હોયતો હમણાજ જાઓ. પણ લાખેણી લાજ તો નહી જવા દઈએ.

રાણી—અરે ઓ નીમકહરામ કુતરા ! મોત, મોત, મારૂં, મારા પુત્રનું અને પુત્રીનું તેના પીતાના સાથેજ થઈ ચુકુંછે. રાજ ભ્રષ્ટ રાજકુમાર જીવવા કરતાં મુવો સારોછે. એ પણ એક રાજનીતીછે. રાજરાણી હું પતી પાછળ સતી થવાને યોગ્ય છું. જેથી અમારૂ મર્ણ અમને મોક્ષદાયક અને બ્યાજબી વખતનું

છે. આબરૂં મર્યાદાના સંરક્ષણ દાખલ અને ધર્મને અનુસરીને જોકે, અમે મા દીકરી અને દીકરો હોમાવા તૈયાર છીયે, પરંતુ તારી કુટીલ વીદ્યાની પ્રાબલ્યતાથી મારી પુત્રી તારા હાથે કદી ચઢનાર નથી; નહીંજ, નહીંજ. તારા જેવા દશ આવશે તો પણ નહીંજ, એક વખત મારા બાલ શાર્દુલને છુટો મુક, પછી હું કે, જે, એક તારા જેવા એકસોને ભક્ષ કરી જનાર મારો હાથ દેખાડી પછીથી પડીશ, મારા પહેલાં મારા પતીની સેવામાં તને હાજર કરવા મારો આ બાર વર્ષનો બાલક બહાદુર બસ છે.

મહામંત્રી—હે મુગ્ધા, દુગ્ધા તજીને તારી સુર્યપ્રભાને સોંપી દે. જો તેમ નહી થશે તો ખુંવારી થશે. રાજ આજ્ઞા આગળ હું લાચાર છું.

મુગ્ધા—હે નીમકહરામ તારો રાજા કોણ? કયાં? અને તેની આજ્ઞા શું? તેં આજ નીમકહરામીની આજ્ઞાનો અમલ કરવા ઈચ્છા કરી હોય તો તેમ કર. જેથી તાદી દુષ્ટતા પુર્ણ થશે.

મહામંત્રી—દુષ્ટતા નહીં, વેર! વેર!! વેર!!!

મુગ્ધા—શાનું વેર? વળી વેર શું?

શરધર—એ દુષ્ટને ખવરાવી, પાલીને પોષ્યો તેનું વેર, બીજું શાનું?

મહામંત્રી—નહીં, નહીં, વીલાસ સુંદરી મારી સાથે નહીં પરણાવી, અને જે કુળની કન્યાની સામે ન જોવા મેં તાકીદ આપેલી, અને તેનુંજ મગધરાજે હરણ કરેલું તે વેર. તે તે તેજ વેર તેજ. ઘણા જુસ્સામાં આવીને મહામંત્રીએ વચનો બોલ્યો તેથી ચોંકેલી મુગ્ધા બોલી કે, 'હશે, તારા વેરને અમે જાણતાં નથી' જેની સાથે વેર હતું તેતો તેં લીધું. તોપણ તારૂં વેર પુરૂં

થયુ નથી. અને રાજપાટ, ઘરબારથી વીમુકત થયાં છીયે. છતાં તારી દુષ્ટતાને અનુસરીને તારે જે કરવું હોય તે કર. અજમાવ તારા બળને. ઉખલમાં માથું રાખ્યી મુસલથી ડરવું શું? અમને તારી કંઈ પરવા નથી.

જ્યારે મુગ્ધા અને સુર્યપ્રભા કોઈ પ્રકારે પણ ન સમજી ત્યારે મહા મંત્રીએ લડવાને ઝડપેલા શરધરને જાદુ વીદ્યાથી પતીબંધ કરી અધર ઉપાડી લીધો. અને ઉંચે સ્વરે ઘાંટો પાડીને જુસ્સાથી બોલી ઉઠયો કે, 'હે! મુગ્ધા હે મુર્ખી !! હે દુષ્ટ !!! હે પુત્ર હત્યારી. ધીઃકકાર છે તને કે આપત્કાળના ધર્મને અનુસરીને ચાલવાને બદલે તેનો ત્યાગ કરેછે. તો જો, હવે આ તારા પુત્રને ઉકળતી આ તેલની કડાઈમાં તળીને મારી ભુતાવળને ભોગ આપુ છું, એવી સંસ્થા તેની કરીને પછી તારી પણ કરી નાંખું છું. પછી સુર્યપ્રભા શું કરશે ?

મુગ્ધા—ભલે ખુશીથી. તારાથી થાય તે કરી લે. ઈશ્વિર છે. સૌને બદલો મળેજ છે, અંતે પણ તારીએ તેજ દશા છે. કરીશ તેવું ભરીશ. એટલું કહી સુર્યપ્રભાને સદ્દબોધ આપીને કહયું કે.

'સત્ય સદા તું શોધજે કરજે તારે હાથ,
મધુર શેરડી રસ ગ્રહી, વર્જ શેષને સાથે.
ભલે રહયું તે મીત્રમાં કે શતરૂની પાસ;
વેદ વચન કે જૈનમાં, શુધ્ધ વાત કર કયાસ,
બાઇબલ કે કોરાનમાં, નીર્મળ નીજ હોય,
કંટક કોરે મુકીને, ગુલાબ લેવું કોય.'

સુર્યપ્રભાને આ પ્રમાણેની શીખામણ આપીને છોકરાનો ભયંકર વખત જોઈ આંખ વીંચી ગઈ, એટલામાં દુરથી સબુર સબુરનાં શબ્દો સંભલાયા જેથી મહામંત્રી ચમકયો. એટલામાં બે ઘોડેસ્વાર ત્યાં આવીને દાખલ થયા. ઘોડેસ્વારે આવતાજ નીચે પ્રમાણે રાષ્ટ્રાર્ડ સંભળાવ્યો.

ઘોડેસ્વાર—એય મહામંત્રી ! ! ! હજુરકા હુકુમ હુવા હય કે ઈન તીનો કેદીઓકો અભી દેહાંત મત કરો. લેકીન કૈદ કરદો. સરકારના દુસરા હુકુમ પૂરે જબ તક તુમારી મહા ગુફામેં પહરેજ રખો. ઐસા સખ્ત હુકમ હે.

એટલું કહીને સ્વારો રવાના થયા. અહીં મહામંત્રીએ પોતાની વીધાને રાજાજ્ઞાથી સંકેલી મંત્રબલથી ભઠ્ઠીને શાંત કરીને કડામાનું તેલ ટાઢુ પાડી દીધું અને ત્રણેને પોતા સાથે લઈ મહા ગુફા તરફ વળ્યો. તેની પાછળ શ્રીદેવી વીચાર ગ્રહસ્થ થઈ.

હવે શું કરવું ? અને કયાં જવું ? તેનો વીચાર કરવા લાગી તેણીમન સાથે બબડી ઉઠીકે,'કામી પ્રેમને સદા ધીઃકકાર હજો? પણ ધર્મને સદા ધન્યજ છે. જે આપત્કાળે પણ આડો આવે છે,

'ધીઃક દુષ્ટ કામને, જે કારણ પ્રીત થાય;
પુરવા પાપી તુજને, વન વનમાં ભટકાય.
ધન્ય ધર્મ ધારણા, નુર કીર્તી વધતી થાય.
ધીઃક ધુર્ત નારીને, જે ધર્મહીણ પંકાય.

આપત્કાળે પણ ધર્મને અનુસરી રાણી મુગ્ધા પોતાના પુત્ર સાથે દેહાંતથી બચી. ધર્મની ધારણા તેનોજ વીશ્વાસ અને આશ્રય જેવું ઉત્તમ દુનીયામાં બીજું કંઇજ જોવામાં આવતું નથી,

ભોળપણુ અને નવી ઉમ્મરના કામના આવેશથી, હઠી પ્રતીજ્ઞાને લીધે મોટાઈના મરતબાથી પરદેશીની ફાંસમાં ફસાએલી મારા જેવી કુમારીકાઓ પણ માગધ રાણીની પેઠે ધારણા યુકત ધર્મને ધારણ કરે, તો ઈશ્વિર તેણીની પેઠે તેણીનું પણ રક્ષણ કાં ન કરે? કરેજ કરે. તે ધર્મ ધુરંધર કદી નજ છોડે. તેનો આ તાજોજ દાખલો માગધસતીનોજ નજરે જોયો છે. જેથી તેપર હીમ્મત કરીને હે જીવ!! હાલ આગળ. જે બનનાર હશે તે બનશેજ. બની તે જોઈ, તેમજ બનશે તે પણ જોશું. પ્રારબ્ધનો ઉપયોગ કર્યા વગર કદી પણ ચાલે તેમ નથી. એમ વીચારતી આગળ જતા ચાર પાત્રોની પાછલ પોતે પણ ચાલવા માંડયું. જતે જતે સ્મશાનથી દુર એકાદ મૈલ પર પહાડની ખીણમાં એક અંધારી અને ભયંકર ગુફા પાસે જઇ ચઢયા.

ગુહદવાર બંધ હોવાથી તેને ઉઘાડવા મહામંત્રીએ મંત્ર પ્રયોગ ચલાવ્યો.

ગં. ગુફા ગુણગ્રાહી, ગં. ગુરૂકો માઇ.
જં. જાદુસું બનાઈ, દે. દરવાજા ખોલો માઈ.
ન ખોલો તો ઈસ્માલ જોગીકી દવાઈ.
ઓ ગાંગલી માઈકી ગવાઈ.

ખુલ્જા માઈ ખુલજા, ખુલજા એમ કહી ત્રણ તાળી થોકવાથી ગુફાનો દરવાજો ઉઘડી પડયો અને ચારે જણા અંદર ઘસતાં થયાં. તેમની પાછળ શ્રીદેવી ઘસવા જાયછે. તો ખોપરી વગરનાં એક હાડપીંજરે આડા હાથ લાંબા કરીને તેણીને અટકાવી. તેટલામાં ગુફાનો દરવાજો બંધ થઈ જતાં તેણી ચોંકીને પાછે પગલે હઠી.

ગુફાનું બારણું બંધ થતાં બીલકુલ એકલી પડેલી શ્રીદેવી અંધકાર અને એકાંત જંગલથી ધબકી જઇ મુર્છીત થઈ ગઈ.જેથી તે બે શુદ્ધ દશામાં ત્યાંજ પડી ગઈ.

પ્રીય વાંચક !! હુવે તેણીને ત્યાંજ પડવા દે. આપણે વળી કોઇ બીજે રસ્તે વળીચે. ઘણા પેટા રસ્તાથી તું મુંઝાતો હઈશ. પણ મગજ ઠેકાણે રાખીશતો તેમાંથી મોજ મેળવીશ. જો હુવે કે શ્રી દેવીતો ત્યાં એમજ પડી છે. અને અહીં એક રાજયોગી વીયોગી મનથી ભોગીપણું ત્યાગી નીકળેલો ચીત્તરોગ જેવો વીચારની મસ્તીમાં મસ્ત ચાલ્યો આવતો હતો. તે આવતો આવ તો શો વીચાર કરતો હતો તે તું હુવે તપાસ.

તે બરબડતો આવતો હતો કે ધી:કક, ધી:કક, ધી:કકાર તને, તારા નુરને, તારી ખુબીને, ખુબસુરતીને બુધ્ધીને, ચી-તને, પ્રીતને અને તારાં સર્વસ્વને ધી:કક; ધી:કક અને ધી:કકારજ હજો. હું સારી પેઠે જાણું છું, કે દુનીઆમાં પૈસાવાળા અભીમાની અને ગરીબ પ્રપંચી છે. શહાણા માણુસે મુરખાઓ સાથે સ્વર્ગમાં રહેવા કરતાં જંગલી જનાવરો સાથે જગલમાં કાં ન રહેવું.

હમેશાં નોકર, નારી અને નપૂટોની સોબત શુભટોને છાજેજ નહી. મીથ્યાભીમાની ધનવાનો અને મીથ્યાચારી ગરીબો બેઉ પક્ષ ત્યાગનેજ પાત્રછે. બંધુ છોડીને જતી થતાં પણ, પેટ કંઈ છોડવાનું ? ના, તેતો ભરવુંજ જોવાનું. ત્યારે પછી તેઓનો આશ્રય કરવાનોજ ? ના, તેપણ નહીં. આપણે ફકીરી શા માટે કરીચે છીચે. "રાજફકીર" તો છીચે, પછી ફીકર શી ? "કરના ફકીરી ફેર કયા દીલગીરી, સદા મગનમેં રહેના" "સદાનંદી" રૂપ આપણું છે. પેટ ભરવાને ખુદરતે વન

તૈયાર રચી મુકયું છે. પાકાં નહી તો કાચાં ફળતો મળશે. તે નહીં તો પછી પાતરાંનો કંઈ કાળ નથી. ઘણાં છે. સાધુભાઇને શું ? 'કોઈ દીન ઘી ઘણાં, કોઇ દીન મુઠી ચણાં; કોઇ દીન તેથી બમણા' તે પણ ન મળે તેથી શું ? જેના નામ પર ફકીરી છે તેનો પણ એજ ઠરાવ છે. કહયું છે કે, "ભુખમારૂં, ભોંય સુવાડું; તનકી પાડું ખાલ, એટલેથી જો ના ભુલે, તો તો પછી કરૂ ન્યાલ." જેથી તેનાજ નામપર મસ્ત રહેવું. કોઇ માલ મસ્ત, તો કોઈ હાલ મસ્ત.

"અજગર કરે ન ચાકરી, પંખી કરે ન કામ ;
રાજ યોગી યું કહેકે, સબકા દાતારામ.
રામ ઝરૂખે બેઠેકે, સબકા મુજરા લેત;
જીસ્કી જેસી ચાકરી, ઉસ્કું એસા દેત."

જેથી ધીરજથી યોગ પુરો પાડવો. અને તેનેજ નભાવી આખરે પહોંચવું.

હવે કોઈથી પણ વેર મીત્રતા રાખવામાં કશું ફળ નથી. સ્વદેશનો અસ્ત ; વીનાસ અને તેનું પરીણામ વેરથી થયું છે. તેજ નારથી, અને સ્વદેશનો ઉદય થનાર નથી, પણ આપણે આપણા આત્માનું શ્રેયતો જરૂર કરવુંજ જોઇયે. કાંકે—

" યોગીજી ખડા બજારમેં, ' દોનો દીનસે ' ખેર
ન કીસીસે દોસ્તી, ન કીસીસે બેર.

તેથી વેરરહીત થઇને આપણે હવે સ્વભાવથી સર્વત્ર શાંતીનો ઉપાય રચીને બીજા જન્મના સ્વદેશના ચક્રવર્તી થવા મથવું જોઇયે. " તપાંતે રાજયે " એ ન્યાય પ્રમાણે સર્વે ઉત્તમજ થશે. કારણકે, આજની આપણી સ્થીતી સુધરવાની નહીં, પણ લય

થવાની છે. ઈશ્વર બદલો બીજા અવતારમાં પણ આપ્યા વગર રહેવાનો નથી. જેથી સર્વેચ્છાનો ત્યાગ કરી પ્રારબ્ધનો ઉપભોગ કરતાં અરણ્યમાંજ વસવું ઉત્તમ છે. જગતની કરણી તરફ કશું પણ લક્ષ દેતા પહેલાં જ્ઞાની વેરાગી "કબીરા" નાં વચનો સંભારવાં જોઇયે.

"કબીરા તેરી કુટીયાં, ગલકટોંકે પાસ;
કરેગા સો ભરેગા, તુ ક્યું હોય ઉદાસ."

એજ ન્યાય ઉત્તમછે. "કર્ત્તા સોજ ભર્ત્તા" બીજાને કશું લાગે વળગેજ નહી. એ સીદ્ધાંત આદી કવી "વાલ્મીકે" પણ અનુભવેલો છે. જેથી મારે પણ તે માન્યજછે. આવા વીચાર સાથે ચાલ્યો જતાં એકદમ પગને કોમળ ઠોકર લાગવાથી થડકીને ઉભો રહયો અને શું છે તે જોવાને ચકમક ઝારતો વાંકો વળ્યો; તો ત્યાં કોઇ તરૂણ સૂતેલો જોવામાં આવ્યો.

આ તેજસ્વી તરૂણ કોઈ રાજબીજ જેવોછે. વળી નવ યૈવન અને બાળ બ્રહ્મચારી છે. તે આવી દુર્ઘટ જગ્યામાં અને દુસ્તર સ્થીતીમાં કેમ પડયો હશે? કંઇક કારણ હોવું જોઇયે. તે કારણ તેની જાગૃતી વગર જણાય તેમ નથી. સુતેલાને જગાડવામાં જરૂર પાપછે. પણ તે કેવી રીતે સુતો છે. તે તપાસવું. તપાસતાં માલમ પડયું જે તે મોહમાં પડેલો છે. એ મોહ કેમ? અને કયાંથી થયો? તેનું કારણ શોધવું અવઘડ હતું. પરંતુ તેને મોહમાથી સાવધ કરવા રાજયોગીએ પ્રયત્ન ચલાવવા માંડયો. કંઇ ભસ્મ ભભુતી, ફુંક ફડાક કરીને તેણે યોગ પ્રયોગનો ઉપયોગ કરવા માંડયો, જેથી કંઈક વખતમાં સુતેલ તરૂણ શુદ્ધીમાં આવી જાગૃત થઇ સામું જોતાં એક નવીનંજ અબ્દુત જોવામાં આવ્યો.

આ અવધુત કોણ અને ક્યાંથી? આ વળી ત્રીજી શી જાગી? એના વીચારમાં શ્રીદેવી સ્તબ્ધ ઉભી રહી.

એટલામાં યોગી બોલ્યો કે, 'હે રાજબીજ!!! તું કોણ? ક્યાંનો? અને અહીં કાં આવેલો છે. તે હું જાણવા ઇચ્છુંછું હરકત ન હોય, તો મને જણાવ.

યોગીના બોલવા, ચહેરા તથા રીતભાતના દેખાવ પરથી તે કોઇ ખાનદાની સુપાત્ર સંત જણાવાથી શ્રીદેવી હીમ્મતમાં આવી અને ધીરજથી ધીમે સાદે બોલી કે, 'મહારાજ હું એક રાજરત્ન પોતાનાં પ્રારબ્ધનો ઉપયોગ કરૂંછું. તેનુંજ ફળ ભોગવુંછું. દૈવીચ્છાથી અંહીયાં પ્રાપ્ત થયેલછું. આ જગ્યાએ આ જગતના વીચીત્ર અને અદ્ભૂત ચમત્કારો અનુભવુંછું.

યોગી—તું કોણ? નર કે નારી છો?

શ્રી દેવી—આપને શું ભાસે છે? ગુરૂ.

યોગી—હું માનુંછું કે, તું સ્ત્રીલીંગ છે.

શ્રી દેવી—સ્ત્રી લીંગ કે પુલીંગ માનવાનાં માત્ર છે.

યોગી—કારણ?

શ્રીદેવી—નર છતે ના હીમ્મત હોય, અને નારી હીમ્મતવાન હોય તો પેલીને પુલ્લીંગમાં અને પેલાને સ્ત્રીલીંગમાં ગણવાને વાંધો શો?

યોગી—કશો નહીં. બાળા તારૂં નામ શું?

શ્રી દેવી—બાવા. મને શ્રી દેવી કરીને કહેછે. પણ આપ કોણ? અને કાં અહીં આવ્યાછો?

યોગી—હું એક તારા જેવો રાજબીજ રાજખટપટથી ત્રાસી સર્વસ્વનો ત્યાગ કરીને ચાલી નીકળ્યોછુ. ઇશ્વર યોગે તારો

મેળાપ થયો. તેથી ખડો રહયો. તો તું અહીં શું કરેછે? તે મને કહે.

શ્રી દેવી—અહીં એક જાદુખોરે પોતાની જાળ ફેલાવીને તેમાં મહારાણી માગધ રાજપત્ની અને માગધશ રાજબીજને માંહી ફસાવેલાં છે. તેઓ આ ગુહામાં ઘુસી ગયાંછે અને મને તેના જાદુએ અટકાવી છે. તેથી હું અહી થોભી રહીછું. ને પરીણામ જોઈનેજ પાછી વળીશ, વચ્ચે નહી, એવો ઠેરાવ છે.

યોગી—બાળ અને સ્ત્રી હઠથી તું ખેવડાઇ ગઇછો. દુનીઆ પ્રપંચથી ભરેલી છે. તેનો છેડો કોઈ દીવસ પણ મળે તેમ નથી. અમો સર્વ અનુભવ મેળવી ચુકેલા એક મોટા રાજવીછે. તે સઘળાં ફોકટનાં ફાંફાં છે. જો સાંભળ.

“ લક્ષ્મી સારૂ લખપતી, ભુમી સારૂ ભુપ;
કામી કામીની સારૂ, અનેક ધરેછે રૂપ.
પ્રપંચથી પેટ ભરી અને, ભપકાથી ફુલે બહુ;
સમજ બાળા સરખાં છે, રંકરાવ સુધી સહુ.”
શ્રીદેવી—અનુભવી આપછો, રાજવી શુર સુજાણ;
જગત જોઈ પરવર્યા, પરમેશ્વરને પ્રયાણ.
હું હુજી ઈચ્છા ભરી, જોવા ચાહું જગત;
જોગીજી જેથી વીનવું, કે-મ-કરજો ભગત.

મહારાજ ? જે કાજ હાથમાં લીધું છે. તે પાર પાડયા વગર હું કદી પણ હઠનાર નથી.

યોગી—બાળા ! ! ! તું જાણેછે ? કે દુનીઆના પ્રપંચો અને તેમાં પણ વળી રાજ પ્રપંચો બહુજ દુર્ઘટ છે. તું રાજબીજ હોવાથી રાજ ખટપટની અનુભવીછો; જેથી વીચાર કર.

શ્રીદેવી—મહારાજ વીચાર એજ, કે મારો નીશ્ચય બર જાય. અને રાજ પ્રપંચથી પાર પડું. એવીજ આપની આશીશ પણ મળે.

યોગી—રાજખટપટથી હું બહુજ કંટાળેલોછું. તેનું નામ સાંભળતાંજ મને ત્રાસ છુટે છે. અને તેથીજ હું સાધુ થઇ ગયો છું.

શ્રીદેવી—ગમે તેમ હો!! જો તમારાથી મને મદદ દેવાય તો દો, નહી તો પધારો મહારાજ. હું તો અંતસુધી પણ ખસનાર નથી.

યોગી—હરીચ્છા. બનનાર મીથ્યા નથી થવાનું. તારો નીશ્ચય દૃઢ છે. તો હરીની મદદ છે. "હીમ્મતે મર્દા, તો મદદે ખુદા" ગભરાઈશ નહીં. ઈશ્વર સાહ્ય કરશે. ઠીકજ થશે.

"જો ઈચ્છા કરી હો મન માંહીં,
રામ પ્રતાપ કચ્છુ દુર્લભ નાહીં.

તો તને પણ નારાયણ સાહ્ય કરશે. જેનો કોઈ નથી તેનો ઈશ્વર છે. મને હરીએ તારીજ મદદ સારૂ મોકલ્યો છે. ભગવદ્ કૃપાથી તારૂં કાર્ય પાર પડશે. તેમાં મારી મદદ મળશે. ગભરાઈશ ના. ધીરજ ધર. ફતેહ છે.

"ધરી ધીરજ ધારણા અને, ધીમો કરે કામ;
કરવા ચાહે ન્હાય તે, પણ થાય ધાર્યું રામ."

પ્રીય વાંચક!!! આડંબરથી હીમ્મત રૂપી આશા પાશથી શ્રીદેવીને સજજડ કરતાં રાજ યોગી સ્તબ્ધ પડી ગયો. તેની નજર બીજી તરફ દોડી, ચીત્તચંચલ થઇ ગયું. આકૃતીમાં વીકૃતી થઈ. પ્રકૃતી

બદલાઈ ગઈ; દીલના દુઃખની પેઠે મન વીહ્‌વલ થઇ ગયું: આમ અકસ્માત થવાનું કારણ શ્રીદેવી તપાસે છે તો તેણીને કાને ઘોડાના ડાબલા જેવા ભણકારા આવવા લાગ્યા. રાજયોગીને હીમ્મત આપતો બદલાઈને ઉલટો ગભરાતો જોઇ શ્રીદેવી ચમકી. ધીમે સાદે તેણી બોલી કે, 'હે મહાત્મા!!! હવણુ તો આપ મને હીમ્મત રૂપી શીક્ષણ આપતા હતા; અને એટલામાં આપજ કેમ ગભરાટમાં પડયા?' શ્રીદેવીના આ પ્રશ્ન સુધી આવતી બલા નજીક નજીક લગભગ થતી જણાણી. તે તરફ હાથ બતાવી રાજયોગી બોલ્યો કે, 'હે દેવી!!! જુવો, જુવો, પેલી આવતી ધાડ તરફ નજર કરો. કેવું સંકટ છે'?

શ્રીદેવી—શાનું તે સંકટ આવેછે?

રા. યો—તે એક મ્લેચ્છ મંડળ છે.

શ્રીદેવી—તેઓ આ તરફ શા સારૂં આવે છે.

રા. યો.—તમારા મદદનીશ યોગીને પકડવા.

શ્રીદેવી—તેનું કારણ?

રા. યો.—જેનું પદ લઈ પદ્‌ચ્છેદ કીધો તેને જીવથી પણ જેર કરી ઠાર કરવો.

શ્રીદેવી—મુવા એવા નીષ્ઠુર? મ્લેચ્છ શા સારૂં આપ પર ચઢી આવ્યા? તે જણાવશો?

રા. યો.—(જરા કંટાલાથી બોલ્યો) વૈશ્યોનો વાદ અને બ્રાહ્મણોનો લોભ.

શ્રીદેવી—એમ કેમ ઉલટું? વાદ બ્રાહ્મણોને અને લોભ વૈશ્યોને ઘટે છે.

રા. યો.--ઉલટા વગર ઉલટું કેમ થાય ! વખતજ વીપરીત છે. જેથી સર્વત્ર વીપરીતજ વર્તે છે. જય પણ વીપરીત પણામાંજ છે.

શ્રીદેવી—એ આફત અહીં પહોંચ્યા પહેલાં જેટલું કહેવાય તેટલું મને ટુંકામાં કહેશો કે ?

રા. યો.—મારો વીચાર એવો છે કે, એ આફત પહેલાં તમો અહીંથી વીદાય થઈ નીર્ભયસ્થાનનો આશ્રય કરો.

શ્રી દેવી—તમે શું કરશો ?

રાજયોગી—મારે તો રાજબીજના ધર્મ પ્રમાણે તેની સાથે ટક્કર લેવી પડશે ?

શ્રીદેવી--જ્યારે હું પણ તેમાનુંજ બીજછું જેથી સહાયકને સ્હાય થવું એ ધર્મ મારે માટે પણ અનુસરતો છે.

રાજયોગી--એવા સ્ત્રી હઠમાં નાહક દુઃખી થવાનો ઉપાય છે.

શ્રીદેવી--જે બનનાર હશે તે બનશે ? ક્ષત્રી સ્ત્રીઓએ રણભુમીમાં ઉતરવું એ ન્યાય નીતી અને ધર્મથી વીરૂધ નહી ગણાય. પણ જે મારૂં પ્રશ્ન ઉડાવી મેલવામાં આવ્યો તેની પુરતી થવાની ઇચ્છા છે.

રાજયોગી—વારૂં ? દેવી ઇચ્છા છે ? સાંભળો હું એક પૂર્વ દેશનો રાજા છું. શ્રીમંતી કરી મારી રાજધાનીનું નામ છે. અને શ્રીમંત શાહ એવું મારૂ નામ છે. હું નામાંકિત સોલંકી કુલનો એક રજપુત છું. મારા શહેરમાં કાકુ કરીને એક શ્રીમંત શ્રાવક વાણીઓ પાંચ સાત પેઢી થયા રહેછે તે પોતાના

દેશમાંથી એક સ્ત્રી પરણી લાવ્યો છે. તે સ્ત્રીની બેહુન જે તેણીના કરતા ન્હાની છે. તે પોતાની બેનને ત્યાં આવી હતી. તેણી એ બ્હુનો રાજરાણીની મુલાકાત માટે રણવાસમાં આવી હતી. ત્યાં રાણીના ભાઇએ શેઠાણીની બહેનની ખુબસુરતી પર લલચાઇને કાઇક હાથ ચેષ્ટા કરી, તેથી પોતાનું અપમાન થયલું જાણી શેઠાણી ઘર ગયાં બાદ પોતાના પતી કાકુને ઉસ્કેર્યો. કાકુ જોકે મારો બાલ મીત્ર અને નીષ્કપટી છતાં આ વખતે સાલીના અપમાનથી સસરાના ઠપકાની બીકે પણ મારા સાલા સામે મારી આગળ ફરીઆદ માંડી. મારી રાણીના હઠથી ઠરાવોનો વાંધો કરી મારે મારા સાલાને અપરાધમાંથી મુકત કરવા પડયો. જેનો દ્વેશ કાકુએ મોઢે ન જણાવતા મનમાં રાખ્યો. બાદ એકાંત બે વર્ષને છેટે કૃત વરમા નામનો કોઈ વીદ્યાન બ્રાહ્મણ મારી પાસે ભીક્ષાઅર્થે આવ્યો અને તેણે સવા લાખ સોના મહોર દક્ષણામાં માગી. મારૂં રાજ ન્હાનું હોવાથી આટલી રકમ ભરવાની મારી સત્તા નથી. એમ કરી માફ માગતાં કંઈ પણ આપ્યા વગર મેં તે બ્રાહ્મણને ખાલી નમસ્કાર કર્યા. જેથી તે અસંતોષ થઈ મારા પ્રતી પક્ષની સલાહથી કાકુને સરણે ગયો. કાકુએક ચાલાક અને ખટપટીઓ હોવાથી મારા આગલા અન્યાયને યાદ કરીને તે બ્રાહ્મણને દોઢ લાખ શોના મહોરો આપી. સવાલ કરતા પચીસ હજાર વધારે મલવાથી પ્રસન્ન થયલો બ્રાહ્મણ કાકુ પ્રત્યે કહેવા લાગ્યો કે, 'હું આપનું શું શ્રેય કરૂં ?' કાકુએ કહયું કે, 'ઉધ્ધત અને અન્યાય શ્રીમંત શાહનો નાશ કરવો. એટલુંજ નહીં પણ તેની રાજભુમી મલેચ્છ લોકોને કબજે સોંપી દેવી એટલી બનેતો ખટપટ કરો નહીંતો પ્રભુ ઈચ્છા થઈ રહેશે.

વાંણીઆની શાંતી અને મીઠાશના વચનોથી પ્રસન થયેલ કૃતવર્મા તુર્ત ત્યાંથી ઉઠી સ્વધામે ગયો. અને તેણે પ્રદેશની તૈયારી કરી. છ મહીનામાં તે ઈરાનના શાહ ત્રીજા તૈમુરલીંગને શરણે થઈ પોતે ભોમીઆ તરીકે ભેગો ચાલી બલુચીસ્તાનને રસ્તે સીંધ થઈ કચ્છના રણને ઓલંગીને હીંદુસ્તાનની હદમાં ઉતારી લાવ્યો. અને મારા દેશ પર ચડાવ્યો. જ્યાં હું બેખબર અને ગાફલ હોવાથી ફસાઇ ગયો. જેથી આ દશાને પામ્યો, પણ તેણે મને પકડી પાર મુકવાનો વીચાર કર્યો છે. કાંકે મારી હૈયાતીથી તે પોતાના ભવીષના કુલને નુકશાન જુવેછે.

રાજયોગીના એટલા બોલવામાં દલ ત્યાં આવી પહોંચ્યું. દોડતા દળને જોઈ રાજયોગીએ એકદમ ગુપ્ત હથીયારો ખેંચ્યા, જેથી ચમકીને શ્રીદેવીએ પણ તુરત પોતાના ગુપ્ત હથ્યારો તાણીને રાજયોગીની પીઠ પાછલ મદદ સારૂં ઉભી રહી.

ટુકડીના સરદારે મહોટે ઘાંટે કહયું કે, 'એજ મહાપુરૂષ, એજ છે. જુવોની કેવા મહાત્મા બન્યા છે. પકડો એને પકડો.'

યોગી—પકડો એ શબ્દો બોલતાં પહેલા પોતાના હથ્યાર સંભાળો. પછી જેનામાં સત્તા હશે તે પકડશે.

સરદાર—એ મીથ્યા છે. સો આગળ એકનું પ્રબળ કશું પણ કામ આવતું નથી.

યોગી—સો બકરામાં સીંહ એકલોજ ઘુમે.

સરદાર—પણ સો સીંહમાં ઘુમતા અઘરૂં પડેછે.

યોગી—કોણ કહેછે કે સીંહછે. પોત પોતાના મનમાં ગદ્ધા પણ મસ્તછે. કાંતો આ શ્રીમંત શાહ આજે તમને બધાને ઠાર કરી આ લોકનું રાજ્ય પાછું મેળવેછે. કીવાં તો પોતે ઠાર થઇને પરલોકના રાજ્યને પ્રાપ્ત થાયછે. એમ કહી એકદમ સરદારના શરીરપર વાર કર્યો. તે જોતાંજ સરદારના હુકમથી તેના શરીરપર સેંકડો વાર પડયા. આમને સામને ઝપાઝપી કરતાં ખુબ મારકુટ ચાલી, એક બીજા પોત પોતાના બચાવો કરતાં પણ શરીરમાં સેંકડો ઘા થયા અને રૂધીરની ધારાઓ ચાલી. અને ન્હાનો સુનો લોહીનો વોકરો બની ગયો. યોગી બેબાકળો બનીગયો. શુરવીરોના જબરા હાથી ટુકડીએ હાહાકાર મચાવી મુકયો અને તેથી ગભરાઇને યોગી નીચે પડયો. આ ત્રાસદાયક બનાવ જોઈને શ્રીદેવી એકદમ ટુકડી પર ઝુકી પડી. તેના તે સ્હાસથી સરદાર વધારે ગભરાયો અને ટુકડીના માણસો ત્રુટી ઝાડાની પેઠે જમીનપર દડવા લાગા. તેથી જયાં ત્યાં ગડબડાટ થઈ ગયો. આ ગડબડાટથી મહામંત્રી ચોંકી ઉઠયો. ગુફાનું બારણું એકાએક ઉઘડી પડયું. સબની પીઠ પર બેઠેલો મહામંત્રી અરધા દરવાજાની બહાર આવ્યો. તેણે વીકાળ ઘાંટેથી પુછયું કે, 'અરે કોણ પાપીઓ આ મારી ગુફા આગળ આવું ભયંકર કાર્ય કરેછે. અબલા પર આવી આફત કોણ ગુજારેછે. એમ કહીને મહામંત્રીએ પોતાની મંત્ર જોતીનો પ્રકાસ કરી જેટલા આજુ બાજુના લોકો નજરમાં આવ્યાં તે મલેચ્છ જેવા જણાયા પરંતુ મંત્ર પ્રાબલ્યની જોતીથી ત્રાસીને તે લોકો

ત્રાસથી નાસતા થયાં. પછી ઘાયલ પડેલો રાજયોગી મ્લેચ્છ સરદાર અને હથ્યાર સાથે ઉભેલી શ્રીદેવી એ ત્રણેની મુલાકાત મહામંત્રીને થઈ.

મહામંત્રી—હે લોકો ! ! ! તમો કોણ ? કયાનાં ? અને કેમ અહીં આવ્યાછો. તે પોત પોતાની હકીકત ટુંકમાં મને જણાવો.

રાજયોગી—આપ કોણ ? અને અહીં કેમ ? તે જરા પહેલાં જણાવશો તો ઠીક. એમ મને લાગેછે.

મહામંત્રી—હું એક મંત્રયોગી અનુષ્ઠાની બ્રહ્મચારી છું. અને અનુષ્ટાન સારૂં આ એકાંત ગુફાને આશ્રયે સ્મશાન વાસ કરી રહું છું.

રાજયોગી— હું એક રાજકર્ત્તા પુરૂષ છું. પણ સામે ઉભેલા મ્લેચ્છ સરદારના રાજકર્ત્તાના કુટીલ ત્રાસથી ત્યાગી રૂપે રપુચક થઇ અહીં પહોંચી આવ્યોછું. મતલબતો મારો પણ અહીંજ એકાંત વાસ કરી આપના જેવાની મદદથી કોઈ રાજસ્વાર્થ "મહામંત્રી" નું અનુષ્ઠાન આદરવું. પરંતુ "કર્મણો ગહનો ગતી" એ નીતી પ્રમાણે અહીં પણ પ્રાયશ્ચીત આવી વળગ્યું. શું કરીયે ? પ્રભુ ઈચ્છા પ્રબલછે. તેની આગળ કોઈનો ઉપાય નથી. જેથી નીરૂપાય બની ઉભો છું.

રાજયોગીની વાત સાંભળ્યા બાદ મહામંત્રીએ સરદારને સવાલ કર્યો.

મહામંત્રી—કેમ યોધ્ધાજી ! ! ! આપ કોણ કયાંના ? અને કેમ આવેલા છો ?

સરદાર—હું આ સામે ઉભેલા રાજયોગીના રાજને હરતાનો એક લડવૈયો સરદાર છું. અને તેને પરહેજ કરીને લઈ જવા આવ્યો છું. પણ કામ કઠણ છે, ખુદા જાણે શું થાય છે. થનાર હશે તે થશે. પણ પ્રયત્નમાં પાછો હઠીને અપજશને પાત્ર થઊં તેમતો નથીજ.

નંતર મહામંત્રીએ શ્રી દેવી તરફ વળીને લાગ જોઇ ને પુછી લેવા પ્રારંભ કર્યો. શ્રી દેવી પણ તેના દેખાવ પરથી અંતરમાં કાંઈક સમજીને સાવકાશથી તથા હુશીયારીથી કામ લેવા કુશળતા પ્રદીપ્ત કરી. તેણી સાવધ થઈને સન્મુખ ઉભી રહી; અને મહામંત્રીના પ્રશ્નની વાટ જોવા લાગી. તેણી તરફ મહામંત્રીએ પુછયું.

મહામંત્રી—કહોજી ! ! ! આપ કોણ ? કયાંના અને કયાંથી કેમ પધાર્યાછો. આપ કોઈ નવયૌવન તરૂણ નર છો. જેથી ગભરાટ વગર ધીરજથી અને નીષ્કપટ પ્રપંચ રહીત વાતથી કારણ સહીત કાર્ય જણાવશો તો ઉત્તમ થશે. એટલુંજ નહીં, પણ યથાશક્તીથી અને તન મન ધનથી મારા તરફની મદદ મળવામાં કશી પણ કચાશ રહેશે નહી. કારણ કે, તમારી વય પ્રમાણે કારણ પણ વીચીત્ર હોવું જોઇયે. કારણ પ્રમાણે કાર્ય પણ કઠણ હોવું જોઈયે. અને કામ પ્રમાણે હામ પણજ ભારી કઠોર દેખાય છે. તેમ દામના પણ ભરપુર

જણાઓ છો તો પછી ઠામ પણ તમારે માટે ઘણાં મોજુદ છે. જેથી શંકા તોડી પ્રેમ જોડી, પ્રપંચ છોડીને ખરી હકીકત ધીરે ધીરે જણાવશો; તો જરૂર શ્રેય થશે.

પ્રીય વાંચક!!! મહામંત્રીના ગંભીરનો અને લાંબ સવાલનો ઉત્તર અનેક શબ્દના એકજ શોભીતા સારા મોટા વાક્યમાં દેવા શ્રીદેવીએ નીશ્ચય કર્યો. વીચારો પ્રગટી તુત વાકય ચીત્તમાં ચીતરાઈ ગયું. એટલે ધારણા ધીરજથી ધીમે સ્વરે શ્રીદેવીએ બોલવા શરૂઆત કરી.

શ્રીદેવી—વારૂ સાહેબ!!! "ગાજતે વાજતે માંડવે આવ્યું." સાંભળો. સાવધાન થાઓ. વીચારવા જેવું છે. મહા પરાક્રમી રાજયોગી શુરવીર સરદાર અને મહાકળાધારી મહામંત્રી તમો ત્રણ ઉપરાંત ગુપ્ત રહેલાં ત્રણ રાજબીજ અને એક ઈશ્વર એમ એકંદર સાત જણાં સમક્ષ હું મારી હકીકત કહું છું. (ત્રણ ગુપ્તમાં પહેલા રાજબીજ. એ ચોંકાવનારા શબ્દોથી મહામંત્રી ચોંકીને સાવધ થયો.) શ્રીદેવીએ બોલવું આગળ ચલાવ્યું. સાવકાશ રહો. ચોંકતાના કોઇ હું પણ એક રાજબીજજ છું. ગુપ્ત રાજબીજોમાંના પ્રથમની જાતનો છું. (એ બોલવાથી મહામંત્રીના જાણવામાં ખુલ્લું આવ્યું, કે તેણી પણ કોઈ રાજકુમારી (સ્ત્રી) છે. અને મારાં ચરીત્રને જાણેછે; પણ વધારે જણ ન જાણે તેથી તે મનમાંજ સમજી રહયો, અને આગળ સાંભળવા ઈંતેજારી દેખાડી.) જેથી શ્રીદેવી આગળ વધી. ને

બોલી કે, ' હું કોઇ કઠણ અને ગુપ્ત કાર્ય સારૂ અહીં આવેલ છું; પણ વચ્ચે કોઇ દુઃખી હોય, તો તેને પરમાર્થ દાખલ તન મન ધનથી મદદ આપી દુઃખમાંથી મુકત કરીને પછી પોતે આગળવધુ દુઃખ સહન કરવા વધવું વગેરે બીજું શું ? એજ.

પ્રીય વાંચક ! ! ! શ્રીદેવીનું માર્મીક બોલવું વધારે ચર્ચાવાથી પોતાને નુકસાન છે. રાજયોગી અને સરદાર આગળ પડઘો ફુટી જાય. તો દુઃખરૂપ નીવડે. જેથી અત્યંત કંટાળીને મહામંત્રીએ ચાલતી લીલા એટલેથી સમેટવામાં સાર જોયો. અને પોતાના મહામોહન મંત્રનો પ્રયોગ ચલાવ્યો. જેથી સરદાર રાજયોગી પાછળ, રાજયોગી નાસતા સરદાર તરફ ધસતો હોય, એવો એક બીજાને ભાવ થવા લાગ્યો. શ્રીદેવી જાણે પોતે મહામંત્રી પર ધસી જતી હોય એમ મોહાકર્ષણમાં ત્રણ દીશામાં ત્રણે જુદાં જુદાં તણાઇ ગયાં. અને એકલોજ મહામંત્રી ત્યાં ધણીપણાથી ઉભો રહયો, બધી બલા નીકળી જવાંથી; જંજાળથી મોકળો પડેલો મહામંત્રી નીવૃત્તીથી પોતાની ગુફામાં પાછો પેશી ગયો.

અહીં શ્રીદેવી સીધી પુર્વ દીશા ભણી મોહજાળમાં ચાલી જતી હતી. તેણી હવે મંત્રનો મોહ, કોકનો મોહ અને પીતાના વીરહથી વીવ્હળતામાં ઉન્મત્ત બનેલી બહેબાકળી બાવરીની પેઠે મસ્ત મનના તરંગોમાં રંગ બેરંગી વીચાર કરતી ગાંડીની પેઠે બકતી બરબડતી આગળ ચાલી. તેણી મનસાથે બોલતી જતી હતી. કે અહાહા ! ! ! હા દૈવં ! ! ! કોક કોક મારો શેખને

નજીક હીરો. “ કોક ” કોક બતાવો ખરા. ક્યાંછે ? શું કરેછે ? કેમ બોલતો નથી ? કયાંય દેખાતો પણ કેમ નથી ? શું થયું ? ક્યાં ગયો ? શું સંતાઈ ગયો ? શું મને બનાવેછે ? મારી મશ્કરી કરે છે ? મારી મઝાક બનાવે છે ? બહુ થઈ, હદ થઇ ? હવે સ્હેવાતું નથી. તેમ રહેવાતું નથી. અને કહેવાતું પણ નથી. પણ એવોતો નથી ત્યારે શું છે ? હું તો હવે કંટાળી ગઈછું. કંઇ સુજતું નથી. કંઈ જણાતું નથી. શું તેમને પેલા દુષ્ટ મહામંત્રીએ ગુફામાં તો નહીં પુરી મુકયા હોય ? નારાયણ જાણે. મહામંત્રીના કુતીમમાં તેઓ ફસાય તેમતો નથી. ત્યારે છે શું ? આપણે તો તે ગુફા જોવીજ છે. તેમાનાં રાજબીજોને તન મન ધનથી મદદ કરવા મારો દ્દઢ નીશ્ચય છે. તે પણ ચલાયમાન થવો ન જોઈયે. જન્મ ધરીને મારો આ પહેલોજ પ્રવાસ છે. પ્રવાસતો શું, પણ ઘરમાં ગામમાં રહીને પણ દુષ્ટો, દગલબાજો, પ્રપંચીઓ, લંપટ અને હરામીઓને કદી પણ જોયા કે જાણ્યા ન હુતા. હરીચ્છા બળવાન છે. કે જેનો મનમાં વીચાર પણ ન હતો. તેની સાથે અંધારે, એકાંતમાં અને ભરરાન તથા સ્મશાનમાં ગાંઠ પડેછે. અહાહા ! ! ! નસીબના ખેલ કેવા વીચીત્ર છે. બનનાર મીથ્યા થાયજ નહીં. આવાજ વીચારોમાં વીચારઘેલી શ્રીદેવી જંગલના મધ્યમાં ચાલી જાયછે, તે દરમ્યાન શીકાર વગેરેના કારણથી વનમાં ફરતા કેટલાક જંગલી લોકો મળ્યા. અને શ્રીદેવીને જોઇને તે નજીક આવ્યા.

જંગલીઓ—અરે, કોણ ? કયાં જાયછે ?

શ્રીદેવી—મુસાફર રસ્તે જાયછે. તમારે શું પ્રયોજન છે ?

જંગલીઓ—અમે અહીંના રહેનાર અને મુસાફરોના મંદદ ગાર છીયે.

શ્રીદેવી—મદદગાર કે લુટનાર છો ?

જંગલીઓ—નહીં, નહીં. આરામ દેનાર આરામ.

શ્રીદેવી—આરામ મનની બાબત બન્યા વગર કોઈ દીવસ મળેજ નહીં.

જંગલીઓ—મનની બાબત બનાવી આપીએ એવા છીયે.

શ્રીદેવી—સત્ય કે શું ?

જંગલીઓ—જુઠું, બોલે તેનો બાપ જુઠો.

શ્રીદેવી—વારૂં, ત્યારે તમારોજ આશ્રય સુખ દેશે. ઘણે દરજ્જે ગરીબોનોજ આશ્રય ઉત્તમ છે. એમ કહીને તેઓની સાથે સામેલ થઈ તેઓને આશ્રમે ગઈ.

પ્રીય વાંચક !!! એ જંગલીઓ ત્યાંના એક ભીલ્લ વનરાજના વનરક્ષક હુતા. તેઓ તે મહાવનનાં રક્ષણ સારૂ તથા રાજધાનીનો રસ્તો શત્રુઓથી બંધ રાખોને એક જુના અને ઉજ્જડ રાજકીલ્લામાં વસતાં હુતાં. તે કીલ્લો ઘાડી ઝાડીમાં એક અંધાર ખુણામાં આવેલો. તેનો મોટો દરવાજો હુમેશાં બંધ રહેતો હુતો. તેથી અંદરના જંગલીઓએ પોતાની આવક જાવ કના વહીવટ સારૂં પછીતમાં કયાંક જમીન કોલીને ભોંયરાનો રસ્તો પાડી લીધો હુતો. તે વાટ તેઓ બીજા કોઇને જણાવતાં ન હુતાં. કોઈ નવા આવેલાને અંદર લેવા મુકવા ટાણે તેઓ મોટા દરવાજા અંદરની વચલી બારી ખોલતાં હુતાં. પણ પાછી ચાવી

ક્યાં મુકતાં તેનો પતો પડવા દેતા ન હતાં. એવીજ રીતે આગળે રસ્તે તેણે શ્રીદેવીને અંદર દાખલ કરીને, પાછી બારી બંધ કરી દીધી. અંદર લઈ જઈને તેઓએ શ્રીદેવીને ધીરજ આપી. અભય વચન આપીને તેણીના કામમાં મદદ આપવા વચન આપ્યું. પોતાનું કામ પાર પડતાં સુધી ત્યાંજ રહેવા તેણીને ચોમેરથી ભલામણ કરવામાં આવી. ધર્મની પુત્રી તરીકે તેઓએ તેણીને સ્વીકારી; આવી રીતે તે દુષ્ટ લોકોએ શ્રીદેવીને ભોળવીને સમજાવી દીધી. જેથી શ્રીદેવી શાંત થઈ. અને ખાઈપીને તે રાત્રે ત્યાંજ સુખે સુઈ રહી.

પ્રીય વાંચક!!! આ વખતે તો શ્રીદેવીને સુખ અને શાંત્તી લાગે તેમાં આશ્ચર્ય નથી. કારણકે, ઘણા દીવસના ભુખ્યાને ગમે તેવા હલકા અન્નથી પણ સંતોષ થાય. તેમ ઘણા દીવસની દુખણી શ્રીદેવી આટલા આશ્રયથી પણ સંતોષી થવી ઘટેછે. કારણકે, તેણીને આ વખત “ બલતાં ” માંથી બચવા જેવો હતો. પણ જંગલી લોકોનાં છોકરાં કેમ ઉછરે છે; અને તેઓની વહુ દીકરીની શી ફરજ છે. તેને તેણી બીલકુલ જાણતી નહુતી. જાણે ક્યાંથી ? એને તો એક મધ્યમ સ્થીતીના ગૃહસ્થનાજ ઘરની રીત ભાતની ખબર હતી. તો પછી બીલકુલ જંગલી કંગાલોના રીવાજો તો તેણી જાણેજ શાના ? પણ ત્યાં રહેતાં ત્રણ દીવસ થયા કે, ચોથે દીવસથી અનુભવ થવા લાગ્યો. તે અઠવાડીયામાં પુરો થયો. આસ્તે આસ્તે શ્રીદેવીને સમજાવીને, તે અધમ પાપી લોકોએ શ્રીદેવીના અંદર દાગીના અને રોકડ નાણું ખુંચવી લીધું.

"પહેલે દહાડે પરોણો, બીજે દીવસ પૈ;"
ત્રીજે પછી રહે તો, તેની અક્કલ ગઈ.

આ પ્રમાણે હવે શ્રીદેવીને થયું. શ્રીદેવીને પોતાની પુર્ણ સત્તામાં આવેલી જાણીને તે કીલ્લાના સરદારની સ્ત્રીએ આંખના ભમરો ચઢાવીને કહયું કે, 'છોડી!! તું તો કોઈ રાજવી છો. પણ અહીં રાજવીપણું નથી. બેટા!! આતો તારા ગરીબ બાપનું કંગાલ ઘર છે. અહીં તો અંધારામાં વહેલાં ઉઠીને છાણ પુંજો, વાશીદું, વગેરે ઘરનું કામ કરીને બળતણ ભાંગવા જાવું. ત્યાંથી ઈંધણાં છાણાં વીણી લાવીને પછી ઢોર સારૂ ખડ ખોડવા જવું પડે. નહી તો છાસનું પાણી પીવા કયાંથી મળે? બપોરે રોટલો ખાઈને બે પાલી દળી કાઢવુ જોઇયે. ત્યાં ટાઢા ઢલે એટલે દશવીશ હેલ પાણાની ભરી લાવવી જોઈયે. પછી સાંજના ઘડીવાર રમી ભમી વ્યારૂ કરીને પોતાની મરજીમાં આવે તો ઘડાવાર ઘરડાંના પગ દાબવા જોઇયે. નહી તો બાપ ભાઈ પીને આવ્યા હોય, તે વખતે લુગે ઓકે તો ઉસડવું તો જરૂર જોઈયે. આલેજ નહીં. નકર એ તો તારાઉપર જોડા લઈને ઉઠે. બીજી છોકરીઓ કરેછે તેમ જોઈ જોઈને ઝટઝટ કરીયે, બીજીઓ જૂનીઓ છે. જેથી તને વધારે કરવું પડશે. તો શું થયું? બે મહીનામાં તું પણ જુની થઈશ. અને વળી કોઈ નવી છોડી આવી જશે તો તને પણ ઓછુ વારા ફરતી વારો સૌનો આવેછે. ગરીબ ઘરના મામલા તું જાણેછે. તેથી જા ડાહી થઈને કામ કરજે. આંળસ કે લીલજાઈ કરીને હડ હડ થાઈશમાં. કોઈના ટુંકાટુંબા સાંભળવા ન પડે એમ રહેજે.

નકર માર ખાઈ ખાઈને મરી રહીશ. અને તે તારૂં ખમવાનું ગજું નથી. તેથીં હું તને આગળથી સમજાવી શીખવી મુકુંછું. પછી તું જાણુ. કરીશ એવું ભરીશ. આતો ભીલોનાં ઘર છે.

પ્રીય વાંચક! !! એટલી વાત કાને પડતાંજ શ્રીદેવીના અંતરના હોંસકોસજ ઉડી ગયા. તેણી બીચારી મનમાં ગભરાઈજ ગઈ. પણ કરે શું ? કહે કોને ? અને જાય કયાં ? ભીલડીના બોલવા પ્રમાણે તે દીવસથી તેણીપર કામની ફરજ પણ નાખવામાં આવી.નીયમ પ્રમાણે તેણી પાસેથી પ્રતી દીવસ કામ લેવાવા માંડયું. તેમાં ઢીલ થાય અથવા તો તે ખરાબ થાય, તો તપાસનારી છોડી ગાળો દે, ધબા મારે, અને મેણાં બોલે. એમ ઠોલે, તેથી તેણી બહુજ કંટાળે, રૂવે અને કકળે પણ કરેશું ? ચારેક દીવસ કામ કરતાં થયા કે દળી તથા "ભુગલાં" ભાંગીને હાથ પગ તરવાઈ ગયા, હથેલીમાં ફોડલા પડયા અને શરીરનું ચામડું ખરબચડું બનવા માંડયું. જેથી હેરાણ થતી, પસ્તાતી અને રોતી કામ કરતી હતી. જયારે સરદાર અને સંતાનો ખુબ મદીરા પીને મસ્ત થાય; ત્યારે નાચે, કુદે, નાગા થાય, નાગું બોલે, લડે, પડે અને ઉલટીથી આખું ઘર ભરી મુકે ત્યારે તેણી તે બધું સહન કરતી જયારે "ઓકણ" ઉસેડવા લાગે, ત્યારે તો તેણીના મનની સ્થીતી કેવી થાય ? તે વાંચક તુંજ તારા મનથી વીચારી લે.

હવે શ્રીદેવી દુઃખ અને ત્રાંસથી પોતાનાં મનંને કહેવા લાગી કે, હે દૈવલી ! ! ! હવે તું ખરેખરી સખ્ત મજુરીની કેદ

ભોગવે છે, દારૂબાજ, હલકટ, જંગલી, બેવકુફ, હીંસારી અને હત્યારા લુંટારા આ લોકો કેવળ "સ્વાર્થ પટુ" જ છે. જો કે, સ્વાર્થ આખી સૃષ્ટીમાં રહેલો છે; પણ આ લોકોની તો કંઈ હદજ નથી. આ સોબતમાં કંઈ શ્રેય તો છેજ નહીં પણ ફજેતી અને વખતે જીવ હાની છે. તોપણ એકદમ નહીં, પણ રીબાઈ રીબાઈને મરવાનું છે. દુષ્ટ, કઠોર અને નીર્દય આ લોકો કસાઈની પેઠે કસોટી,થી કામ લેછે. હાય નસીબ! તું શું શું કરાવે છે ને કરાવીશ?

'હા નસીબ!! કમ નસીબ!!કયાં લઈ જઈ ભટકાવે,
બતાવી સ્વર્ગ સીડીને, શુળીએ જઇ ભેળવાવે;
પુષ્પ શૈય્યા પર સુવાડીને, કાલ ભોરીંગ વળગાવે;
સીતળ સુવાલાં પર, પર ચલાવે ઉપર અગ્ની વરસાવે.
ધૃત કુંભને દ્રષ્ટીએ દાખવી, વીષ બુંદ તું ચખવાવે;
પય પાનની આશા આપી, ક્ષારવારી પીવરાવે;
રાજ્યપાટની લાલચે તું, રણમાં શીર રોળવાવે;
એવી વીચીત્ર આશા આજે, તેને તુંજ રઝલાવે,
એવા ગુણાવ ગુણથકી, ભરપુર કરીને ભમાવે,
હા હા!! ઓ કમ નસીબ તું!! તુજ સમ કોણ થાવે;
તુજ કરીતાં કોમલ કન્યા, આપ તનને જલાવે;
બીજા કર્ત્તાનેજ કાયાનો, કાં દુઃખ ખમી ખમવાવે
હા નસીબ હાય નસીબ, ફટ ફટ ફટ તુજને કહાવે,
જો કર્મ હોંત ન તું સાથે, તો વનમાં આમ કોણ રડાવે.'

'મંન મોજી છે મનુષ્યનાં, પણ હોયછે કર્મ ફુટેલ;
જોઇયે સેજ મખમલ તણી, મળે ન ખાટલી તુટેલ.
ઈચ્છા છે અહોનીશ જે, રહેવા ચીત્રની માંય.
પણ પ્રારબ્ધે સાંપડે, બળે ચોત્તા બહુ જ્યાંય.
ગહુન ગતી છે કર્મની, કર્ત્તા હરી છે એક,
ધીરજ ધર તું જીવડાં, રાખી મનમાં ટેક.
તડકો છાંયડો સર્વદા, ચોમેર ફરતો રેચ;
એમજ ફરશે તાહરો, વીતી વખત પણ એય.'

'આ જગત કેવું નીર્દય છે ? આ જગતના લોકો કેવા અધમ છે ? આ જગતમાં કેવા કેવા અધમ અને નીચમાં નીચ કાર્યો થાયછે, તેનો અનુભવ મને કયાંથી મલત ? આ બધો પ્રતાપ મહારા વહાલા કોપનો છે? જો કોપ મને તરછોડી ચાલી ગયો ન હોત તો આ વનનો, આ વનમાં રહેતા જંગલીઓનો અનુભવ કયાંથી થાત ? ખરેખર કોપ તારી બુધ્ધીના જેટલા વખાણ કરૂં તેટલા થોડાછે. તે જો મારી કસોટી કસવાની આ તક લીધી ન હોત, અને મારા પ્રેમને આધીન થઈ, એકાંત વાસમાં પડી રહીને કાળક્રમણ કર્યો હોત તો આ ઠગારી દુનીયાનો કાળો રંગ કદી પણ જોવા ન પામત ? જે બન્યુંછે તે ઠીકછે અને જે બનશે તે પણ સારૂંજ થશે. પવનમાં ઉડતા ફોતરા સરખા દુસ્મનો પણ મને કેવી રીતે પીડી રહયાછે. તેઓ જરા પણ સત્યાસત્યનો વીચાર કરતા નથી. આ પાપીઓનો ધર્મ રાજાના ન્યાયધીશો ન્યાયદરબારમાં ન્યાય કરતાં પણ ધ્રુજશે, તો પછી હું ધ્રુજું તેમાં નવાઈ શી ?'

આમ દુઃખ સહન કરતી શ્રીદેવી ફાટેલા તુટેલા બીછાના પરથી બેઠી થઈને ઉંડા નીશ્વાસ મુકી બોલી કે, 'હવે આ જંગલી લોકો મને જીવતી ન મુકતાં અહીંયાજ રીબાવીને મારી નાંખશે. તેના અંતરમાં જરા પણ દયાનો અંશ નથી. તેઓ પાપી ધુતારા અને હરામખોરો હોઇને અજાણ્યાઓને ફસાવી ત્રાસ દેનારા છે. તેઓ સમજાવ્યે સમજે એવા નથી તેઓને જેટલા કાલાવાલા કરવા તેટલાજ દુઃખ દેણછે. તેના કરતાં હવે એ પાપીઓની આંખમાં ધુળ છાંટવાની યુકતી શોધવી જોઈયે, ધુળ છાંટતા પણ તેઓ આંખે આંધલા ન બને તો તેઓને કાપી નાખ્યા વીના છુટકો થનાર નથી. પછી ગમે તેમ બનો. યુકતી કરતાં પ્રાણ જાઓ કીવા રહો તેની કસી પરવા નથી. હમણા આ દુષ્ટ લોકો મદીરા પી મસ્ત બની વેરણ નીદ્રાને આધીન થયા છે તો તેનો લાભ શા માટે ન લહું. પણ નીરૂપાય છું. ખાલી હાથે બળનો ઉપયોગ શી રીતે કરી શકું ? આ માટે હાથના બલને પુષ્ટી આપવા માટે ભાંગા ટુટા હથીયાર તો જોઈએજ ? તેઓના હથીયારો કઇક ખુણે ખાચરે પડયાં હશે તે શોધીશ તો ખચીત મળશે ? ઘણા દીવસ થયા આવીછું. પણ આ ઉંડા ભોંયરાની મેં બારીકીથી તપાસ પણ કરી નથી અને જો કરી હત તો આજે મને આટલુ કષ્ટ શહન કરવું કદી પણ પડત નહીં. અને આજ ભોંયરામાંથી નાસવાનો માર્ગ મળી આવત ખેર જયાં સુધી દુઃખ વેઠવાનું હતુ ત્યાં સુધી બીજુ કેમ સુઝે ? બીજુ સુઝવાનો વીચાર કેમ ઉત્પન્ન થાય ? તે શીવાય શરીરમાં જાગૃતી કેમ આવે ? દુઃખનો નાશ કરતાં બુધ્ધી અને શરીરની

શકતી છે ? જે ખુટેલી અને જે શકતી મંદ પડી ગઈ હતી તે પાછી બળવાન બનીછે તો પછી તેનો ઉપયોગ શા માટે ન કરૂં ? હવે ઢીલ કરવી ફોકટ છે. માટે સચેત થા, શરીરમાં થતી વ્યાધીનો શોચ કરમાં એ પણ વ્યાધી મટી જશે; વ્યાધીનો વીચાર કરવાથી સુખનો આરો આવનાર નથી. માટે ચાલ અને આ ભોંયરૂં તપાસ આમ વીચાર કરતી શ્રીદેવી એક બળતા દીવાને હાથમાં લઇને ધીમે ધીમે, તે સુતેલાઓને કાને અવાજ ન જાય તેમ ભોંયરામાં ફરવા લાગી, અને ભોંયરાના દરેક ખુણા ખાંચરા બારીકીથી જોવા લાગી. આમ જોતી જોતી ભોંયરાની અંદર આવેલી એક બીજી ગુફા તેની નજરે પડી. તે જોતાજ તે ગુફાની અંદર ઉતરી, તે બીહામણી છાંટી ફાડ ગુફા નીહાળતાજ શ્રીદેવી જરા પણ નડગતાં ક્ષણભર પણ ન ધ્રુજતાં, તેને માટે યત્કીંચીત વીચાર ન કરતાં દ્રઢ થઈ, મનને મજબુત કરી, ગુફાનું સ્વરૂપ નીહાળવા લાગી. નીહાળતાં નીહાળતાં તેની આંખમાં નવું તેજ આવ્યું, તેની મંદ પડી ગયલી શકતીમાં નવુ જોર આવ્યું અને જેમ સીંહણ ત્રાડ મારે તેમ ત્રાડ મારી બોલી ઉઠી કે, 'અરે આ દુષ્ટ લંપટ અને હરામખોર જંગલીઓનો નાશ કરનારા હથીયારોનો અખુટ ખજાનોતો અહીંજ ભર્યો છે. ખરેખર એ પાપીઓનો અંત આવી ચુકયો છે. જો એ જંગલી રાક્ષસોનું મોત મારે હાથે નીર્માણ થયું ન હોત તો આ ત્રાસદાયક હથીયારોથી ભરેલી ગુફા મને સાંપડતજ કેમ ? ખચીત આ હથીયારોથી એ દુષ્ટોને જમપુરીમાં મોકલી દેવા. એ અસુર લોકોને જીવતા રાખવા ને હજારો માણસોના જીવ લેવા સરખા છે. એના મોતથી કંઈક મુસાફરોને

આરામ થશે. હવે હું ડરનાર નથી. હવે હું પાછી હઠનાર નથી આ હથીયારોથી મારા હાથ મજબુત થશે. ચારઘણી શકતી આવશે. દુઃખનો નાશ થશે અને સુખની આસાઓ અમર કરવાનો નવો માર્ગ મળશે ? તો પછી આ સમો શા માટે જવા દેવો. હવે એના જેવા હજારો કાં નથી આવતાં, હું ક્ષત્રાણી સીંહણ છું સીંહણનું સીંહણપણું બતાવ્યા વગર આ દુષ્ટોને મુકત કરનાર નથી. હજુ આ ગુફાની અંદર બીજી પણ ગુફા હોવી જોઇયે. તપાસતાં જરૂર જણાશે. તપાસવામાંજ લાભ છે. ચાલ જીવ તારા રક્ષણ માટે આ હથીયારો ગ્રહણ કર અને પછી આગળ પગલું ભર.' ઉમંગમાં આવેલી શ્રીદેવીએ તરત પોતાને અનુસરતાં હથીયારો ધારણ કરી લીધા અને એક હાથમાં ખુલ્લી તલવાર અને બીજા હાથમાં બળતો દીવો પકડી આગલ ચાલી. ચાલતાં ચાલતાં એક બહુજ નહાની ગુપ્ફા આવી અને તે ગુફામાં એકજ માણસથી જઈ શકાય એટલી તે સાંકડી હતી. છતાં તેની તલભાર પણ પરવા ન કરતાં શરીરને ઈજા થશે તેની પણ દરકાર ન કરતાં તે સાંકડી ગુપ્ફામાં પેઠી. જરાક આગળ જતાં એક મ્હોટો દરવાજો આવ્યો, તે હીંમ્મતથી અને જરા પણ ડર્યા વગર તે ગુફાનો દરવાજો ઉઘાડી નાંખી અંદર દાખલ થઈ. તેની દ્રષ્ટીએ લાખો રૂપીઆનો ખજાનો પડયો તે જોઈ શ્રીદેવીના આંનદનો પાર રહયો નહીં. તે ઉમંગમાં આવી બોલી કે, 'ધન્યછે. ખજાનાના માલીકને ? એને પણ હજારો માણસોંને પુરા પડી શકે એટલા જબરદસ્ત અને ભયંકર હથ્યારોનો, અને લડાઈના મેદાનમાં લાખો લડવૈયાને પુરો પડી શકે એટલો રોકડ ખજાનો રાખ્યોછે.

હું નથી ધારતી કે માનતી કે આ બંને ખજાનાના માલેક આ જંગલી લોકો હોવા જોઈએ ? ગમે તેમ હો, પણ આનો માલેક બીજોજ કોઇ હોવો જોઇએ. હશે તેની સાથે મારે શી નીસબતછે. તેને માતે વીચાર કરવાની કાંઈ જરૂર નથી. જેના નસીબમાં હશે તેજ આ ખજાનાનો માલેક થશે.

એ બધુએ ખરૂં. પણ હે જીવ સાન કે નમાન. આ ખજાનાનો માલેક પણ આ ગુફામાં હોવો જોઈએ. તે તપાસ કરવાની ઘણી જરૂરછે. પણ તે તપાસ કરતાં સન્મુખ થઈ ગયા તો પાછી ત્રીજી જાગશે. ભાગતાં ભારી થઇ પડશે. તે જો આ જંગલી કરતાં પણ ક્રુર નીકળ્યો તો પછી શી ગતી ? શી દશા ? કેવા પ્રકારની હાની થશે. તે કંઈ કહી શકાતું નથી પાછી ફરીશ તો મનની મનમાં રહેશે. એટલુંજ નહીં પણ મારા પીતૃઓ અવગતે જશે ? મારા કુલને કલંક લાગશે. બનનારહશે તે બનશે, ભોગવવાનું હશે તે ભોગવીશ. કોકને મળવાનું સરજીત હશે તો મળીશ. પણ પાછી તો ફરીશ નહીં ? હજી જીવ જોખમમાં છે. હજી જીવ પરાધીન છે. હજી કેદ છે. અને તેમ કરતાં જો આખો અવતાર કેદમાં કાઢવો પડે તોપણ શું ? ના હીમ્મત બનવામાં લાભ નથી, ના હીમ્મતના ફળ સારા આવતા નથી. દ્રઢ અને હીમ્મતવાનજ પોતાના ભવીષ્યને ખીલવી શકેછે. પોતાની માથે આવેલા દુઃખને દુર કરી શકેછે. અને હીમ્મતવાન હજારોને બચાવી શકેછે. અને હીમ્મતવાનજ જગતમાં કીર્તીસ્થંભ રોપી શકેછે. માટે તેની શોધ કરવીજ ?' આમ વીચાર કરતી, પાછી તે સાંકડી ગુફાની અંદર આવેલા ખજાનાવાલા ઓરડામાં દીવો લઈને બહુ બારી

કીથી તપાસવા લાગી. તપાસતાં તપાસતાં એક બીજો દરવાજો તેના હાથમાં આવ્યો. તે દરવાજો ઉઘાડવાને શ્રીદેવીએ બહુ પ્રયત્ન કર્યો, પણ તે નીષ્ફળ ગયો, દરવાજો ઉઘાડવાને બહુ મહેનત કરવાથી શ્રીદેવી પરસેવાથીં ભીંજાઇ ગઇ; અને તે પરસેવો લુછી નાખવા માટે જમીન પર બેઠી. પરસેવાથી તરબોલ થઈ ગયેલા શરીરને લુછી નાખી, પાછી સાવધ થઇ, અને નીચે બેસી બહુ વીચાર કરવા લાગી. વીચાર કરતી કરતી દરવાજો તપાસતી હતી, તે તપાસ દરમ્યાન, તે દરવાજાની બાજુમાં એક ન્હાની સરખી લોખંડની ખીલ્લી જોવામાં આવી, જોતાજ તે ખીલ્લીને જોરથી ખેંચી કાઢી. દરવાજાની બાજુમાં થોકેલી ખીલ્લી બહાર નીકળતાંજ તે ગુફાની અંદરનો બીજો દરવાજો તરત ઉઘડી ગયો. તે દરવાજામાં દાખલ થતાજ તેને જંગલનો રસ્તો જણાયો. દરવાજાની બહાર આવી જંગલ છે કે બીજું છે તેની ખાત્રી કરી, ને બોલી કે, હવે ઝખ મારે છે જંગલીઓ? જંગલીઓના ત્રાસમાંથી છુટી? પણ હજી વાર છે. શોધતાં ખજાનાનો માલેકનો પત્તો લાગો નહીં. માલેક હો કીવાં નહો. હશે તો ઘણી થશે નહીં તો આ બંને ખજાના કોઈક દીવસે પણ મારા હાથમાં આવશે? તે ઘણાજ ઉપયોગના થઈ પડશે. માટે આ ભોંયરાને સ્વાધીન રાખવામાં ઘણી જરૂર છે. અને તેટલા માટે આ તમામ જંગલીઓનો નાશ કરવો ઘટેછે? પણ શું હું આ બંને અખુટ ખજાનાના લોભ માટે આ જંગલીઓનો નાશ કરવા તત્પર થઈ છું? ના નહીં. કદી નહીં. એના કરતાં ચાર ઘણો ખજાનો મારા બાપની પાસે છે. તો શું કોકને માટે આ ખજાનાની લાલચે આ લુટારાઓનો શીરચ્છેદ કરવા ઉન્મત બનીછું?

ના તેમ નહીં ? કોકને ખજાને શી ખોટ છે ? કોક ! કોક ! ! વ્હાલા કોક ! ! ! તુંજ મારો ખજાના રૂપ છે તું મળશે તો મને કરોડો રૂપ્યાનો ખજાનો મળ્યો. એમ સમજીસ ? પણ આ જંગલી નીર્દય લુટારાઓએ મને ભોલવીને ફસાવી, અને પગથી તે માથા સુધી બાવી બનાવી એક ચાકરડીની પેઠે કામ કરાવી દુઃખ દીધું. તેનું વેર લેવા માટે. ક્ષત્રીઓનો ધર્મ છે કે વેરીના બીજને પણ છેદી નાખવાં. તો પછી હું શામાટે મારા ધર્મનો ત્યાગ કરૂં. મારા ક્ષત્રી ધર્મને અનુઉરીને વર્તીશ તોજ મારો જયછે. તોજ મારો કોક મને મળશે ? ચાલ પાછી ફર, તારા વેરીઓને જગાડ, અને તારા વેરનો બદલો લે.' આમ મન સાથે વાત કરતી શ્રીદેવી પાછી ગુફામાં દાખલ થઈ, અને જ્યાં જંગલી લુટારાઓ મસ્ત બની સુતેલા હતાં ત્યાં આવી અને એકેકને ઉઠાડતી ગઇ અને તેનું શીર ચ્છેદ કરતી ગઇ, આમ બધાઓને છેદી નાંખી લઈ શકાય તેટલું દ્રવ્ય લઇ પાછી ગુફાની બહાર આવી. ગુફાનો દરવાજો બંધ કરી તેની નીશાની રાખી. જંગલનો બીહામણો માર્ગ નીહાલતી આગલ ચાલી. આગલ ચાલતાં ચાલતાં મન સાથે પાછી વાતો કરવા લાગી કે, 'આપણે તો આ સૃષ્ટી ચમત્કારો તથા જન્મ મરણના કારણુના અનુભવને સારૂંજ જાણે બહાર પડયાં છીયે. (જરા વીચાર કરીને) હા ! ! એમજ બીજું શું ? હવે કાંતો ' કાર્ય સાધ્યામી કે દેહ પાતયામી.' એજ નીશ્ચય. કોક મલો ન્હાય નહીં. કોક તે મળનારજ. આજપર્યંત કોકનું કોક મળતુંજ આવેલું છે. તો હવે કોક કાં નહી મલે. મળશેજ. મળશેજ કોકજ મળશે.' એમ મનોરથ સાગરની લહેરોમાં, અમલ, ઉજાગરો અને વીચાર તરંગણીના

રંગે રંગાએલી તથા બહાર પડયા બાદ પાછી મહામંત્રીનાં મોહમાં સપડાએલી, બંધાએલી ઘેલીની પેઠે અલબેલી સવારની શીતલ, સુગંધ હવાખાતી ધીરેધીરે ધમકતી શાંતીથી ગરજતી ચાલતી, કુત્રીમ જળવાલી કમલદલથી ભરપુર સુર સરીતા સમાન બે પક્ષે આવેલા આમ્રાદીક વૃક્ષોથી સુશોભીત એવી રમણીક છતાં નીર્જન અરણ્યમાં એકાંત વાસ જેવી એક નાની, નાજુક અને મનોહર નદીને શોભાવે એવી નદીને તીરે આવી ચઢી. સુર્યોદય થયો. નેત્રો પ્રદીપ્ત થયાં. અને કાંઈક ભાન આવ્યું.

શુદ્ધિમાં આવતાંજ વિશ્વકર્માએ રચેલી સૃષ્ટિની અલૌકીક લીલા નિહાળતાંજ શ્રીદેવી આનંદ પામી. પણ તેનો આ આનંદ માત્ર એક ક્ષણનોજ હતો. ઘણાં દીવસથી અસ્વચ્છ રહેલા શરીરને સ્વચ્છ કરવા નદીને કાંઠે ગઈ તો નદીનું પાણી લાલ રંગનું જોતાંજ તેના મનમાં પાછી ધાસ્તી બેઠી. તે જોઈ તે મનમાં બોલી કે, ‘ વળી આ નવું કૌતક ? વળી આ નવો ચમત્કાર ? મનને ભમાવનાર ચીત્તને ચગડોલે ચડાવનાર આ નવો અને નહી જોયેલો પ્રકાર કયાંથી ? આ શું ? આ પણ એક વીપ્રીત છે. શરીરને કંપાવનારૂ અને ચોરાશીના ફેરામાં નાખનારૂં છે. હું દુ:ખનો ત્યાગ કરવા માગું છું. પણ દુ:ખ મને છોડતું નથી. તે મારાથી ત્રણ ડગલાં આગલ ચાલેછે. પછી શું ? હવે કરવું કેમ ? એનો ઉપાય શો ? કંઈ પણ સુઝતો નથી. હશે, બનનાર મીથ્યા થનાર નથી. ભોગવવાનું હશે તે ભોગવવુંજ પડશે. આજ સુધી મેં ઘણી નદીઓ જોઈ પણ લોહીના જેવી રાતા રંગવાલા પાણીની નદી, મારા જોવામાં આવી નથી. એટલુંજ

નહીં તોપણ એવા પ્રકારની નદી હોવાનું કદી પણ મેં સાંભળ્યું નથી. તેથી આ કંઈક અદભુત પ્રકાર છે. આપણ કોઇ જાદુ ગર કીંવા જાદુગરણીનો પ્રયોગ છે. ગમે તેમ હો. માટે આનો અવશ્ય તપાસ કરવો જોઈએ. એવો વીચાર કરીને તેણી તે નદીના મુળ તરફ જવા લાગી.

આગળ કેટલાએક દીવસ સુધી તે નદીને કીનારે જતાં જતાં એક દીવસે તેણીને નજરે એક મ્હોટું વૃક્ષ પડયું. તે ઝાડની પ્રત્યક્ષ દાળીએ પુરૂષોના માથાં ટાંગેલા હોઇને, તે ડાલીઓની ઉપરની છેલ્લી ડાલી પર એક સ્ત્રીનું માથું હતું. તે લટકેલા માથાંઓમાંથી ગળતું લોહી નદીના પ્રવાહમાં પડતું હતું. તેથી નદીનું પાણી લાલ ભડક દેખાતું હતું. આવો વીલક્ષણ ચમત્કાર જોઇને શ્રીદેવી તે માથાઓ તરફ એક તસે જોવા લાગી. તો તે માથાં ખડ ખડ હસવા લાગાં. એટલામાં સર્વથી ઊંચાઈ પર લટકેલું જે માથું હતું તે તરફ તેણીની નજર ગઈ. તે બરોબર જેમ એકાદા વૃક્ષને જોરથી પવન લાગવાને લીધે ઉખડી પડે તેમ તે માથાના મનમોહક સૌંદર્ય જોઇને કામ વીવ્હલ થતાંજ શ્રીદેવી મુર્છા ખાઇને જમીન પર પડી. કંઈક વખત વીત્યા બાદ તેણીની મુર્છા ઉતરી સાવચેત થયા પછી મનમાં વીચાર કરવા લાગી કે, ‘કોઈ પણ સમયે ધડથી જુદા પડેલા માથાં હસતાં મેં જોયા નથી અને એમ છતાં આ માથાં કાં હસેછે. અને આ માથાંઓ કોના કોના હશે ? અને તે શા માટે કાપીને એને અહીયાં કોણે ટાંગેલા હશે ? એનો ભેદ જાણવાની ઘણી જરૂરછે. ભેદ જાણ્યા વગર એની ખરી ખુબી જાણી શકનાર નથી. હું એમ માનુંછું ઉપ

બેઠેલી સ્ત્રીનું આ કારસ્તાન છે. એનુંજ આ કર્મ છે. એનુંજ આ પરાક્રમ છે. પણ આ નીચ અને ઘોર કાર્ય મહામંત્રીનું તો નથીજ પણ હું કોઈ નવીન જાદુગરણને ઝપાટે ચઢીછું એમ જણાયછે. ઈશ્વર ઈચ્છા, જોઈ લેશું. આગળ શું થશે તે.' એમ વીચાર કરેછે તો તેટલામાં સુર્યાસ્ત થઈ જવાથી તેણીએ ત્યાંજ રાતવાસો પડી રહેવાનો વીચાર કર્યો. થોડી રાત વીત્યા પછી તે ઝાડ પર લટકેલા તમામ માથાં તડો તડો નીચેના પાણીમાં પડી ગયાં કે લાગલોજ ત્યાં એક સુંદર મ્હેલ ઉત્પન્ન થયો. તે જોઇને શ્રીદેવી ચકીત થઈ ગઈ.

આ સુંદર મ્હેલમાં અનેક તરેહની રંગ બેરંગી બેઠકો ગોઠવી હતી. તેના પર સોના રૂપાના સીંગાસણો સોભી રહયાં હતાં. મધ્ય ભાગમાં એક રત્નજડીત સીંહાસણ મુકેલું હતું. તેની બીજી બાજુ કંઇક કુત્રીમ કાર્યો ગોઠવી રાખ્યા હતા. તેમાં એવી તંત્ર. કળાઓ હતી કે, ઈચ્છાનુંસારૂં તે સીંહાસણો ફરી શકતા હતા જળને ઠેકાણે સ્થળ દેખાય અને સ્થળને ઠેકાણે જલ દેખાય. કાચને ઠેકાણે ખાલી, ખાલી જગ્યાને ઠેકાણે પડદા જોવામાં આવે. બારીઓ પર અનેક પ્રકારના રંગ બેરગી જાદુઈ પડદા નાંખેલા હતાં, જગેજગ રોશની સારૂં જાદુઈ ગલાસો ગોઠવ્યા હતા તેથી એ સુંદર મહેલમાં અનેક પ્રકારની ગરદી ઉડી રહી હતી, તેટલામાં કેટલાએક પુરૂષો ત્યાં ચોકી કરતાં ઉભા જોવામાં આવ્યાં. અને એક સુંદર નવયૌવન સ્ત્રી પુરૂષનું જોડું ત્યાં આવી ઉભું. તેણે પોત પોતાના દરજજા પ્રમાણે પુજ્ય સીંહાસણ ઉપર બીરાજમાન થયા પછી થોડા વખતમાં તે સ્ત્રી સીંહાસણ ઉપરથી ઉઠીને મધ્યમાં રાખેલા રત્ન જડીત સીંહાસણ ઉપર જઈ બેઠી.

આ અદ્દભુત ચમત્કાર જોઇને શ્રીદેવીને એમ લાગ્યું કે, 'મેં ઝાડ માથે જે માથા જોયા હતા તે થકી આ સર્વ પુરૂષો ઉત્પન્ન થયાછે. જેના મુખકમળથી હું મોહીત થઈ હતી તેઓજ મુખ્ય પુરૂપ છે. અને મુખ્ય સીંહાસન ઉપર બેઠેલી વૃક્ષ પરની જાદુ ખોર સ્ત્રી તે પોતેજ છે. તેથી અહીં કંઈ વીલક્ષણ ચમત્કાર જોવામાં આવશે?' એમ વીચાર કરેછે તેટલામાં મુખ્ય સ્ત્રીના હુકમથી ગાયન શરૂં થયું. ઘણી વખત સુધી શ્રીદેવીએ તે સાંભળ્યું. અને ગાનાર પુરૂષના આલાપત્ર પર બહુ પ્રેમીત થઈ પછી થોડા વખત બાદ તેણી સુધીમાં આવી. વીચાર કર્યો કે, 'ફકત આ પુરૂષના સૌદર્ય અને સ્વરૂપપર મોહીને આપણે આપણી પ્રતીજ્ઞા ભંગ કરવામાં કશો પણ લાભ નથી. કોક વગર આપણે તો બધુ ફોક છે.

ઉપલો તમાસો એક કલાક ચાલ્યા પછી બધા પુરૂષો નાસતા પાણીની તજવીજ કરવા લાગા. થોડા વખતમાં સર્વ તૈયારી થયા પછી પુરૂપો પોતપોતાના ભાણા પર ભોજન સારૂં બેસી ગયા એટલે તે જાદુગરણ સ્ત્રી બોલી કે, 'આ મહેલના પાસેના ઝાડ નીચે એક તરૂણ સ્ત્રી રાત રહેલી છતાં અપવાસી છે. તેથી એક ભોજનનો થાલ પીરસીને તેણીને આપી આવો.

તેઓને આજ્ઞા થતાંજ એક પુરૂષ પંચ પકવાનથી ભરેલા થાલને લઈને શ્રીદેવી પાસે આવીને તેણીનેં ભોજન કરવાનો આગ્રહ કરવા લાગ્યો.

તે જોઇને શ્રીદેવીએ કહયું કે, ' આ પંચ પકવાનની થાલી મોકલનાર પરોપકારી સ્રીનું નામ અને તેણીનું કર્તવ્ય જાણ્યા વગર હું અન્નને સ્પર્શ કરનાર નથી. ' તેણીનું આ દ્રઢ ભાષણ દાસે જઇને તાબડતોબ પોતાની શેઠાણીને સંભળાવ્યું. ત્યારે તે જાદુગરણ સ્રીએ કહેરાવ્યું કે, ' આજ તું આ અન્નનો સ્વીકાર કરીશ તો આવતી કાલે તારો હેતુ પાર પડશે.' તે સાંભળીને શ્રીદેવીએ પોતાનો કકો ન છોડતાં ઉલટી તે દાસને પાછો ન જવાનો પ્રતીબંધ કરવા લાગી. પણ તે ચપલદાસ શ્રીદેવીના હાથ પર તાલી દઇને કયારેજ નીકલી ગયો પછી થોડી રાત મોટા આનંદથી તે પુરૂષોએ નૃત્ય ગાયનમાં કાઢયા પછી અરૂણોદયનો સમય થતાંજ તે મહેલ એકાએક અદ્રશ્ય થઈ ગયો. અને પ્રથમની પેઠે પાછી પાણીની નદી બની ગઈ અને તે સર્વ પુરૂષોના માથાં પ્રથમ પેઠે ઝાડે લટકતાં જોયાં આ અદભુત ચમત્કાર જોઈને શ્રીદેવી ભલાજ વખત સુધી એક સરણી વીચાર કરતી હતી. પણ વીચારની મુસાફરીને જગ્યા ન મળવાથી તેનો ખરો પ્રકાર મુદલ તેણીના લક્ષમાં આવ્યો નહીં. એવી સ્થીતી થવાથી શ્રીદેવી વાંધી ગાંધી જેવી થઈ ગઇ. અને મોટી ઉત્કંઠાથી તે માથાં તરફ જોતાં ઝાડની નીચે જઇને સ્વસ્થ બેઠી. જે ચમતકારે પોતાનું મન આકર્ષી લીધું છે. તેને તેનો પત્તો કાઢયા શીવાય રહેવું નથી એવો તેણીએ પકો નીશ્ચય કીધો.

પછી સુર્યોસ્ત થઈને અંધારૂં થયા પછી પ્રથમ પ્રમાણે સુસોભીત મહેલ ઉત્પન્ન થયો. અને સર્વ પુરૂષો બીલકુલ ગાન તાનમાં ગુલતાન થઈ ગયા. તે વખતે તેના ગાયનનો ઠાઠ તથા

હાવભાવ જોઇને પ્રત્યક્ષ દેવતાઓનો રાજા ઇંદ્રને ત્યાં પણ એવા સભારંભો નહીં થતાં હોય એવું ભાસવા લાગ્યું. એટલુંજ નહીં પણ ગાયન કળામાં પ્રવીણ જે જક્ષ ગર્ધવ કીન્નર તેને પણ એવા ગાયન વાદન કરતાં આવડે નહીં એવી તેણીના મનને ખાત્રી થઈ તેથી શ્રીદેવી પાછી કાવરી બાવરી બની ગદ્ગદલીત થઈ ગઈ પાછી સુદ્ધીમાં આવીને વીચારવા લાગી કે, 'હે ઇશ્વર!!! આ શું? આ કેવું આશ્ચર્ય? આ તો વળી કંઈ નવી નવાઈજ દેખાય છે. હું કંઈ દુનીઆમાં આવી પડીછું તે પણ કંઈ જણાતું નથી. આ તે જે દુનીઆમાં જન્મીછું તે? અથવા કોઈ યક્ષ, ગાંધર્વ ભુમી? કે કોઇ રાક્ષસ ભુમી? કે કોઈ જાદુઈ જગ્યા? કે મહામંત્રીની પ્રયોગ શાળા? શું આ તે?' એમ વીચાર કરતી વળી પાછી ઘાંગી વાંઘી બની જાયછે. વળી જરા વાર પછી પાછી સાવધ થઈને બોલી કે, 'નારેના, આતો સર્વથી વીચીત્ર કંઈ મોહમયી નવીજ સૃષ્ટી; વૃક્ષ પરની વારાંગના અરે, રાત્રીના રમણ મહેલની અધ્યક્ષીની રચેલી નવી નવાઇ યુકત મોહજાળમયી મહા માયાનો કંઈ નવોજ ચમત્કાર જણાયછે. જણાય છે ખરો, પણ આપણે તેના સપાટામાંથી ગમે તે ઈલાજે નીકળવું જોઈયે. તોજ આપણું શીયળ અને નેમ બેઉ સચવાય. આપણે કોક વગર બીજા પુરૂષ કશાએ કામના નથી. તેમ હજુ મહામંત્રીનાં કાર્યોનો પુરતો પતો મેળવીને માગધ મહારાણી અને રાજકુમારને બચાવવાં છે. તે દરીમ્યાન આ નવી માયામાં લપટાવાનો દૈવયોગ ક્યાંથી પ્રાપ્ત થયો?'

ઈશ્વરેચ્છાથી થયો. થયો તો થયો. પરંતુ હવે જેમ બને તેમ તેમાંથી માથું બહાર ખેંચી કાઢવું જોઈયે. પણ કેમ ખેંચું? અહીંથી આગળ જવા વાટ સુઝતી નથી. તેમ મહામંત્રીની ગુફા પણ પાછળ પડી રહી. ત્યારે હવે કેમ કરવું? અને કયાં જવું? તે બાબતનો વીચાર કરતી વળી તેણી વીચાર શુન્ય જેવી બ્હેબહા કાળી બની ગઇ. જેથી સ્તબ્ધ થઈને ત્યાંની ત્યાંજ સ્થીર ઉભી રહી કેટલીક વખતે દીવસ અસ્ત થયા પછી શ્રીદેવી પાછી શુધ્ધીમાં આવી અને મુળ પ્રમાણે માથાં અને મહેલની સ્થીતી જોતી થઈ. પણ આજ રોજ કરતાં કંઇ વીશેષ ભાગ જોવામાં આવ્યો.

રોજ પ્રમાણે સભા ભરાઈ રહ્યા પછી અધ્યક્ષીણી સન્મુખ પ્રતીબંધ કરેલા બે પુરૂષોને લાવી રજુ કરવામાં આવ્યા.

આ પુરૂષો કોણ? અને કયાંથી? તે જોઇને જાણવાની શ્રીદેવીને અતી ઉત્કંઠા થઈ. તેણી જરા આગળ સરકી ધારી ધારીને જોવા લાગી. જોતાં જણાયું કે, તે રાજયોગી અને યવન સરદાર બેઉ જણા હતા. શા સારૂ? અને કોણ અહીં લાવ્યું? તે જાણવાની ઇચ્છાથી શ્રીદેવી સંભળાય તેવી રીતે એક તરફ થઇ ઉભી રહી. સભાસદ્ણી સામે ઉભેલા પુરૂષો કોણ? અને કયાંથી? એવો પ્રશ્ન પુછવામાં આવ્યો.

જાસુસો–મહાદેવી! આપના પીતા શ્રી મહામંત્રીની “ મહા મોહ ” ગુફા આગળ આ બેઉ મુસાફરો ધાધલ અને ઝગડો કરતા હોવાથી અમો રોજના કાયદા પ્રમાણે અમારી રક્ષીણી જે તમો, તેના સમક્ષ લાવી રજુ કરીયે છીયે.

અધીપતીણી—અસ્તુ. તમે બાજુ બેસો. એમ કહી બંધી વાતોને પુછવા લાગી કે, રે ભાઈઓ !! તમો કોણ ? અને કયાંના છો ? કેમ ? અને કયાંથી આવ્યા છો ? મારા પીતા શ્રી મહા મંત્રીની "મહા મોહ" નામની ભયંકર ગુફાનું હું; કે જે, મહા મંત્રીની લાડકવાઇ પુત્રી "મનમોહીની" પોતે "ઇંદ્રજાલમાં" અટકીને અહર્નીશ રક્ષણ કરતીછું. તેની હદમાં આવીને તમારા જેવા ધુર્તો ધમધમાટી મચાવે એ વ્યાજબીથી કેટલું વીરૂધ છે ? જેથી સત્વર સમજાવો, કે તમો કોણછો ?

રાજયોગી—હું એક રાજબીજ, યવન લોકોએ મારૂં રાજ્ય હરણ કરી લેવાથી રાજ્ય ભ્રષ્ટ થયેલો હું ભમતો ભમતો આવી ભરાણો છું. આપના પીતાનાં આ ભયંકર કૃત્ય અને આપની આ પ્રાણ સંકટ ઇંદ્રજાલને હું જાણતો ન હતો. જેથી, મારાથી બનેલા અપરાધની ક્ષમા સાથે હું હવે મારા તનની મુક્તતા માત્ર ચાહુંછું. ઇશ્વરકૃપા કરે, અને આ યમ પાશથી મને છોડાવે.

મનમોહીની— તમારા જેવા વીશ્વાસઘાતીને એજ પ્રમાણે સજા થવી ઘટેછે. તમે સાળાને ગેરઈનસાફ આપ્યો તેનું આ ફળ છે. ન્યાયમાં અન્યાય કરનારને એજ પ્રમાણે શીક્ષા થાય. થવીજ ઘટે. કરે તે ભરે એવો ઈશ્વરી ન્યાય છે. પણ હું તો તમને રાજબીજ માનીને તમારી પ્રાર્થનાને માન આપી મુકતતા બક્ષુછું. અરે અનુચરો એને આપણી હદની બહાર મુકી આવો. હુકમ થતાંજ અનુચરે યોગીનો હાથ પકડી અદ્રશ્ય થઈ ગયો. પછી યવન સરદારને પુછવામાં આવ્યું.

સરદાર—હું "તમુર્લીંગ" નામના એક યવનનો "તુર્ક સરદાર" છું આપે છોડી મુકેલ "રાજયોગી" નું રાજય મેં છીનાવીને તૈમુર્લીંગના હાથમાં સોંપ્યું છે. બાદ બાદશાહની ફરમાસથી રાજયોગીને પકડવા પાંછળ પડેલો અહીં પહોંચ્યો છુ. તે સાંભળી ક્રોધાવીષ્ટ થયેલી મનમોહીની એકદમ બોલી ઉઠી કે, 'અરે, દુષ્ટ ! ! આ દેશ તમારા બાપનો નથી. આ દેશની દોલત તમારા દાદાઓની નથી પણ અમારી છે તમે નિરલજ છો, બે શરમ છો, અને પ્રપંચથી સરવેને ઠગી સર્વેનો હકક ડુબાવી જોર જુલમ ગુજારો છો તે અમારાથી કેમ સહન થઈ શકે એવી તમારી યવનોની દુષ્ટતા ? ધીકકાર છે તમોને ? તમોને ઘડી ના છઠ્ઠું ભાગમા આ દેશનો કીનારો છોડવો પડશે. એ તમારે ખચીત માનવું. હવે તમારો અંત આવ્યો છે, તમારૂં પોકલ સરવેએ જાણી લીધું છે. માટે તો અધમ વાટે જનારા હોવાથી અવશ્ય કુટાઈ મરવાને લાયકજ છે.

સરદાર—એમ હું તારા રોબથી કે તારા ક્રોધથી ડરી જઈ તારે તાબે થનાર નથી જ્યાં સુધી મારા હાથમાં આ તલવાર છે ત્યાં સુધી તારા જેવી હજારો સ્ત્રીઓ મારી સન્મુખ કાં નથી આવતીઓ.

મન મોહીની—ઠીકછે. એજ આવશે. તારી તલવારને જોઉં છું કે તારામાં ને તારી તલવારમાં કેટલું સામર્થ્ય છે. એમ કહી ક્રોધથી પુકારી ઉઠી કે, 'હે અનુચરો જાઓ જલદી એ અધમનુ શીર ધડથી જુદુ પડેલું મારી નજરે પાડો.

એટલું બોલતાજ એક ચક્ર દોડતું દોડતું આવ્યું અને મલેચ્છ સરદારનું શીર ધડથી ધધડાવી પાડયું. યવન સરદારનુ શીર ઉડતાજ ત્યાં એક મોટો ધડાકો તથા પ્રકાશનો ચમકાત થઈ ગયો તે જોઈને શ્રી દેવીની આંખોજ અંજાઈ ગઇ તેટલામાં એક મોટો બ્રહ્મરાક્ષસ મનમોહનીની સભા અને શ્રી દેવી વચ્ચે આવીને ઉભો રહયો તેને જોઈને મનમોહીનીએ પુછયું કે, 'હે મંત્રધમ મહામોહ રક્ષક મહારાક્ષ તું કેમ આવ્યોછુ. બ્રહ્મરાક્ષસે કહયું કે, હે બેન !! તારો પીતા પાંચ દીવસ થયા કામમાં ગુતાએલા હોવાથી મને ચારો કરવા જવા મળ્યું નથી. જેથી એક વાર મને ભક્ષ કરાવો પછી હુ મારા આવવાંનું કારણ વીદીત કરીશ. હાલતો મને બોલવા જેટલી શકિત પણ નથી.' મનમોહીનીએ તેને યવન સરદારનું માથાં સીખે શરીર ખાવા આપી દીધુ. તે ખાઇને તથા સરદારનાં તાજાં મીઠાં લોહીથી તૃપ્ત થયેલો રાક્ષસ પાછો મનમોહની પાસે આવી બેઠો. તેને પ્રેમથી મોહીનીએ પુછયું કે, 'કેમ ભાઈ, ધરાયો ?'

બ્ર. રાક્ષસ—હા બાઇ, બાકી શું રહે ? તૃપ્ત તૃપ્ત થઇ ગયો. એવો જબરો જવાન, કે નાકસુધી ધરાઇ ગયો. એમ કહી "હોડકાર" લેતો પેટ પર હાથ ફેરવવા લાગ્યો. તે જોઈ સંતુષ્ટ થયેલી મનમોહીનીએ ફરીને પુછયું. હે ભાઈ ! ! હવે આવવાનુ કારણ બતાવીશ ? જો ટાઢો થયો હોય તો કહે.

બ્રહ્મરાક્ષસ—જો સાંભળ તમારા બાપનો એવો હુકમ છે કે, આ "કત્લેઆમ" નું ઝાડ અને ઇંદ્રજાલની અમારી નદીનું સ્થાન ઘણું જણુંના જાણુવામાં આવી જવાથી બદલાવી નાંખવું.

મનમોહની—બદલાવીને ક્યાં લઈ જવું ?

બ્રહ્મ રાક્ષસ—અધ્ધર હવામાં રાખવું.

મનમોહની—ના બા, ત્યાં તો બહુ તસ્દી પડે.

બ્રહ્મ રાક્ષસ—તો પછી જાહેર કાં પડો છો ?

મનમોહની—શું કરીયે ? ઉપાય શો ?

બ્રહ્મ રાક્ષસ—જેટલાં અહીં આવે એટલાંને જકડી લેવાં, જવા દેવાંજ નહી. ઇંદ્રજાલ આગળથી જવા કોણ પામે.

પ્રીયવાંચક ! ! ઉપલી વાતચીત પરથી શ્રીદેવીતો મનની મનમાંજ લેવાઇ ગઈ. ભવીષ્યમાં શું થશે તે કંઈ સુઝે નહીં એટલામાં મોટું વાવાઝરડું આવીને બ્રહ્મરાક્ષસ ઉડી ગયો. મહેલ ફના ફઈ ગયો. અને વૃક્ષ બની જઈ શીર લટકતાં થયાં. અરૂણોદય થયો. પક્ષી કલોલ કરવા લાગ્યાં, અને શ્રીદેવી પાછી સ્તબ્ધ થઈ ગઈ. ઘડી પછી મનમોહની વૃક્ષ પરથી ઉતરીને શ્રીદેવી નજીક આવી.

મનમોહીની—હે પુરૂષ વેષા સ્ત્રી ! ! તું અહીંથી નીકળી જા. નહી તો તને પશ્ચાતાપ થશે.

શ્રીદેવી—પશ્ચાતાપનું કારણ શું ?

મનમોહીની—તું પણ આ બધા પુરૂષોની સ્થીતીએ પહોંચી જશે.

શ્રીદેવી—પહોંચાડનાર કોણ ?

મનમોહીની—હુંજ પોતે.

શ્રીદેવી—તું કોણ છે ?

મનમોહની—જે છું તે, જોઈ લે,

શ્રીદેવી—મને લાગેછે કે, તું પ્રત્યક્ષ રાક્ષસી છે.

મનમોહની—શા પરથી તું એમ બોલે છે.

શ્રીદેવી—તારાં કર્મો પરથી.

મનમોહની—શું મારાં કર્મોમાં કુટીલતા છે. તે પણ કહી શકે ?

શ્રીદેવી—તારા મનમાં વીચાર તું સર્વે સમજે છે. કુટીલોનાં કર્મો વર્ણનમાં આવી શકતાં નથી. તેમ કોઈએ વર્ણવેલાં પણ નથી.

મનમોહની—આપ જેવો જગ. જાણીને તું બોલેછે. મારી કુટીલતા સીખ્ય તો કરી આપ. પછી બોલ.

શ્રીદેવી—તું તો શું, પણ તારો બાપ પણ કુટીલ છે.

મનમોહની—(રાગથી) બાપ સુધી જનારી તું કોણછો ? સ્ત્રીને માટે હુકમ નથી. પુરૂષ હત, તો કયારનો ઝાડે લટકત.

શ્રીદેવી—અઘોરકર્મી સજ્જનોને શું લટકાવે ? પોતાનાં કુકર્મથી ઉલટાં પોતેજ લટકી પડેછે.

મનમોહની—(ગુસ્સાથી) જવાદે મુર્ખી આ અભીમાન, દુઃખના દહાડા કાં વહોરી લે છે.

શ્રીદેવી—પ્રારબ્ધ મીથ્યા થનાર નથી, બનનાર તે બનનારજ. પણ તમારાં જેવાં કુટીલોનો છેડો પણ લેનારજ. નહીં તો આ કાર્ય છોડીદો. ગુફામાં તાદો બાપ અને અહીં તું શા કારણથી આવાં ઘોર કારજ કરોછો ? અરે કયા ભવ સારૂ આ પાપના ભારા બાંધોછો. આનું પરીણામ શું આવશે ? અંતે ફળ શું મેળવશો ? કંઈ ઈશ્વરનો ડરતો રાખો. જગતમાં પરોપકાર શોછે ? તેનો તો વીચાર કરો, નહીં તો દુઃખી થશો.

મનમોહની—(અતીક્રોધથી) આટલું કહેવાનો તને શો અખ્ત્યાર છે ? તું કોણ બોલનાર. હવે મારો મગજ તપી ગયો છે. અત્યારસુધી તને માફ કર્યું છે. પણ હવે પછી નહી થશે. તેથી જા જલદી નીકળ, નહી તો ફસાશે. પસ્તાશે અને દુ:ખી થશે.

શ્રીદેવી—થઈ, થઈ, તું શું કરશે. હું તો તારા બાપનો અંત લઈ તને હાથ કરી આ બધા પુરૂષો અને ગુફામાનાં રાજ બીજાને મોકલા કરીને પછી જનાર છું, તાંસુધી નહીં. તેતું પકકુજ સમજજે.

મનમોહની—(ઘણીજ ખીજવાઇને) હાં ! ! તો લે લેતી જા. એમ કહી જાદુઈમંત્રથી તેણીને મોહમાં ગુંથાલી ઝાડ નજીક નજીક પહોંચાડી, બોલીકે હવે છોડેછે ? કે, હેરાણ થાયછે ? ?

શ્રી દેવી—જે બનનાર. પણ હકુ છુટેજ નહીં ? તેથી વધુ ચીડવાઈને મનમોહીનીએ તેને ઝાડનાં જાડા થડ વચ્ચે પાછે ભાગેથી અરધી જડી દઇને કહયું કે, 'માને છે ? કે માહી ખોશી ઘાલું ?

શ્રી દેવી—ચાયસેકર હું એક ટલી બીજી થનાર નથી. સત્ય નો બેલી રામ. મારો ઈશ્વર મારી નજીકજ છે. એમ જાણજે.

મનમોહની-વારૂ ! ! જોઉં તારા ઇશ્વર. એમ કહીને તેણીને ઝાડમાં પેશાડી દીધી ફકત માથુંજ બહાર રાખી બોલીકે 'લે બતાવ હવે તારા ઈશ્વરનું ઐશ્વર્ય' મેંતો તને ઝાડમાં ખોશી ઘાલી સ્ત્રી જાણીને ઠાર ન મારતાં તારૂં માથું માત્ર બહાર રહેવા દીધું છે.

હવે બનતું કર એમ કહીને પોતે ઝાડ પર ચઢી શીરરૂપે લટકવા લાગી. કરેલા કૃત્યનો પસ્તાવો થઈને ફશાઈ જવાથી શ્રી દેવી શ્રીહરીનું સ્મરણ કરવા લાગી. ઘણીજ ગભરાઇ ગઈ અને જીવનની આશા છોડી ને નીરાશીથી આક્રંદ કરવા લાગી. ઝાડમાં જકડાએલી શ્રી દેવી પ્રાણાંતના સંકટમાં પડેલી અને મનની મન માંજ સમાઈ જવાને લીધે બહુજ ગભરાઈ જઈને પોતાના પ્યારા કોક પ્રત્યે બોલતી હોય તેમ મન સાથે કહેવા લાગી કે ' હે કોક ? ? તેંજ મને રખડાવી મારી, તારી પ્રાપ્તીના પ્રયાસમાં મારા મનમાં જે ધૈર્ય અને હીમ્મત દ્રઢ થયા તેણે મને તદ્દન નીર્ભયજ બનાવી નાંખી જેથી આ કાર્ય અરે, મારૂં સુર્ખાઈ ભરેલું આ પગલું મેં ભરયુ. આગળ મહા સકટોમાંથી મુકત થવાને લીધે પાછું પણ મેં નીડર પણે પગલું મુકયું. પણ હવે આ અંત કાળના સંકટમાંથી છુટી શકાય તેમ નથી. હવે તારાને મારા છેલ્લા નમસ્કાર. એક વખતના પણ દરશન મેળાને સારૂં હું અંત કાળમાં પડી તેમજ તું પણ તેને યાદ કરજે. શાનો કરીશ. મારી મનોવૃ-તી અને સ્થીતીને તું શું જાણે. અરે, મારા આ અદભુત કાળને મારાં રાંકડાં રાજવી માબાપ, કે જેનું હું આ આલમમાં એકજ ફરજંદ છું, તેપણ શું જાણે. હા, એક મારૂં મનજ જાણે. અથવા જાણુવાવાળો એકજ તે જાણે. જે સર્વત્ર સાક્ષી ભુત તથા મારાં શુચિભુત અને ન્યાય, નીતીપણાને પણ જાણેછે. અદ્યાપ પર્યંત જેણે વારવાર પ્રાર્ણાત સંકટ માંથી પાર પાડીછે. તેજ પરવરદીગાર પરમાત્મા પોતેજ જ્યારે આ વખતે પરિશ્રમ ઉઠાવશે ત્યારેજ આ સહાસિક શ્રીદેવી તરૂ બંધનમાથી મુકત થશે. હે વિશ્વંભર તું કંઈ મારો તાબેદાર નથી નોકર નંથી દેણદાર નથી કે હુંપણ તારી

દાવાદાર નથી પણ તે મને એક રાજ રત્ન બનાવેલ છે, વળી મારી રૈયતમાં મારી નગરીમાં અને છેવટ મારા શરીરમાં પણ તુ સાક્ષી ભુત, સર્વજ્ઞ, અને સ્વામિત્વપણું ધરીને રહુયોછે. જેથી માત્ર માત પિતરાને નાતે ફકત એક નિર્વ્વલ વાત્સલ્ય પ્રેમથીજ મારો એક દાવો તારાપર ઠરેછે. તે વ્યાજબીછે. તેમાં તુંથી ના કહેવાય તેમજ નથી. તારા સંબંધના ન્યાયમાં કોઈ પુરાવે: કે ન્યાયાધિશ હોતો નથી, તું સ્વતંત્ર ન્યાયધીશ ફરિયાદીની સ્થાતપર ન્યાય આપનારો છે.

જેનું સાક્ષાત સરસ્વતી અષ્ટપ્રહર સ્તવન કર્યા કરેછે. તેની હું શું સ્તુતી કરૂં ? કયા સ્તોત્રથી તું રાજી થા ? હું તો એકે નથી જાણુતી. જણાવનાર તું તેનાથી જાણુંછું કે, ઉપલા પ્રેમનો તું મારો દેવાદાર છે. તેથી મારો દાવો ચુકાવવો વ્યાજબી છે. આટલાં ભેગું એક સંકટ બીજું પણ નીવાર એજ મારી વારંવાર વીનંતી છે. હવેથી બહુજ વીચારીને પગલું ભરીશ. તને કષ્ટમાં નહીં પાડું.' આવી રીતે અર્જ કરતી પ્રાણાંતના ગભરાટમાં પડેલી શ્રીદેવી પ્રાણ વીહ્વળ બની ગઈ. એટલામાં દૈવીચ્છાથી ત્યાં એક દમ મહાપ્રલય જેવો તોફાની પવન છુટયો. જેથી એકદમ અંધી ફેલાઈ ગઈ. અને ભયંકર જવાલામુખી જેવો ધડાકો થઈને જબરો પ્રકાશ થઈ ગયો. તે સાથે એક વીકરાળ અને વીચીત્ર આકૃતી આવીને ત્યાં પ્રગટ થઈ.

આકૃતી ઉત્પન્ન થતાંજ ઝાડ લોહના સ્થંભની પેઠે પૂડાક કરતું ફાટી ગયું. મનમોહની સુંધાં બધાં માથાં ધડાધડ નીચે પડી ગયાં. અને શ્રીદેવી વીજળીની પેઠે સહી સલામત ઝબકારાથી

કુદીને આકૃતી આગળ આવી ઉભી. જેને પોતે સાક્ષાત ઇશ્વરી માનેછે. એમ જોઇને ધીરજથી સાનંદાશ્ચર્ય યુક્ત થઇને ઉભી રહી

ચમત્કાર ચોથો (બીજા ભાગથી ચાલુ.)

આકૃતી આગળ ઉભેલી શ્રીદેવી દેહાંતથી છુટી તેથી સુખતો પામી, પણ કદી ન નીહાળેલી આ તદ્દન નવી વીકૃત આકૃતી જોઇને વળી ભવીષ્યના ભયમાં લીન થઈ ગઇ. જેથી તેણી કંઈ પણ બોલ્યા વગર મુંગે મોઢે સ્તબ્ધ થઈ ટગમગ જોતી ઉભી રહી.

પ્રીય વાંચક !!! તું જાણેછે, કે આ આકૃતી કુદરત તરફથી તેણીનાં પ્રારબ્ધનો ઉપભોગ લેવડાવવાની મદદગાર ઇશ્વરી બક્ષી સજ હતી. તેણી તેણીને ધીરજ દઇ ધીરેથી બોલીકે, ‘ હે શ્રી દેવી ! ! ! શાંત થા, ધીરજ ધર, ધારણા રાખ. બીલકુલ ધડકમાં, નીર્ભય થા. હવે તું સર્વ ભયથી મુકાઇને અભય થઇછો, જેથી તું તારાં સઘળાં કાર્યો નીડરપણેથી કર. નીર્ભય થવાથી આગળ વધારે જય મળશે. જેમ તું હીમ્મતવાન છે. તેમ દૃઢ થશે. એટલે પછી તારૂં સઘળું કાર્ય સત્વર સીદ્ધ થશે. હે વીર ! ! ! હે બાળા ! ! તારો સર્વત્ર જય થાઓ, તારી કીર્તીના સ્થંભો રોપાઓ તારી જયધ્વજા જયાં ત્યાં ફરકી રહો, સુર્ય સમાન તારી કાન્તી સદા પ્રકાશિત રહો. શ્રી ગણનાયક જેવી બુધ્ધિશાળી થાઓ તારો સુજસ જગતમાં છવાઇ જાઓ અને હમેશાં સુખી રહો. એ આશિર્વાદ મારા અંતઃકરણપુર્વક મેં તને આપ્યોછે. તારી હિમ્મત દઢતા અને સંકલ્પને ધન્યછે. રંગછે તારી ક્ષત્રાણી જાતિને કે તે તારા નીશ્ચયનો અંતકાળસુધી પણ ત્યાગ ન કર્યો. તારી આવી ચપળ અને સુક્ષ્મ બુધ્ધિ અને એક ટેકીપણું તથા નેકી જોઈનેજ હું

તારી સહાયતાએ આવી. એટલુંજ નહિ પણ તને એકદમ મોહ જાળમાંથી મુકત કરી. તેથી હવે તું નિર્ભય અને ભવિષ્યના કાર્યમાં તાત્કાળ સુચક થઈછે જેથી જરાએ ગભરાઈશમા જેવી તને મેં ધા રી હતી તેવીજ તું નીવડી છે, માટે હવે કશીએ ફીકર રાખીશ નહિ બેફીકરી થઈ ફકીરની પેઠે મસ્ત ફર્યા કર. તું કુળવાન હોવા થી જેના ઘરમા હઈશ તે સામાના કુળને તારનારી કુળદિપક થઈ શ. તેમાં કશો પણ શક નથી. જેને સારૂ તું વિયોગી બની વન વન ભટકેછે તે હવે કોકનો યોગ થોડા કાળમાંજ તું કરીશ જેના પર તારી એક નિષ્ટા અને શ્રધ્ધાછે તેવીજ તેની સાથે સર્વદા રાખીશ તો તે તને ઘણીજ ફળદ્રુપ થશે. આસ્થાથી પથ્થર પણ ફળેછે અ ધાપ પર્યંત મેં તને કસોટીમાં ખુબ કસીછે અને તેમાં તું પાર પડ વાથીજ મેં તને સંકટ સમયે સહાય કરીછે.

જેની શોધ સારૂં તું રાત્ર દિવસ મથેછે તે તારો પ્યારો "કોક," તેની એક બ્હેનપણી "શ્રીરંગા" નામની એક રાજ કન્યા અને તેનો સ્નેહી ગુણનીધી તથા કળાધર નામના એક ઘોર જાદુગરની બે દાસીઓ પણ દક્ષિણ દિશામાં આવેલા કાળા પર્વત નામના એક પહાડની ખીણમાં એક ભયંકર ગુહામાં મહાદુઃખ ભોગવે છે. યાદ રાખજે કે, તુંતો હજી સુધી સ્વતંત્રછો. પણ તેઓતો તદન પરાધીન સ્થતિમાજ છે. તુંતો નારાયણના ઉદયાસ્તને જોઇ શકેછે. એટલુંજ નહિ પણ રોજ તાજા મીઠાં ફળો આહાર વાસ્તે મેળવી શકેછે, જયારે તેઓનેતો તેમાંનું કશું પણ પ્રાપ્ત થતું નથી.

.. કારણ માત્ર એટલું છે કે, તું જાગૃતાવસ્થામાં ભમતી હોવાથી સુખ દુઃખને અનુભવી શકેછે અને એઓ મહા મોહજાલની અંદર સમાધીસ્ત થઇ સુષુપ્તિમાં પડેલા હોવાથી કશુ પણ જાણુતા નથી તેમ ભુખ તરસ તેઓને બાધતી નથી. એટલોજ અંતર માત્રછે. પણ હવે તું તો સર્વ મોહથી નિવૃત છો. આ મોહનું કારણ, આ કત્લે આમ વૃક્ષની ઇંદ્રજાળ સ્થાપક મહા, મોહ ગુફાકાર મનમોહીનીનો, પિતા મહામત્રી, પોતેજ છે. ગુણનીધી અને કોકની રક્ષા સારૂ આદ્યશકતી* તથા રાક્ષસાધીપે આપેલી અમુલ્ય વસ્તુઓ મહામંત્રીએ જાદુઇ બલથી લઈ લીધોછે. ઉપરાંત કળાધરની સખીઓ પાસેથી અમુલ્ય ચાર રત્નો તથા કળાધરના મૃત્યુ રૂપીઃપોપટ પણ મહા મત્રીએ મંત્રબલથી હરિ લીધાછે.

તે તું તારા સ્વાધીનમાં લેજે. અને તે કાલા પર્વતની ગુફા પણા મહામંત્રીના મહામંત્રીની પ્રસાદી છે. તે તું જયારે મહામંત્રીની મહા ગુફાની અંદરના પાંચમે દરવાજે દાખલ થઈશ તે વખતે મનમોહીનીનો સ્પર્શ મહામંત્રીને થતાંજ મહામંત્રી મરણ પામશે. અને મનમોહીની સોલવરસની સુંદરી બની તારી તાબેદાર દાસી બની જશે. તે વખતે આ કાલો પર્વત તાશપામીં તેની જગ્યાએ એક સુંદર મહેલ બની જશે. અને ના મહામંત્રીની મહા ગુફાની સર્વ રીદ્ધી સીધ્ધીથી તે મહેલ દીપી નીકળશે. અને તારા સ્નેહીઓ મોહમાંથી જાગૃત થઈ નવા મહેલની નવીન રચનાનો રંગ જોઈ આનંદમા તલ્લીન બની જશે.

---

* પહેલો અને બીજો ભાગ વાંચો.

હાલમાં માગધાધિપતિના સાળા એટલે રાણીજીના ભાઈએ માગધ દેશને ઘેરો ઘાલ્યો છે. પણ મહામંત્રીએ તે ઘેરો તથા રાજ કર્ત્તાને પણ મોહુજાળમાં મગ્ન કરી મુકયાછે.

હવે એ બધા કાર્યમાં તારીજ કુશળતાનું કામછે. તારા હસ્ત કમલમાં મનમોહનીનું મસ્તકછે. તેજ દરેક વખતે તને કામ આપ શે. જયારે તું જાદુઈ ગુફા પાસે અથવા લશ્કરના ઘેરામાં જાય ત્યારે હું કહું તે રીતે તે તારે તે માથાનો ઉપયોગ કરવો.

જો, ધ્યાન દઈ સાંભળ. આજુબાજુથી બલતણ એકઠું કરીને અગ્નિ કરવો પછી તે પર તે માથું પકડી રાખવું. એટલે ગરમીથી તે માનું લોહી ટપકવા લાગશે. જેમ જેમ અગ્નિમાં તે રકતનો હોમ થતો જશે તેમતેમ સર્વ જાદુ કળાનો નાશ થતો જશે. મહામંત્રી સામે આ કાર્યકરવાથી તે ગભરાઈને શરણ થશે. તથા કાકુળીદીથી તારા પાસેનું મસ્તક માગશે. પણ તું એક ટલી બીજી થતીના દયા કરી મસ્તક દેતીના. નહિતો મસ્તક વગરની થઈને પ્રાણ મુકશે. યાદ રા ખજે. આ વચન ભુલતી ના વલી લે હું તને એક મારૂં ત્રીશુળ આપુંછું તે તું સંભાળી રાખજે. સામે આવેલા શત્રુનો તુર્ત નાશ કરવા તેમજ જલદી મારી મુલાકાતમાં પણ તને ઉપયોગી થશે કેમ? કરીશ, તો સાંભળ એ ત્રીશુળ જેના પર ફેંકીશ તેનું માથુ વાઢીને તુરત પાછું તારા હાથમાં આવી ટકશે. જયારે મને મળવું ત્યારે આ માથાની ખોપરીમાં તું ટોચીશકે જાણે હું તારી પાછળ હાજરજ છું. પણ મુદ્દેવાત એકે, ત્રીશુળ સાથે આ માથું જતન થી જાળવજે, એજ તને આગલ ઉપયોગી થશે. એના લોહીથી સર્વ જાદુનો નાશ થશે, અને તને અડચણ ન આવતાં આગ

સનાં કાર્યને મદદ મળશે તેથી સાવચેતીથી કામ લેજે. એમ કહી આકૃતીએ તાળી પાડવાથી ઝાડ અધ્ધર હવામાં હવા રૂપ થઈ ઉડી ગયું. માથા રૂપે લટકતા પુરૂષો મુકત થવાથી આકૃતિને પ્રેમપુર્વક નમસ્કાર કરી તથા શ્રી દેવીનો મોટો ઉપકાર માનતા ઉભયની આજ્ઞા લઈ સ્વસ્થાન પ્રત્ય રવાના થયા. મહામંત્રીની પાછી મુલાકાત નથાય એવા ભયથી જીવ લઈને પાછલી વાટે નાઠા બાદ આકૃતિ અધ્શ્ય થઈ ગઈ.

હવે મહામંત્રીની ઇંદ્રજાલનો નાશ કરી સર્વ રાજવંશીઓને છોડાવી જમણા હાથમા મનમોહિનીનું મસ્તક અને ડાબ હાથમાં ત્રીશુળ લઇ નિર્ભય એવી હિમ્મત અને હોંસથી સાધનયુકત શ્રીદેવી વનદેવીના જેવી વિક્રાળ મુદ્રાથી વનની વાટે મહામંત્રીના અંત સારૂં તથા માગધ કેદીઓને છોડાવવા સારૂં ઉલટભેર મહા મોહ ગુફા તરફ વળી નીકળી.

પ્રિય વાર્તા વિલાસી !!! હવે શ્રી દેવીને આ વખત મહાદેવીના રૂપમાં વનવગડામાં રમવા ભમવા દે. ચાલ, હવે આપણે પેલા રજોગુણી રાજ યોગી તરફ માથું ફેરવીએ. જો !! હવે જોગી કતલે આમ વૃક્ષથી જીવ લઈને નાઠો, તે એક નિર્જન મેદાનમાં આવી ચઢયો. મધ્ય મેદાનમાં એક લીલા ઝાડ તળે વિશ્રાંતી સારૂ બેઠો. બેઠો બેઠો મનમાં કલ્પના કરવા લાગો કે હે દૈવ ! ! ! આ જગતમાં જન્મીને મેં કંઇ પણ “ પુરૂષાર્થ ” કર્યોજ નહી. સ્ત્રી સરખી પણ ભવ્ય કામોમાં સોંસરવી જતાં આપણાથી જ્યારે કશુ પણ બનતું. નથી, ત્યારે આપણ શું કેવળ નર પશુ નથી ? ખરેખર એક નર પથ્થરજ છીયે. જેવા જો પુરૂષ

પણું ધરાવતા હોય, તો ગયેલી લક્ષ્મી પાછી પ્રાપ્ત ન કરી શકાય? કેમ ન કરી શકાય? બેશક કરી શકાયજ. પણ એટલું એ કંઇ પોતામાં મીઠું જોઈયે ના? કયાં છે? નથી. કશુંજ નથી. નામ માત્ર "રાજબીજ," પણ કામ તો કંઈજ નહીં, પુરૂષાર્થનું નામજ નહીં, પરોપકારનો સ્પર્શજ નહીં, હીમ્મતનો લેશ પણ નહીં, બુદ્ધિનો અંશ પણ નહીં અને કાર્યની કુશળતા પણ નહી તે નહીંજ. કશુંએ નહીં. અમો તે કોણ? "નરખર" થી એ નપાવટ. જે બોજો ખેંચવાના કામના પણ નહીં. નહીં તે નહીંજ. હવે સીંહ કેમ થવું. તેનો કાંઈક વીચાર યોજવો વ્યાજબી છે. "હીમ્મતે મર્દા, તો મદદે ખુદા" એ કહેવતનો ઉપયોગ કરવા દાખલો તો તાજોજ અનુભવેલો છે. પણ નાદાર મન જો ખરી હીમ્મત બાંધે, તો સઘળું હાલ બને. મનની હીલચાલ કોને તાબે છે? તાબે એટલે? તે સર્વદાને સારૂ સ્વતંત્ર છે. સ્વતંત્રતા શી? અને શાથી? પોતીકા મેલેજ એજ તેમાં કોઇનો કશો પણ સંબંધ નથી.

અસ્તુ. આપણો પુરો સંબંધ છે. અને તેથી મનને પૂરમાવીએ છીયે કે, હવે તું હીમ્મત પકડી હરીહરનું ધ્યાન ધરી નારાયણેચ્છા પર મુકી કરી સ્વરાજ્ય મેળવવા તત્પરથા. જા, ઝુક મરણીયો થઇને એકલોજ પોતાની ગાદી પર ચાલ જીવ ઉઠ. થા તત્પર આળસનું કામજ નહીં. "વીચારમાં ડુલી જાવું નહીં" "પોતાની ઉલટ 'ઉત્તમ શુકન" ચાલ સીધાર, માર ઝાપ્પો, દેધાપો, ઉરાડ ગપ્પો. ટપ ટપ્પો હાથ થાય. વીલંબમાં બંબ બાજી જાય. જે થાય તે ઝટપટ. "ખટપટ વગર ખાટ ખોટી"

જલદીમાં જરૂર લાભ છે. ઉઠ તન ! ! જા શરીર ! ! કુદ પ્રાણ ! ! મનની હીમ્મત પુર્વક તને પુરેપુરી પ્રેરણા છે. ઝાડ ઝપટ જા દોડ તોડી ખાં. ફળ મીઠાં. જે આજ પર્યંત કોએ ન દીઠાં.

એમ વીચાર કરતો જુસ્સાની ઝુમમાં ઝુકતો રાજયોગી એક સામી વાટે ઉઠી ચાલ્યો. રસ્તામાં જતાં પશુ, કીટ, કે કાંટા ઝાડી તરફ પણ તે જરાએ ચીત્ત દેતો ન હતો. એમને એમ હાથ આવતી વાટે અથડાતો ભટકતો રાજયોગી ભુખ અને પંથના દુઃખથી ત્રાસેલો ત્રીજે દીવસે માગધ દેશની રાજધાનીના ઘેરા વાળા કીલ્લાની નજદીક આવી પહોંચ્યો.

કલ્પનાના કપાટમાં ફાંફાં મારતો રાજયોગી પોતાના ધ્યાનમાં બેભાન બનેલો એવો આગળ વધેછે, કે એક તાંત્રીક માણસે ખુંખારાથી ખમાવી અટકાવી દીધો. કોઈએ અટકાવવાથી શુધ્ધીમાં આવી ઉંચી ગર્દન કરી જોતાં માટીનાં પુતળાંની પેઠે સ્તબ્ધ ઉભેલાં મનુષ્યો માત્ર જણાયાં. ત્યાં કોઈ સચેત ન છતાં આગળ વધાય તેમ ન હતું. જેમ જેમ માણસ આગળ ધસે, તેમ તેમ તેને ખુદરતી ધકકો લાગીને ઉલટો ત્રણ કદમ પાછો હઠે આવી ગોઠવણથી અજાયબી પામેલો રાજયોગી પરમહંસ પેઠે સ્તબ્ધપણાથી ગંભીર મુદ્રાએ ગુપચુપ ઉભો રહયો.

એટલામાં દૈવયોગે વનવીપની વીચરતી વનદેવી શ્રીદેવી "શીર ત્રીશુળ" સાથે ત્યાં આવી ચઢી. દાસી ન હોવાથી જેણીની વેણી તાપસીની જડાવની પેઠે જામીને પીઠપર વીખરાઈ રહી છે. માર્ગની રજ ઉડી ભરાવાથી નેત્રો આરકત થઇ રહ્યાં છે.

વનના વીકટ પ્રવાસથી સર્વાંગે ઘામનાં બીંદુ ઘમઘમી રહ્યાં. છે. તથા આખા શરીરમાં ધુળ ધમકી રહી છે. એવા ભયંકર બ્હે ખાકુળા, રૂપમાં ડાબા કરમાં ત્રીશુળ અને જમણામાં રૂમાલે લપેટેલું મનમોહનીનું મસ્તક ધારણ કરીને સાક્ષાત કાળી જેવી વીક્રાળ મુદ્રાથી આવી ઉભી રહી. તેણીને જોઇને પ્રથમતો રાજ યોગી ચમકયો. પણ પછીથી ધારી જોઈને ખાત્રી પર આવ્યો. બાદ નમૃતાપુર્વક રાજનીતીથી બોલ્યો કે, 'હે દેવી !!! આપ એક દયાળુ રાજબીજ છો. તેની આજ પુર્ણ ખાત્રી થઈ. આવા સંકટમાં આપે મને મદદ આપી, એ મારા પર કેટલી કૃપા ? કહેશો પારજ નહી. હું કાંઇ પણ નથી જાણુતો, કે હું કયાં અને કેમ આવ્યો ? આપ મને તેનો રસ્તો સુઝાડો. કારણકે, આપ પુર્ણ છો.' રાજયોગીની એ પ્રાર્થના પરથી પ્રસન્ન થએલી શ્રીદેવી ધીમે સાદે રાજ રામાની રીતથી બોલીકે ' હે રાજવીર !! આ માગધ દેશનો રાજ કિલ્લો અને મહામંત્રીના મોહથી છાવણીન છવાઇ રહેલી છે'

રાજયોગી—તે મોહનો ભંગ નહીં થઈ શકે ?

શ્રીદેવી—(ગેલથી) થવો મુશીબત નથી.

રાજયોગી—ત્યારે થવાદોને જરા (લહેકાથી

શ્રીદેવી—(હાસ્યથી) પ્રયોજન શું ?

રાજયોગી (પ્યારથી)—પાછળથી પુછજો.)

શ્રીદેવી—ફળ શું ?

રાજયોગી—પરીણામે જણાશે. એમ હાસ્યો વીચારથી એક બીજાનું સન્માન કરતાં રાજયોગીની દૃઢ ઇચ્છા જોઇને શ્રીદેવીએ લશકર જગાડવાનો પ્રયોગ શરૂ કર્યો. તેટલામાં વીક્રાળ મુદ્રા અને

લાલ ડોળાથી, દાંત કકડાવતો, હોઠ ફફડાવતો તથા હાથનાં તળીયાં ઘસતો મહામંત્રી જાણે હવણાંજ બધાંને ગળી જશે. એવા આવેશથી ત્યાં આવી પહોંચ્યો. પણ શ્રીદેવીનાં દર્શનથી વશ થઇ કાકલુદી કરી મોહ અટકાવવા પ્રયત્ન કરવા લાગ્યો. તેની આજીજી પર ધ્યાન ન દેતાં પોતાની દૃઢતાથી શ્રીદેવી આકૃતીએ કહેલી ક્રીયા પ્રમાણે પ્રયોગ કરીને લશ્કરને તાબડતોબ સાવ ચેત કરી નાંખ્યું. તેથી મહામંત્રી ચીસ નાંખીને નાઠો; નાસતા મહામત્રીને પકડી પાડવા શ્રી દેવીએ તુરત જાદુઈ માથાને આજ્ઞા કરી તેણીએ કહ્યું કે, 'હે જાદુગરની પુત્રીનાં મસ્તક ! ! આ વખતે તુંજ સર્વ કાર્યના સાધક રૂપે મારૂં મદદગાર છે! કુદરતી "આકૃતી" ના ઠરાવ પ્રમાણે તારે મારે તાબે રહી બરાબર સેવા બજાવવી ઘટેજ છે. જો તેમાં કશર કરીશ તો હું પણ તારો છુંદો છુંડો કરી નીરજીવ બનાવીને ફેકીજ દઈશ. જોઉં તું કેવી સેવા બજાવે છે ? જા જલદી, જેમ તને છોડું છું તેમજ કાર્ય ભાગ પાર પાડીને જલદી પાછું મારા હસ્ત કમળમાં આવી અટક જોઉં. ઢીલકે ગડબડ અથવા કોઈ જાતનો પક્ષપાત કરીશ તો તુરત પછવાડે ત્રીશુળ આવીને તારો ઘાણ વાળી દેશે. વાસ્તે સાવધાન રહેજે. જા પાખંડી મહામંત્રીને જલદી પકડી લાવ જા જોઈયે, જલદી જઈને આવ, જાતો ઝટપટ જા એમ કહી માથાને અધરનું અધર ઉડતું ગડબડતું મહામંત્રી ઉપર છોડયું. અને તેને દોડતો એકદમ અટકાવીને છાતીમાં ધડાધડ પછડાવા લાગયું એથી ગભરાઇને મહામંત્રી સબવત જેવો થઈ પડયો. પરંતુ મસ્તક શ્રી દેવીના હાથથી છુટું પડવા

ને લીધે તે પાછો જાદુઈ કળામાં ફાવતો થયો તેણે તુરત ત્યાં એક જાદુઇ કારમો કીલ્લો ખડો કરી આપ્યો જેથી પોતા વચ્ચે અને શ્રી દેવી વચ્ચે એક ભયંકર ભીત ઉભી થઇને તેની આડું સઘળું લશ્કર ઢંકાઈ ગયું અને પોતે પણ શ્રી દેવીને દેખાતો બંધ થયો. આવું તેનું કુટીલ કાર્ય જોઇને શ્રી દેવી ગભરાણી, મસ્તક છુટું મુકવાથી પસ્તાણી અને હવે શું કરવું એના વીચાર માં ઉભીછે એટલામાં એકદમ અંધકાર થઇ જઈને પ્રચંડ પવન નો સુસવાટો આવ્યો તે બરોબર તોપના જેવા મોટા ધડાકા સાથે તે કારમી ભીત ફાટીને ઉડી ગઇ. વીક્રાલ થયેલો મહામંત્રી ની છાતીમાં મસ્તક અને માથે ત્રીસુલ ચોંટી રહીને જમીન પર લોટતો હતો એવી દશામાંજ તેને તુરત બાંધી લઈ કબજે કરવા શ્રી દેવીએ રાજયોગીને સુચવ્યું. ગભરાએલા અને નીચે પડેલા શત્રુને દબાવવો એ રાજ્યનીતીથી વીરૂધ્ધછે એમ રાજયોગીએ કહ્યું. પણ તે નીતી પર સંતોષ ન પામતાં એકદમ ઉતાવલથી શ્રી દેવી ફરીવાર બોલી ઉઠીકે, 'ભોલા કેમ બનોછો? પ્રબલ અને માયાથી શત્રુને પ્રપંચ વગર હાથ કરવાને ઇશ્વર પણ શકતી ધરાવતો નથી. જો એમજ હોયતો "ઇંદ્રજીતને" મારવામાં "શ્રી રામ" જેવા મર્યાદા પુરૂષો-તમ પ્રપંચ કેમ કરે? તેમજ "કર્ણ" જેવા દાનેશ્રીને મારવા "શ્રી કૃષ્ણ" જેવા પુર્ણ પુરૂષોત્તમ છળ શા માટે વાપરે? પણ શું કરે? કાલે કરીને કાર્ય થવું ઘટે, તે ઇશ્વરે પણ કરવું જોઇએ, તો બીજાની તો શીજ સત્તા છે. જેથી તઇયાર થાઓ. હાથ આવેલો શીકાર ગુમાવીને પાછલથી પસ્તાશો એટલુંજ નહીં પણ પાછા પરાધીન થશો અને દુખ પામશો.' શ્રી દેવીનાં વચનો ધ્યાનમાં બેસવાથી રાજ્યો

ગીએ. એકદમ મહામંત્રીને મુશકેતાઈટ જકડી લીધો. તેટલામાં લશ્કર વચ્ચેથી ઘેરો ઘાલનાર સરદાર અને તે પાછલ કીલ્લાનો રક્ષક માગધ સરદાર બેઉ બહાર પડીને શ્રી દેવીને શરણે આવ્યા. આશ્વાસન કરતાં શ્રી દેવીએ ધારણા આપી કહયું કે, 'ગભરાતા ના, હવે તમો ઉભયને એક એક સાથે લડવાનું કશું પ્રયોજન નથી. વગર લડાઈએ હું તમારો હેતુ બર લાવી આપીશ. નકામાં લડીને લશ્કરનો "ખો" કરવામાં કશું સાર્થક સમાએલું નથી તમે શાંતીથી મારા કાર્યમાં મદદ કરો એટલે તમારૂં કામ થયેલુંજ પડયું છે એમ માનજો. કારણ કે, મારો સઘલો પ્રયત્ન તમારાંજ ભલાને સારૂ છે તેમાં કંઈ પણ સંદેહ નથી. તે વાતને ઈશ્વર જાણેછે. અને રાજયોગી પણ થોડી બહોત જાણે છે. રાજય યોગીએ તે વાતને ટેકો આપયા પછી પાછી શ્રી દેવી બોલી કે, 'તમો બેઉ સરદાર તમારા આ કેદી મહામંત્રીને પોતાને કબજે બરાબર રાખી મારી સાથે ચાલો એટલે તમારૂં તમામ કારજ થઈ જશે જેથી મારા હુકમનો વીલંબ કરોમાં, સત્વર થાઓ કાર્ય ભાગ જલદી નીવેડો' આજ્ઞા થતાં સરદારોએ મહામંત્રીને પકડી કબજે લીધો માથુ અને ત્રીશુળ પુર્વ રૂપે શ્રી દેવીના હાથમાં આવી ઉભાં. નંતર સર્વ પાત્રો તથા પોતાનાં સાધનો સાથે શ્રીદેવી એક જુરી જેવું પંચ બનાવીને "મહા મોહ" ગુફા તરફ આનંદના ઉછાલા લેતી તથા પોતાની ફતેહથી જય માનતી ચાલી.

પ્રીય વાર્તા વીનોદી !.! ! માગધ કીલ્લાનો ઘેરો સાવચેત થયો તેમજ માગધ કીલાના રક્ષકનું લશ્કર પણ સાવધાન થયું. લશ્કરી માણસો ઘણા દીવસે નીદ્રા ઉડવાથી ખુલેલી ભુખના દુઃખથી પોત

પોતાનાં પોષણુ તથા ચેન ચમન તરફ વળી ગયા જેથી ઉભય સેનામાં શાંતી પ્રસરી રહી. હવે અહીં પંચ લઈ ચાલેલી શ્રીદેવી "મહામોહ" ગુફા તરફ વળી ચાલી. વસંત રૂતુ અને મધ્યાન કાળે માર્ગ ક્રમણુ કરવાથી રાજયોગી અને સરદારો બહુજ પરી શ્રમીત થતા થકા માનસીક દુઃખ ભોગવતા વીચાર કરવા લાગ્યા કે, 'શ્રીદેવી સ્ત્રી જાતી અને રાજબીજ છતાં તેણીને પરીશ્રમ કેમ નહીં જણાતો હોય ?' આમ વીચારમાં તે સઘળા ગરકાવછે. તથા નીત્યના સહવાસથી સહી શકવાની ટેવવાળી શ્રીદેવી કુદરતીએ આપેલી શકતીના મદ્દમાં ઉન્મદ્દ થયેલી મસ્ત હાથીણીની પેઠે આગળ ધસી જાયછે. પછવાડે મજકુર ચોકડી ઘસડાતી જાયછે. આવી સ્થીતીમાં સંધી જોઈને મહામંત્રીએ બે કદમ પછવાડે પડીને પોતાના મંત્રનો એક પ્રયોગ ફેંકી આપ્યો. જેથી ચાલતી વાટે સામેથી એકદમ ગુંગળાઇ મરવા જેટલો ધુંવાડાનો ગોટ આવવાથી બધાં મુંઝાઇ જવા જેવાં થઇ ગયાં. તેટલામાં ચારે બાજુથી આગના ભડકા ઉઠીને માર્ગ બંધ પડયો. અકસ્માત આવો ચમત્કાર જોઇને જુસ્સાભેર ધસી જતી શ્રીદેવી ચમકીને થોભી ગઈ. આજુબાજુ આશ્ચર્યથી જોવા લાગી. અને તેના મનના તુરંગો એકદમ ઓચીંતા બદલાઇ જવાથી હાથના અસ્ત્રોનું વીસ્મરણુ થઈ જઈને; જાણે ભયમાં પડી .. હોય, તેમ ઘાંધી વાંધી બની ગઈ.

હવે શું કરવું ? અને કયાં જવું ? ' તે કંઈ તેણીને સૂઝે નહીં. બ્હેબ્હાકળી બની આમ તેમ હેરવા લાગી. પણ કશો પત્તો મળે નહીં. આતો હું ચાર માણસો સાથે પાછી પ્રાણાંતમાં

પડી, હુવે કેમ કરી રસ્તા કાઢું ? એમ એ કલ્પનામાં પડી વીચારવા લાગી.

તેણીની કલ્પના યુકત વીચાર મુદ્રાથી ચટ ચેતી ગયેલો મહામંત્રી પોતાનો પ્રયોગ વધુવધુ વધારતો થયો. જેમ જેમ અગ્ની નજીક આવતો ગયો, તેમ તેમ સરદાર મંડળ બહુજ ગભરાવા લાગ્યું.

હુવે તો અગ્નીની જવાળા શરીર પર આવી અથડાય છે. અને ઉપાય કંઈજ સુઝતો નથી. એમ જોઇને ધભરાટથી શ્રીદેવીનું ચીત્ત વીવ્હળ થઈ ગયું.

એટલામાં દૈવયોગે માંત્રીક અગ્નીના તાપથી મનમોહનીનાં મસ્તકને ગરમી લાગી ગઈ તેથી એકદમ તેમાનું લોહી ગળી નીકળ્યું. તેનાં સાતબીંદુ માયાવીક અગ્નીના મુખમાં પહોંચી જવાથી, મંત્ર પ્રયોગનો તુર્ત નાશ થયો. એક મોટું "વાવાઝરડું" આવીને વરસાદનો કડાકો થયો. તે સાથે વીજળીનો ચમકાટ અને ભારી પવનથી નીચે પ્રકાશ પ્રસરીને ભારે તેજનો અંબાર પડી ગયો. કે તુર્ત તે શાંત થઈને મહા અંધકાર સાથે મેઘ તુટી પડયો. જેથી સર્વ અગ્ની શાંત થઈને પાંચે પાત્રો લદબદ થઈ ગયાં અને ચોમેર ગારો મચી ગયો. તેટલાંમાં ત્રીશુળમાંથી ત્રણ જ્વાળા નીકળીને મધ્યાન્હનો સુર્ય પ્રકાશીત થયો. પાંચેનાં વસ્ત્રો સુકાઈ ગયાં. સૌ શાંતને હુશીઆર થયાં. તથા શ્રીદેવી સાવધ થઇ ગઈ.

જેથી તેણી સમજી કે, આ કારસ્તાન બધું મહામંત્રીનુંજ કરેલું હતું. જેથી હુશીઆર થઈ આકૃતીનું ધ્યાન કરી ત્રીશુળ તથા માથું મજબુત સાહીને આગળ વધવા માંડી. તથા મહા મંત્રીને મજબુત પકડવા સરદારોને ભલામણ કરી. તથા રાજ યોગીને તે પર સખ્ત દેખરેખ રાખતાં ચાલવા ફરમાવી પોતે જુસ્સાભેર પગ ઉપાડી ચાલી. તેમજ સૌ મંડળ ચાલ્યું.

પોતાનાં કારસ્તાનમાં નીષ્ફળ જઈને ઉલટો વધારે જકડા વાથી વીચારમાં વમળ કરતો મહામંત્રી ગુફામાં જઈને શ્રીદેવીને પુરતી ગાંઠવાની ગોઠવણ કરતો ચાલ્યો. રાજયોગી ભવીષ્ય પર ભરોસો મુકીને ચાલ્યો સરદારો સાનંદાશ્ચર્યથી નવી શોધ કરવા નીકળ્યા હોય, તેમ હોંસભેર ચાલ્યા. એમ પોતામાં મગ્ન તે મંડળ વીચાર સાગરમાં ડોલતું "મહા મોહ" ગુફાના પુર્વ દર દરવાજા પાસે આવી ચઢયું.

વાર્તાભીલાષી!!! હવે એ મંડળ "મહામોહ" ગુહા આગળ આવીને ચમત્કૃતીથી ઉભું રહ્યું. ચમત્કારમાં પાર પડેલી શ્રીદેવીએ તે વખત પોતાનો પ્રયોગ ચલાવ્યો. તેણીએ "ત્રીશુળ" ને તુર્ત આજ્ઞા આપી જે, જત, જલદી ગુફાના દરવાજાને તોડી પાડ.

આજ્ઞા થતાંજ કુદરતી ત્રીશુળે તડાક દેખે દરવાજામાં તડપ મારી, કે લાગલોજ તોપ જેવો ભડાકો થઈ દરવાજો ઉઘડી પડયો. દરવાજાના ધડાકાથી તથા ભડાકાના થડાકાથી કે કોણ જાણે કેમ. પણ તેમાંથી એક હાડપીંજર; અવાજ ભેળું બહારના ટોળાંમાં કુદી આવ્યું. આવ્યાંભેળુંજ તે મહામંત્રીની ગર્દન પક

ડી અને ઘોડેસ્વારની પેઠે હાડપીંજર તે પર સ્વાર થઈ બેઠું. અને તેને ચોતરફ઼ ગુમાવવા લાગ્યું.

પ્રિય વાંચક !!! હવે ત મહામંત્રી રૂપી ઘોડેસ્વાર થયેલું પ્રેત પીંજર આ ઠેકાણે શ્રી દેવીના ભોમીયા રૂપ બન્યું. જેની સાહયતાથી આ વીદેશી પંચ ગુફામાં પેઠું.

આગળ આગળ પીંજર સ્વાર અને પાછળ પાછળ પંચ એમ; ભોંયરામાંથી જાણે આરપાર કેમ નીકળતાં ન હોય, તેમ ત્વરાથી અંદર ધસી ચાલ્યા.

એવી ભયંકર અંધારી રદયભેદક અને નહીં જોઈ શકાય તેવી ગુફામાં ભોમીયા રૂપ ચાલેલાં જાદુઇ હાડપીંજરનાં ખોખાં માંથી ઝળકતાં તેજમાં તણાતાં બધાઓ સડસડાટ સોંસરવા વહી નીકળ્યા.

આશરે એકાવન કદમ જેટલાં આગળ ગયા ત્યારે, તેને એક બીજો દરવાજો નડયો. તે નડતાજ શ્રી દેવીએ પોતાનાં ત્રીશુળને પ્રેરયું. ત્રીશુળે તરત પુર્વ પ્રમાણે દરવાજો ફ઼ોડી કાઢયો. કે જાણે, ગ્રીષમઋતુના ચાર રવી ભેળાજ પ્રકાશી નીકળ્યા હોયની ? એવો તેજનો અંબાર પડયો. તેથી સર્વે સાનંદાશ્ચાય પામ્યા. તેટલામાં એક કાળભેરવની મુર્તી આવીને મહામંત્રી અને તે હાડપીંજરને ઉંધે માથે લટકાવીને કહયું કે, 'હે પાપી ! મારી પ્રતિજ્ઞાનો તે ભંગ કીધો છે, મારી મર્યાદા લોપી છે તેનુ આ ફ઼ળ ચાખ ? મેં કહયું હતું કે વરદાઈઓને તારી જાળમાં સપડાવી દુઃખ દઇશ નહીં છતાં તે દીધું. તો હવે તેનો તું ભોગ આપ.' પછી શ્રી દેવીને કહયું કે, 'તારા આવાગમનથી, અને તારા દર્શનથી આ મહા પાપીના બંધનમાંથી હું મુકત થયોછું. મારા

પાપનો નાશ થયોછે તેથી તારો ઉપકાર માનુછું. પાંચમે દરવાજે પોપટ તારા ચીત્તને છેતરી ભ્રમીત બનાવવાનો પ્રયત્ન કરશે. માટે તેને વધુ બોલવાજ દઈશમાં. ભય બતાવીશ તેમાંજ તારો જયછે.' એટલુંજ કહેતાજ ચાર ખુણેથી ચાર રત્નો ખરીને શ્રી દેવીના ખોળામાં પડયા કે તરત કાળભેરવની મુર્તી અલોપ થઇ ગઇ. આ ચારે રત્નોને રીતસર કબજે કરીને શ્રી દેવી ઉમેદ અને હીમ્મતથી આગળ વધી. હવે તેને કોઇ પણ પ્રકારના પ્રકાશની ગરજજ રહી નહીં. આવાં અમુલ્ય રત્ન પ્રાપ્તીથી, તેણી વધારે નીર્ભય, દ્રઢ, બુદ્ધીવાન અને સુવીચારી બની ધીરજ રાખીને ધારણાથી તેણી પોતા સાથેના મંડળ સાથે જુસ્સા ભેર આગળ ધસી. બીજા દસેક કદમ આગળ જતા એક ત્રીજો દરવાજો મળ્યો. તે ત્રીજા દરવાજાને પણ ઉરાડી નાખ્યો. દરવાજો ફાટવાથી માર્ગ થયો. પણ હાડપીંજર અને તેના મહામંત્રી રૂપી વાહન અંદર જતાજ સામેથી ભેંસાશુર નીકળી આવી મહા મંત્રી અને તે હાડપીંજર સાથે મહા યુદ્ધ કરવા લાગ્યું. તેથી મંડળ અંદર જતું અટકો પડયું, કારણકે, આ બંનેના ચાલેલા જાદુઈ યુધ્ધમાંથી વરસાદની પેઠે અસોઘ તિક્ષ્ણાગ્નિ વરસી રહ્યો હતો. આ નીકળતી જવાળાથી તે મંડળ મહા ત્રાસ પામી જવાથી આગળ ન વધતા પાછુ હઠતું હતું તેમ તેમ આ જાદુઈ જવાળા તેને ચોતરફથી ઘેરતી જતી હતી. આ જોઈ શ્રી દેવી ચમકી ! અને જુસ્સાની સાથે મંડળને કહ્યું કે, 'જરા પણ નામર્દ બનશો નહીં ? પ્રચંડ યુધ્ધાઓ થઈ આમ શું ડરો છો ? કાયર બની બીજાને કાયર શું બનાવો છો ? હીમ્મત રાખી હીમ્મત આપો ? જુઓ, એક ક્ષણમાં તમને આ ઉડતી જવાળામાંથી બચાવું છું.' આટલું કહેતાજ તે કોર્યોલ્હાસથી ભય કે ભાન

ન રાખતા તેણીતો તે પ્રેતપીંજર અને ભેંસાશુરની પાછળ જુસ્સા ભેર ધસી ચાલી. કે જેના જાદુઈ યુધ્ધમાંથી નિરંતર અગ્નિ ઝરયા કરતો હતો. અને તે જાદુઈ દરવાજાની વચ્ચે જે અધરજ ચકર ચર્ફી કરતું હતું તેવું તે વિષ્ણુનાં ચક્ર જેવું રાક્ષસી કારમું ચક્ર ચટ દઈ છુટી પડી ભેંસાશુરને બાળી ભસ્મ કરી નાખી શ્રી દેવીને સ્કંધે આવીને સ્થીત થયું. તેથી અગ્નિનો પ્રયોગ બંધ પડી જઈને મજકુર મંડળ આગળ સુખરૂપ ચાલતું થયું. રત્નોના પ્રકાશથી આનંદમાં આગળ ચાલતાં શ્રી દેવી હર્ષ વિચારમાં ગુલતાન બની ગઇ. આકૃતિની કહેલી દરેક ચીજ એક પછી એક પોતાના હાથ ચઢતી જવાથી આનંદમાં હુલ્લાસ બાળા, શ્રી દેવી તે મંડળ સહિત મંત્રાધપર સ્વારી કરી ચાલનાર પ્રેત પીંડ પાછળ ચાલી.

આશરે બીજા વીસેક કદમ આગળ ગયાં કે, કે વળી એક એવોજ કારમો અને ત્રણથી પણ વધારે મજબુત એવો એક ચોથો દરવાજો પ્રાપ્ત થયો.

જેણીના બાળ છુટા છે, જેણીના કપાલમાંથી લોહીની ધારા ચાલી રહી છે તે ધારામાંથી વેહેતુ લોહી જેનીની જીભ ચાટી રહીછે. જેણીના જમણા હાથમાં એક દંડ રહેલો છે, બીજા હાથમાં એક શબ પકડેલું છે. જેણીના મસ્તકપર દેવતાની બળતી સગડી મુકેલી છે, જેણીની આંખમાંથી પ્રલયકાલ જેવો અગ્ની વરસી રહેલો છે, એવા ભયંકર સ્વરૂપવાલી જોગણીનું કાલસ્વરૂપ જોઈને તે મંડળ ભયભીત બનીને પાછું હઠવા લાગું. હમણાજ ભક્ષી જશે ? હમણાજ યમપુરીમાં પહોંચાડી દેશે ? આતો કોઈ જક્ષણી છે ? એ હાથમાં આવવી અતી કઠણ છે ? આમ તે મંડળ વીચાર સાગરમાં ડુબી ગયું. પણ આથી શ્રી

દેવીતો જરાપણ ભય ન પામતા વધારે આનંદોત્સિત થતી હુતી. કારણ કે, દરેક દરવાજે કુદરતી અમુલ્ય ચીજ પ્રાપ્ત થતી હુતી.

આગળ જેવી દરવાજો તોડવાને શ્રી દેવી ધસે છે તેવી તે યક્ષણીએ શ્રી દેવીની સન્મુખ આવીને કહયું કે, 'સબુર બાળા ! જરા મારૂ સાંભળ ! તેમાં તારો જય છે. આ મહા પાપીએ મને ફસાવી અપવીત્ર કરી છે તેથી હું આ દશાને પામી છું. એના મહા પાપથી મારી શકતી હરાઈ ગઇ છે, આ અધમના હાથમાંથી છુટવા માટે અહોનીશ તારી માળા જપતી હુતી તે આજે પૂળી છે. કૃપા કરી મારો ઉધ્ધાર કર, એમાં તારો જય છે. આ દંડ લઈ મારા ઉપર પ્રહાર કર કે જેથી મારો મોક્ષ થાય. પછી આ દરવાજાને ફોડજે. આ દંડ મહા ચમત્કૃતિવાળો છે, જે તારા કોકનો સ્નેહી ગુણનીધી વીલાસ સુંદરીની શોધ માટે આ પાપી મહામંત્રીનો મહામંત્ર વાળો કાલા જે પર્વત છે તેમાં તે મહા દુઃખ ભોગવે છે તેને આ દંડ સાહ્ય થઈને કળાધર જાદુગરના જાદુઇ મહા કીલ્લાને તોડી પાડી વીલાસ સુંદરીનો ભેટો કરાવશે. પણ તેને દંડ આપતી વખતે તેની પાસેથી તારો અને તારા કોકનો સંબંધ ન તોડે તેનું અભય વચન લેજે. લે હવે ઉતાવલ કર. લે આ દંડ.' (દંડ આપે છે) શ્રી દેવીએ તે યક્ષણીના હાથમાંથી દંડ લઇને તરત તેની પર પ્રહાર કર્યો. દંડનો પ્રહાર થતાજ તે યક્ષણી તરત રાખોડી બની ગઈ અને તેણીના છેવટના શ્વાસથી તે દરવાજો તમામ લાલ ચોલ થઈ ગયો.

યક્ષણીની મોક્ષ ગતી કીધા પછી શ્રી દેવીએ અહીં પણ આનંદથી પાછળા પ્રમાણે ત્રીશુલને દરવાજો ફોડવા ફરમાવ્યું. કે તુરત ત્રીશુલે તુકડા કરીને દરવાજો ઉરાડી આપ્યો. ઉરાડી

તો આવ્યો, પણ આ વખતે ત્રીશુળજ સૌ પહેલું અંદર પેશીને પોતાની કુદરતી શકતીથી એકલુંજ અંદર કુદકી ફરતું ચોમેર ઘુમવા લાગ્યું. આથી શ્રી દેવીને વધુ આશ્ચર્ય ઉપજ્યું. તેથી તેણી નવલપણે તે ખેલને જોતી ઊભી. એમ તે સકળ મંડળ ત્યાં તે તમાશો જોતું થયું. એટલામાં એક ખડગ ઉપરથી જોસભેર ઘુમતું, જેના આવેશથી ચોમેર વાયુની સુસવાટી વાતી હતી. આવી રીતે ખડગને રમતું આવતું જોઈને ત્રીશુલ વધુ આનંદિત થતું ઉંચા નીચું કુદવા લાગું. ઉપરથી, કે જેની મુઠ ઉપર અને પીછી નીચે. એવી રીતે તેણે ત્રીશુલ તરફ દોડ કરી. બાળકને જેટલા આવેશથી માતા આવી ભેટે, તે પ્રમાણે ખડગ આવીને ત્રીશુલની વચલી ધાર સાથે પીછીના સ્પર્શથી લોહ ચુંબક અને લોહની પેઠે આવી ચુંબી. એ બેઉ અરસપરસના સ્પર્શથી ચોંટી પડયાં. તે જોઇ જોનારને ઘણીજ નવાઈ લાગી શ્રી દેવીએ આવેશમાં જઈને ત્રીશુલને પકડી લીધું. કે ખડગ પણ તુરત તેણીના હાથમાં આવી ઉભું. આ વખતે શ્રી દેવીને, હાથ બે અને વસ્તુ ઘણી, એમ અગવડતા થઇ પડી, પડી પણ કહે કોને? કોને કહેવું તું. સાક્ષાત કુદરતજ તેણીની મદદમાં હતી, પછી કહેવાપણું શું? એટલામાં કુદરતથીજ, ચક્રનું મધ્યબિંદુ બની તેના છેડા પર એક કોર ત્રીશુલ અને બીજી કોર તરવાર, એમ હથિયાર ત્રયક (ત્રેખડો) થઈને એકજ હથિયાર થઇ પડયું. જેથી તે સાહવું સુલભ પણ થયું. એમ ખડગ સુધ્ધાં સર્વ વસ્તુઓ સ્વાધીનમાં લઈને શ્રી દેવી પોતાનાં પંચ સાથે આગળ વધી. ઉપરા ઉપરી ચાર દરવાજા વગર પ્રયાસે ફોડી તેમાંની અલોકીક ચીજો વગર પ્રયત્ને કબજે લેનારી શ્રી દેવીથી મહામંત્રી બહુજ ત્રાસ્યો. તેણે હવે શ્રી દેવી

ની આગળ ગતિ અટકાવવા વીચાર કર્યો. પોતાના કબજાના પોતે મુકેલાં હાડપીંજરનોજ પોતે ઘોડો બની ચાલતો હોવાથી વધુ કંટાળેલો તે જાદુખોર હવે વધુજ મુંઝાણો, પોતાની કાર મી ગુફામાં પોતાનું કૃત્ય નીરમુળ થયેલું જોઈને તેને બહુ માઠું લાગું. વાંકે વાંકે ચાલતાં પણ તેણે એક પ્રયોગ ચલા વ્યો. એ પ્રયોગથી તેના પરનું હાડપીંજર જાણે એક હાડોનો મોટો પહાડ હોયની, તેમ થઈ રસ્તો બંધ કરીને આડો ઉભો રહયો. તે પહાડની ઉપર એક સુંદર બાગ બની ગયો. અને તે બગીચામાં અનેક પ્રકારના રંગ બેરંગી શુસોભીત રમણ્ય મો હેલ જણાયા. આ સહેલ જાણે ઇંદ્રનાજ ન હોય ? એમાં વસ નારીઓ જાણે સ્વરગની સુંદરીઓ ન હોય ? જાણે કેટલીક રમ ણીઓ પુલોના હાર લઈ શ્રી દેવીને પહેરાવતી ન હોય ? કેટલીકો શ્રી દેવીને વા ઢાળતી ન હોય ? કેટલાએક પુરૂષો આવી શ્રી દેવીનો પ્રેમ માંગતા કેમ ન હોય ? કોઈ હાથ પકડે છે તો કોઈ વસ્ત્ર ખેંચે છે. ઘડીકમાં આ રંગ બદલાઈ ગયો. એટલે જાણે આ હાડોનો માયીક પહાડજ નથી. બીજુંજ કશું જણાયું. એટલા માં એક વહાણ આવ્યું તેમાં શ્રી દેવી અને તેનું મંડળ તેમાં બેઠું. વહાણ આગળ ચાલતા પુટી ગયું. આવો ચમત્કારીક પ્ર કાર જોઈ દેવી ક્ષણીકતો માયામાં લપટાવા લાગી. માયાને વશ થતા શ્રી દેવી ગભરાણી. હવે શું કરવું ? એમ વીચાર કરતી તેણી ત્યાંજ અટકી ઉભી. તેની પછવાડે બીજા પણ બધા મોહ માયામાં ઘસડાતા હોય એવા નવીન ચમત્કારને નીહાળતા મુંગે મોઢે ઉભા રહયા. હવે આ જાદુઈ માયાનો નાશ કરી આગળ વાટ કેમ મેળવવી ? અને આ પ્રપંચી ચમત્કારમાંથી કેમ છુટવું ? શું દુશ્મન ફાવી જશે ? શુ વેરી મને વશ કરશે ? શું

આ જાદુખોરના આ અગાધ જાદુ આગલ ઇશ્વરી શકતી પણ નબળી પડશે ? શું કીધેલી મહેનત ફોક જશે ? નહીં નહીં ફોક જનાર નથી ? અરે દુષ્ટ ! બાયલાની પેઠે ભરાઇને તારા પ્રયોગને શું અજમાવે છે ? સન્મુખ આવી અજમાવ ? એથી પણ વધારે અજમાવ ? મને વશ કર ? જોઉં તારામાં કેટલી શકતી છે ? હજી કહું છું કે ઝટ મારે તાબે થા. અગર નહીં માનીશ તો મોતને તાબે થવું પડશે ? તારૂં મોત તને ઘસડી લાવશે ? તારૂં મોત જ આ તારી પાથરેલી માયા સાથેજ તારો નાશ કરશે ? ધીરજ રાખ થોડી પલ છે ? કરી લે ? મનની મનમાં રહી જશે ? આમ શ્રી દેવી બડબડી રહીછે પણ કોઈ તરફથી કશો જવાબ ન મળવાથી વધારે નીરાશ થઈ વીચાર વમલમાં તણાવા લાગી. એટલામાં ચોથા દરવાજામાંથી ગેબી અવાજ પુટી નીકળ્યો કે, 'વીચાર શું કરે છે ? તારા હાથમાંનું મનમોહનીનું ચમત્કારીક મસ્તક સામા પહાડ સાથે જોરથી અથડાવવાથી પુટી જવાને બદલે [illegible]દાયક નીવડે તેમછે.' તેથી સ્મરણ આવીને, તેણીએ તે શીરને ગરગર ઘુમાવી ખુબ જોસાભેર [illegible]ના પહાડમાં ધડાક કરતું અફાળ્યું. તેના અફલાવાથી એક ભયંકર અવાજ સાથે તે જાદુઈ પહાડ ટુટીને તેના ભુકે ભુકા ઉડી જતાં હાડ હાડ જુદું જુદું પડી કયાં ગયું તેનો પતો પણ લાગો નહી પરંતુ પછવાડે બેહોંસ હાલતમાં પડેલો તે મહા જાદુગર મળી આવ્યો. સરદારને હાથે તુરત તેને કેદ પકડાવીને પાછી શ્રી દેવીએ આગળ વધવા માંડયું. ચાલતાં ચાલતાં પાંચમા દરવાજા સમીપ સર્વ મંડળ આવી ગયું.

એકદમ વાયુ લહેકાથી ખડગનો ચક્ર સાથે ઘસારો થવાથી વિધુલ્લતાં ઉત્પન થઈને દરવાજા સાથે અથડાવાથી મેઘગર્જ

જેવો કડાકો થઈને દરવાજો ધડાક કરતો તુટી પડયો. અંદર જવાને કરોળીયાની જાળ પેઠે મોટું જાળ્યું જડયું હતુ, પણ તે પોલાદની જાળીથીએ પણ મજબુત હતું. દૈવચ્છાથી ચકર છુટું થઈને જાળાપર ઉડી ગયું. તે સાથે પોતાના દાંતા ઘસીને એક દમ જાળું તોડી પાડયું. તુરત એક વાલનો ડુચો ઉડી આવીને ચકરના દાંતામાં વળગી પડયો. રસ્તો ખુલ્લો થયો, અને શ્રી દેવીનું પંચ અંદર પેઠું. હવે તે મહા જાદુગર બંધાએલો પણ સીધો ટટાર ચાલતો હતો, તેને આ પાંચમી ગુફામાં પહેલો માં હી પેસાડયો કે તેમાંનાં છીપાં, તથા ભમરા જેવા કીડા મહાજા દુગરને નાકે તથા આંખે અંગે અંકુઠીત થઈ ગયા. બંધનના દુઃખથી દુભાએલો મહાજાદુગર વધારે દુઃખાવા લાગો. પણ કરે શું ? નિરૂપાય. ત્યાં કશો ઇલાજ હતો નહીં. આ વખતે તે પુર તો પરાધિન પડયો હતો. અસ્તુ. પણ આ વખત આટલાં સા ધન સહિત કુદરતી આકૃતીની કૃપાથી દ્રઢ સીદ્ધ થયેલી સીદ્ધી રૂપ સાધકા શ્રી દેવી શ્રીમાન સુદ્રાથી શ્રીમંતી બની આ ંચરતી હતી. તેણીનાજે હાવમા સવ કળા સીધ્ધજ હતી. સાધન ણ નિમિત્ત માત્રજ હતાં. વાર્તા વિલાસી !!! તારી ઇચ્છા હો તો આપણે હવે અહીંથી આવી સુદ્રઢ, શ્રીમંતી, સર્વજ્ઞ, સુલ ણા, સદાચરણી, સિધ્ધા શ્રી દેવીને અહીંથી હવે વનદેવીની નમાં આપીએ. એ ખેતાબ તારી મરજી ઉપર રાખવામાં આવે . મને તો વ્યાજબી લાગે છે, જેથી હવે તે ખેતાબ કાયમ કરૂં . બાદ વનદેવીએ પોતાનાં સુદર્શન જેવાં પ્રતાપી ચકરને ગળ મુકયું. જેથી તેણે તુરત આગ્ન પ્રકાશથી ગુફાના કીડા નાશ કરી ઉજવળ મારગ પ્રદર્શીત કરી આપ્યો. આગળ મ ાદુગર, પાછળ વનદેવી અને તે પાછળ બીજા ત્રણ એમ

એ પંચ સર્વાયુદ્ધ સમેત ગુફામાં આવેશ ભર્યા આગળ વધ્યાં. તોં વચ્ચે એક સુંદર સંગેમરમરના ચોરસઘાટથી ચોમેર ફરતું એક સુંદર સરોવર આવી લાગ્યું. તે જોઇ મહામંત્રીને જરા ધીર આવી. આ તીલેસ્માતી સરોવરની આસપાસની અદભુત રચના, મનને ભમાવી નાખનારા દેખાવો જોઇ વનદેવી દંગ પામી ગઈ. અને ચીત્ત ભ્રમીત બની મન સાથે વાતો કરવા લાગી કે, 'આ અદભુત વીધાના થતાં ચમત્કારોનો અંત કયારે આવશે? હવે તો અવધી થઈ? આવા ચમત્કારો જોવામાં કંઇક લાભ છે, ને કંઈક હાની પણછે. જો જોનારની અને આ ખેલ અનુભવનારની ઉપર પકા ગુરૂનો હાથ ન હોય તો જરૂર આ દુનીયાના દર્શનજ કરવા પામે નહીં. જાદુગરો કેવા જુલ્મગાર કેવા પાપી અને કેટલા બધા અધમ છે. તે ચાહયતો ક્ષણમાં એક બળવાન રાજનો નાશ કરી શકે છે? એક ક્ષણમાં નગરને ઠેકાણે લંકા કરી બતાવે છે. અને ક્ષણમાં તે લંકાને ઠેકાણે રાખોડીનો ડુંગર બનાવી દેછે. આના જેવા જાદુગર... શું કરતા નહીં હશે? ઇચ્છાનુસાર કરતા હશે? ખરેખર આવા જાદુગારોની... નો અંત આણવાની ઘણી જરૂર છે. ઈશ્વર કરશે તો તેમ થશે? શકતીનો પુર્ણપ્રેમવાળો આશીરવાદ હશે તો આવા ક્રુર નર પીશાચ જાદુગરોને શોધી શોધીને ખાલ ઉતારીશ?' આવા વીચાર વમળમાં તણાઈ રહી છે. એટલામાં કાનના પડદા ફાડી નાખનારા ધડાકાની સાથે સરોવરમાંથી કાલાસ્વરૂપવાળી નગ્ન સ્ત્રી બહાર નીકળી આવી મહામંત્રીનો હાથ પકડીને દાંત કચકચાવીને કહયું કે, 'એ પાપી! વચન ભંગી! મને બંધનમાં નાખી મને અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ કરી છે. તારા પાપથી, તારા પાપના છાંટાથી મારા શરીરનો રંગ બદલાઈ ગયો છે માટે ચાલ મારી શકતી મને પાછી

આપ ? અને બાકીની તારી વીદ્યા શકતીતો કમારની હરાઇ ગઇછે. થોડા વખત પછી તારો, તારી જાદુઇ શકતીનો અને આ તારી મહા માયાથી ભરેલી ગુફાનો અંત આવશે. માટે ચાલ બે વચની ચાલ, જલદી ચાલ.' એટલું કહીને તે મહામંત્રીનો હાથ પકડી ને તે સ્ત્રી સરોવરમાં અલોપ થઈ ગઈ. સરોવરમાં અલોપ થતાંજ સરોવરનો રંગ બદલાઈ ગયો તેની આસપાસ લટકતા હાડપીંજ રોની હારમાળા જોવામાં આવી અને સરોવરને ઠેકાણે એક ઉંડો કુવો બની ગયો. અને તે કુવામાંથી ધુવાડાના ગોટા નીકળવા લાગા. આ વીસ્મય પમાડનારો ચમત્કાર જોઈ વનદેવી પાછી વીચાર સાગરમાં ગોઠા ખાવા લાગી.

પ્રીય વાંચક ! ! ! હવે આપણે અંહીથી તેણીને મહાદેવી માનીશું. જેમ માનીશું તેમજ લખીશું, અને તેમજ વાંચીશું પણ જો સાંભળ ! ! !

હવે પછીનું એ મહાદેવીનું ચરિત્ર વિચિત્ર. અને ઘણુંજ પવિત્ર છે. તે સાંભળવાને, વાંચવાને [illegible] પણ નિશ્ચય [illegible] અંત-બાહ્ય વધુમાં વધુ શુચિભૂત થવું ઘટે છે. જો હવે ઇશ્વરી શકિત, અરે સાક્ષાત કોઈની કાળ શકતી ઝડપવાનો વખત જાણે કેમ નજીક ચઢી આવ્યો ન હોય ? એવા કોઇ વિચિત્ર રૂપમાં આ વખત શ્રીમંતી, સુભગા; વનદેવી મહાદેવી શ્રીદેવી આવી રહી છે.

તેણી સર્વ વાતે નિર્ભય, નિર્સંદેહ, નિર્પેક્ષ અને નિરલજ, હતી. તેમ તેણીએ કેશરીઆ કરેલા રજપુતની પેઠે મરણીઆ પણું મજબુતીથી સ્વીકાર્યું હતું. તેમાં પણ આ ટાણેતો તેણીએ મહામંત્રીની સર્વ શકતીને હસ્તાગત કરી લીધી હતી. જેથી તેણી તદન નિર્વીકાર, નિર્ભય નારાયણી તુલ્યજ બની.

મહામંત્રી અને તે કદરૂપી બલાએ જેવુ સરોવરમાં ઝીપલાવ્યું કે મહાદેવીના મનમાં વિમાસણ થઇ, તેણીએ તર્ક બાંધ્યો, કે આ ચોરની પછવાડે હું ઝુકતું મુકીશ, તો મારી પછવાડેના ચારે જણની શી દશા થશે ? જેથી રીતસરજ ઉપાય લેવો ઉચિત છે. એમ વીચારીને પોતાના હાથનું મનમોહનીનુ શીર શ્રી મહા શકતી આકૃતિનું ધ્યાન કરીને મહાદેવી શ્રીમંતીએ જમણા હાથથી ખુબ ફટકાભેર સરોવરના મધ્ય ભાગમાં આપટયું.

પ્રિય વાર્તાત્સુક ! ! ! જો હવે, જરા નીચી નજર કરીને એક ધ્યાનથી જોતો ખરો. તારી અથવા આપણી મહાદેવીએ મનમોહનીનું માથુ તળાવમાં પટકયું, કે તેમાંથી કંઇ નવીન થયુ ચટકું શું ? એમ પુછીશ તો જો વાંચ આગળ. જેવું માથું સરોવર વચ્ચે અફળાયું, કે તુરત તે જાદુઈ સરોવરનો નાશ થઇને રહ્દયને કંપાવનારી મનને ત્રાસ ઉપજાવનારી એવી એક લોખંડના ઝીણા ખીલ્લા વાળી શૈયામાં સુતેલા મહામંત્રીના આતરડા કાઢી હારમાળા બનાવતી એક ભયંકર કદરૂપી સ્ત્રી અને તેના માથાપર ભાલાનો પ્રહાર કરતી સોળ વરસની એક તરૂણી હાથ જોડીને ઉભેલી જોવામાં આવી, મહાદેવીએ તેણીને તપાસી જોઇ તો તેજ તણિ મનમોહની પોતેજ હતી.

તે કદરૂપી સ્ત્રી દાંત કચકચાવીને મહા ક્રોધથી બોલી ઉઠી કે, 'હે બાળા ! ચેત ! ચેત ! અચેત રહીશ તો ક્ષણવારમાં તારા મંડળનો અને જે માટે તે આ મહામંત્રીનો નાશ કરાવ્યો છે તે માગધદેશના માલેકોનો નાશ થશે ?

મહાદેવી–તારા કહેવાથી કે આ તારા ડરામણા દેખાવથી ડરી જઈ અધવચમાંથી અટકી પડી, સંપુર્ણ કાર્ય કર્યા વગર પાછું પાની ભરનાર નથી ?

કદરૂપી સ્ત્રી—તું ચતુર છે છતાં તારી ચતુરાઈને એક બાજુ મુકી મારૂં અપમાન કરે છે? હું તને ઠગવા માગતી નથી પણ આ ઠગારાના બાકીના કરવાના રહેલા પ્રંપચમાંથી બચવાની તાકીદ આપું છું છતાં ચેતતી નથી? તો તું કેવી મુર્ખી છે?

મહાદેવી—મોતની પથારીએ પડી ડચકા લેતો શું ઠગવાનો હતો? અને ઠગશેતો જશે કયાં? પણ આમાં કંઈક તારો પ્રંપચ છે. માટે ખરૂં બોલ? નહીં તો તારી પણ ખબર લેવામાં આવશે? દુષ્ટ જાદુગરો અને જાદુગરોને આંખે પાટા બાંધી કુકર્મો કરાવનાર મહા અધમ સહાયકોનો પણ નાશ કરવો ઘટેછે. પોતાના ભોગ માટે બીજા અનાથોના ભોગ લે છે એ શું? શું એવા રાક્ષસોમાની તુ પણ રાક્ષણી નથી? જો રાક્ષણી નહોતતો આ પાપી માણુસના અપવીત્ર થયલા માંસ અને રૂધીર ખેંચી તેનો આહાર કરત? તેના આંતરડા ખેંચી તેની હારમાળા બનાવત? બોલ તું કોણ છે? અને આ હારમાળા શા માટે? કોને સારૂં ગુથે છે?

કદરૂપી સ્ત્રી—હું કરણપીશાચણી નામની મેલડી ચક્ષણી છું, મારૂ બળીદાન મને બરાબર ન આપતા વારંવાર મને ઠગી છે તેથી તેનું આ વેર લીધું છે. કોઈ પણ જાદુગર જાદુ કળા શીખી, શીખવનાર અને શીખવનારને સહાય કરનાર દેવ દેવીઓના લાણુ ન ભરે તેની શીક્ષાનો દાખલો બેસાડવા માટે આ હાડમાળા માગધદેશની ઉડતી ધજા સાથે લટકાવીશ. આ દુષ્ટના આંતરડાની હાર માળા ગુંથાઈ રહેતાજ આનો જીવ નીકળી જશે પણ તે જીવ પાછો બ્રહ્મરાક્ષસ યોનીમાં પ્રવેશ થશે. અને પ્રવેશ થતાજ તને ભુલભુલામણીમાં ગોથું ખવરાવી તારા મંડળને અને માગધદેશના માલેકોને અધર ઉપાડી બળતા જવાળામુખીમાં ફેંકશે.

મહાદેવી—જો એમજ હોય તો જરા વાર સબુર કર. મારૂં કામ આટોપી આ ગુફાની બહાર નીકળું ત્યાર પછી તું તારૂં કામ પુરૂં કરજે.

કદરૂપી સ્ત્રી—તેમ કદી બનનાર નથી ?

મહાદેવી—તેનું કંઇ કારણ ?

યક્ષણી—જેવી તું આ ગુફાની બહાર નીકળીશ તેવીજ આ ગુફા બળી ભસ્મ થઈ જઈ તેની સાથે તેનોજ એક તેજનો ગોળો બની જશે ? તો શું મારો ભોગ આપુ ? કોને શીખવે છે ? હું તો હવે મારી મરજી મુજબનું કરીશ.

મહાદેવી અને યક્ષણી વચ્ચે ખુબ ટપ્પા ટપ્પી ચાલી રહી છે એટલામાં ઉપરના ભાગનો એક ટુકડો ફાટી નીચે પડતાજ તેની સાથે સફેત રંગનો અને રત્ન જડીત હીરા માણેકના સાજથી સજેલો દેવતાઈ જાદુઈ ઘોડો ઉતરી આવીને મહાદેવીની આગળ શીર નમાવી ઉભો. તે ઘોડાની પીઠ ઉપર બેઠેલા પોપટે મહાદેવીને મૃદુ સ્વરે કહ્યું કે, 'અહો કલ્યાણી ! જો કે હું તમારા સ્નેહી ગુણનીધીના દુશ્મન કળાધરનો પોપટ છું. મારામાં તેનું જીવન છે. મારો નાશ થતાજ કળાધરનો નાશ થાય એમ છે. પણ મને ખાત્રી છે કે મહા દયાળુ ગુણનીનીધી અને તેના તમારા જેવા સ્નેહીઓ જેના અંતઃકરણ સ્વચ્છ નિર્મળ અને સાગર જેવાં ઉદાર છે તે શરણે આવેલા કટ્ટા રીપુને પણ મારતા નથી. હવે મારૂં હૃદય ભરાઈ આવ્યું છે તેને ખાલી કરવા વગર મારો છુટકો નથી. છતાં ડાબી રાખું છું પણ ડબાતું નથી. શું કરૂં ? કહું છું તો મારા મોતનો કીનારો આવે છે ? અને ન કહું તો પાપીમાં ખપું છું. સુડી વચ્ચે સોપારી જેવું બન્યું છે. કંઈ પણ સુઝતું નથી. હા. તમે એમ કહેશો કે આ પોપટ ગાંડો બની ગયો હશે તેથી આમ

અકતો હશે. તેમ નહીં કહો તો એમ તો કહેશો કે આ પોપટ પોતાના અને પોતાના પાળકના સ્વાર્થ માટે આવો લવલવાટો કરી રહેલો છે. તમારા આ જંગી યુદ્ધમાં મારો કંઇ સ્વાર્થ નથી. અમો પંખીઓ સ્વાર્થીઓને ધીકારીએ છઈએ, છતાં કર્મસંજોગે સ્વાર્થીના હાથમાં સપડાઈ જઈએ છે તોપણ સામા પક્ષનું અકલ્યાણ કરીએજ નહીં. ચતુર ગુણનીધી વીલાસ સુંદરી પર મોહીત પડયો છે અને તેને પ્રાપ્ત કરવા માટે મહા દુઃખ ભોગવે છે, અને તેને વધારે દુઃખી કરનાર આ મહા મંત્રી છે. તેની શોધમાં આગળ ન જવા દેતા કાલા પર્વતની મહા ગુફામાં ઝકડી રાખનાર આ માહા પાપી છે. તેને બક્ષીસમાં મળેલી શકતીને પોતા તરફ ખેંચી લેનાર આ સુતેલો યમદુત છે. તો શું તે યમદુતને જીવતા જ અંગ્નિ સંસ્કાર નહી કરશો ? હા હું કહું છું કે ચમારવાડાની કુંડીમાંથી ગંદુ પાણી લાવી એના મુખમાં રેડી જીવતા બાળશો તો તે કદી પણ બ્રહ્મરાક્ષસ થનાર નથી ? હા હું બીજું કહેતા ભુલ્યો. અરર ! શું કહું ! કહેતા મારી આંખમાંથી આંસુની ધારા વહેશે. જેવો હું ઠગાયો છું, તેમજ તમે પણ ઠગાયા છો. એ કેવો ત્રાશ. એ ત્રાશ શા માટે વેઠો છો ? એમાંથી તમને મહા દુઃખ ઉત્પન્ન થશે. તે નજરે ન જોવું હોય, તે સહન કરવું ન હોય તો આ માથે વોરી લીધેલી વ્યાધીનો ત્યાગ કરો. ત્યાગ કરવામાંજ શ્રય છે. આ બધુ કોને માટે કરો છો ? એ કોણ ભોગવશે ? એનો લાભ કોણ લેશે ? જે જીવને માટે તમે પ્રાણ પાથરી રહેલા છો, તે જીવ તમારો નથી પણ પરાધીન છે. તે તમને ચહાનાર નથી પણ ગુણનીધીને ચહાનાર છે: અને તે ગુણનીધી તે વીલાસ સુંદરી માટે ઝુરેછે પણ બીજા માટે ઝુરતો નથી. તે વીલાસ સુંદરી કળાધર જાદુગરની મહા બળવાન ગુફામાં કેદ છે પણ તે ગુ

ફાસાંથી તેણીને કદી પણ મેળવી શકત નહીં. પણ કળાધરનું મોતજ તેને સોંપશે. ગુણનીધીની પાછળ ફકીરી વેશમાં રહી કષ્ટ સહન કરતી કોકીલાને શું ગુણનીધી ચહાતો હશે? ગમે તેમ હો. ચાહ કીંવા ન ચાહ. પણ બીજું કંઈ તમે જાણોછો? એ કોકીલાને કોઈ કોક કહેછે અને તે કોકે તમને પોતાની કળાથી ઠગીછે. તે પુરૂષ નથી. પણ સ્ત્રી છે, તે સ્ત્રી સાથે તમારો જન્મારો કેમ જશે? શું તમે પણ એક ભવમાંથી બે ભવ કરશો? ક્ષત્રી જાતને કલંક લગાડશો? સ્ત્રી ધર્મનો ત્યાગ કરશો? જો કોકને બદલે કોકીલા નીકળી તો શું તમે કોકીલાને પરણશો કે ગુણનીધીને? જો જો દુનીઆ ઠગારી છે. મહા ખટપટી છે તેનો અનુભવ લો છો એથી વધારે શું કહું.' પોપટની આ મુખ વાણી સાંભળી મહાદેવીના મુખપર ખીલ્લી રહેલી લાલી ઉડી ગઈ. વીચારમાં ડુબતી ચાલી. અને ઉંડો નિશ્વાસ મુકી બોલી ઉઠી કે, 'અલ્યા પોપટ શું આ સાચી વાત છે. સત્ય કહે.' પોપટે કહ્યું કે, 'સત્ય છે.' આ વાત સાંભળતાજ મહાદેવી બે હોંસ બની નીચે ઢલવા લાગી. રંગ બદલાઇ જશે અને કંઈક નવુંજ રૂપ પકડશે તે જોઈ રાજયોગીએ તરત મહાદેવીને નીચે ઢલતી પકડી લઈને કહ્યું કે, 'દેવી આ શું કરો છો? શુધ્ધીમાં આવો? કાલભૈરવની શીક્ષાને શું વીસારી મુકી છે? આતો દુશ્મનને ઉતેજન આપવા જેવું કરોછો? આ જોઈ મનમોહીનીએ દેવી પ્રત્યે શાંતિથી, નમૃતાથી, મર્યાદાથી, અને પ્રીયતાથી તેણી ધીમે સાદે પતિ તુલ્ય સખીને માનીને દિનવદને વદીકે, 'હે મહાદેવી!! હે શ્રી દેવી!! હે વનદેવી!! હે શ્રીમંતી!! આપ સુજ્ઞ છે, ગુણીયેલ છો, બુદ્ધિના ભંડાર રૂપ છો. માટે શોચનો ત્યાગ કરો, આ સમો જોઈને વીચરવાનું છે, કોક હો કીંવા કોકીલા હો. પણ તમનેતો અનહદ લાભ થયો છે

તેને માટે મન ન દુખવતા પ્રફુલ્લિત રાખી તેના યશોગાન ગાઓ. તેમાં તમારો જય છે. હવે ત્વરા કરો, હવે જોવાનું કે મેળવવાનું કશુએ બાકી રહયું નથી. આ ઘોડો દેવતાઇ છે અને તે ઘોડાને આપનાર આકાશવાશી દેવધર નામનો કીન્નર છે. તે ઘોડો મહા પુણ્યશાળીનેજ મળેજ છે? જો કોક અથવા કોકીલા તમને મળી ન હોત તો આ નવરંગી દુન્યાના વીચીત્ર લોકોના વીચીત્ર સહવાસમાં આવી તેના અદભુત પરાક્રમોનો અનુભવ કયાંથી થાત? જેને માટે તમે ખાંડણીઆમાં માથું મુકી કામ કીધું હતું તે આજ કુટુંબ. આ બધાનો મેળાપ થતાજ રાજકુટુંબના આનંદનો પાર રહયો નહીં. કાળના મુખમાંથી મુકત કરાવનાર મહાદેવીના ચર્ણ સેવવા લાગું. તે જોઇ શ્રી દેવી શુદ્ધીમાં આવી. પોપટને કહયું કે, 'ચુપ રહે, હવે વધુ બોલીશમાં મારો સહાયક ઈશ્વર છે. તે જેમ બતાવશે તેમ કરીશ.' પછી તે રાજ કુટુંબને હસીને કહયું કે, 'મારી ફરજ ઉપરાંત મેં કાંઈ કાધું નથા. મારી લીધેલી પ્રતિજ્ઞાને પાર પાડનાર ઈશ્વરનોજ આભાર માનો. ઈશ્વરકૃપાથીજ આપણી જતી આબરૂ બચી છે. રડતાને હસાવ્યા છે અને અસ્ત થતાં સુખનો ઉદય કયો છે. એજ પરમ આનંદની વાત છે.' પછી શ્રી દેવીએ મનમોહીનીને કહયું કે, 'તારી બુદ્ધી પ્રમાણે આ તારા પાપી પીતાનો અને આ યક્ષણીનો ઉપાય કર.' મનમોહીનીએ ઘોડા પરથી પોપટના પાંજરાને લઇ લીધું અને તે ઘોડાપર માગધદેશના રાજકુમારને બેસાડીને મહાદેવીને કહયું કે, 'હવે ચાલો. ગુફાની બહાર નીકળો. તે પાપીઓ થોડી વારમાં બળી ખાખ થઇ જશે.

..મહાદેવીનું મહા મંડળ તે મહા જાદુના અદ્દભુત ચમત્કારોથી ગાજી રહેલી મહા ગુફાની બહાર પગ મુકતાજ, તે ગુફા ભડભડ સળગી ઉઠી. આ જોઇને મહાદેવી અને તેનું મંડ આગળ વધતાજ અટકયું. આ બળતી અગ્નિમાંથી નીકળી રહેલા ધુવાડાથી ચારે દીશાઓ અંધકારમયી બની ગઇ. સુર્ય કાળા વાદળામાં ઢંકાઇ ગયો. આકાશ અને પૃથ્વીના વચલા ભાગની અંદર ગમન કરી રહેલા પક્ષીઓ આ અગ્નિથી બળી ભસ્મ થઇ તડોતડ નીચે પડવા લાગા. ઝાડો પણ બળી ખાખ થઇ ગયા. સરીતા સરોવરો અને કુવાઓના પાણીઓ ગરમ લહાય જેવા બની ગયા. આ માગ્ધદેશમાં અને તેની આસપાસ રહેતા લોકો ત્રાય ત્રાય પોકારી જીવ બચાવવાને નહાસવાનો માર્ગ શોધવા લાગા. પણ એકે માર્ગ સુઝે નહીં એકમેક સાથે અથડાઇ, એકમેકને વળગી પડી, એકમેકની સાથે લઢવા લાગા. ઓછામાં પુરૂ માગ્ધદેશના કિલ્લાની ચો બાજુએ ઘેરો ઘાલી પડેલા બંનેના લશ્કરોએ હાથયાર ઉઠાવી યુધ્ધ કરવા લાગા. આ મહા યુધ્ધથી માગ્ધદેશની રણભુમિ ગાજી ઉઠી. મારો કાપો દુશ્મનોએ આ અગ્નાસ્ત્ર આપણને બાળી નાખવા મુકયું છે? તેથી તેનો જય થશે. માટે આમ બળી મુવા કરતા દુશ્મનોના રૂધીરોની નદી ચલાવી તેમાં સ્નાન કરી બળી મરશું તો સ્વર્ગની સુંદરીઓ વરમાળા આરોપશે. અને દુશ્મનોની ખબર લીધા વગર, પ્રાણથી ડરી રણભુમીમાંથી પાછી પાની ભરી પલાયન થઇશું તો ઘરની નારીઓ નપુષકોની ઉપમા આપી ધીકારશે. આવી પ્રકારની ગર્જના કરી બંને લશ્કરોએ શુરે ચઢી એકમેકના લોહી પીવા માટે પોતાની તેજી તલવારોને ખુબ જોરમાં ચલાવવા લાગા. એક બાજુ

થી અધંકાર, બીજી બાજુથી અંધકારમાં કંઇક પ્રકાશ, આ પ્રકાશની વચ્ચે ઉભો રહેલો એક મહા બલીષ્ઠ, મહા યુધ્ધો જેનો આ બંને લશ્કરની સાથે કોઇ પ્રકારનો સંબંધ નથી તે બંને રણધીરાઓની સામે આવીને કહયું કે, 'એ હરામખોરો ! ઉભા રહો. હથિયાર મુકી દો. શા માટે ભુમીને અપિત્ર કરો છો ? જે આ ભુમીનો અપરાધી છે, જેને આ ભુમીના ભોગતાઓને મહા દુઃખ દઈ તેનો હક છીનવી લઇ તેની પર ત્રાપ મારી પોતે પરમ સુખ ભોગવવા માટે આ ભુમીની આવી અપદશા કરી છે. માગધ દેશના માગધરાજાની અચળ કીર્તીની ઉડી રહેલી ધજાની, મારા મીત્ર મહામંત્રીની ક્રોધાગ્નિને યાહુતી આપી છે. અને તમારી પણ લેશે ? આ વરસી રહેલી આગ્ન તેનીજ છે. જો તમારે આ આગ્નને શાંત કરવી હોય તો, માગધના જંગી કીલ્લામાં ભરાઈ બેઠેલા ગુપ્તસેન અને તેના કુટુંબને પકડી લાવીને આ અગ્નિમાં હોમો. તે મહા અધમ છે, મહા પાંપી છે, એના જેવો દુષ્ટ મેં બીજા કોઇને જોયો નહી. પોતાના સ્વાર્થ માટે મહામંત્રીનો નાશ કરાવ્યો. તેનું વેર લેનાર આ બલધર કીન્નર શકતીવાન છે. જો તમે તે લંપટને પકડી લાવી બળીદાન નહીં આપશો તો તમને અને તમારી સાથે તેનો પણ નાશ કરીશ. પછી તેના બીજા વેરીઓની ખબર લઇશ. તે વેરીઓને શોધવા જવા પડે એમ નથી. તે મારી સમીપજ છે, તે મને જુવે છે, હું તેને જોઉં છું, જશે કયાં ? એની હામ હું પુરી કરીશ ? એની શકતીને જોઈશ ? ભેટો થવાની માત્ર એક ક્ષણજ છે. કહો હવે તમારે પ્રાણ બચાવવો છે કે ગુમાવવો છે. સત્યને શરણે જવું છું કે અનીતીથી ભરેલા નીષ્ઠુર લોકોને માટે કેશરીઆ કરવા છે.' આ

કોણ છે ? શું બકે છે ? તેનો જરા પણ વીચાર ન કરતાં મર ણીઆ બની આ દેવધર કીન્નર ઉપર તુટી પડી ઘાંટો કહાડી કહયું કે, 'એજ આપણો નાશ કરવા આવ્યો છે, માટે તેનીજ યાહુતી આપો. જવા દેશો નહીં, વચમાં ઘેરી લો. અને તેને શુરા ક્ષત્રીઓના જબરા હાથનો સ્વાદ ચખાડો ? કીન્નર હોય કીંવા કીન્નરનો બાપ હોય ? એના જેવા બીજા હજારો કીન્નરો કેમ આવતા નથી ? મારશે તેની તલવાર છે. બળવાનનો જય છે. પરા ક્રમીઓને જશ છે. નામરદ બુદ્ધિહીણ, ઈર્ષાખોર દાંભિક, અને જગતને ફોલી ખાવાનો ધંધો લઈ બેસનારા ધુતારાઓના જીભે જ શુરા હોય છે, એનું શુરાતન જીભ ચાલે ત્યાં સુધીજ રહેછે. માટે યોગણીઓને ખુબ રમાડો.' આટલું બોલતાંની વાર તમામ યુદ્ધાઓ દેવધર ઉપર તુટી પડયા. દેવધર પણ ખુબ ઘુમવા લાગો. કેટલાકોને તેણે કાપી નાખ્યા. કેટલાકોના જબરા ઘાથી દેવધરનું શરીર વીંધાઇ ગયું. તેથી તેના ક્રોધનો પાર રહયો નહીં. જેમ મસ્ત હાથી કમળીને તોડી નાખવા જાય છે તેમ દેવધર મસ્ત બની બધાનો નાશ કરવા દોડયો. સિંહની ગર્જના સામે જેમ કેસરી સીંહ લડવા જાય છે, તેમ દેવધર ગર્જના કર તો બધાનો સંહાર કરવા લાગો. ભીમસેનની પેઠે એક ચાર ચાર ને પકડી બળી ગયલા ઝાડના થડની સાથે પટકતો હતો. એમ આખા લશ્કરનો નાશ કરી નાંખ્યો. નહાઠા તેને જવા દીધા. હવે સન્મુખ કોઈ યોદ્ધો રહયો નથી. એમ જાણી આસ્થંભના બંધ દરવાજાને પાટુના પ્રહારથી તોડી પાડી અંદર પેઠો. જ્યાં ગુપ્ત સેન અને તેનું કુટુંબ ભરાઇ બેઠું હતું ત્યાં જઈ, જેમ એરૂ ઝાડને વીંટો લઈ ભચડી નાંખેછે તેમ દેવધરે પોતાના છાતી સાથે

ડાબી તેના પ્રાણ હરી લીધા અને તેના શબોને કીલ્લાની નીચે આવેલી ખાઈમાં ફેંકી દઈ બોલ્યો કે, 'મેં મારા મીત્રનું વેર લીધું છે તેથી તેનો જીવ અવગતીઓ ન થતા ગતીને પામશે. ગતીને પામ્યો હશે તો હમણાજ આ અંધકાર અને આ પસરી રહેલી અગ્નિ શાંત થઈ જશે અને તેજ ઠેકાણે તેને બદલે તેજનો ગોળો બની જશે.'

અંધકારનો નાશ થતાજ સર્વ દીશાઓ પ્રકાશમય બની ગઈ. અને તે પ્રકાશને વધારે પ્રકાશીત કરનારા તેજના ગોળાને જોઈ દેવધર કીલ્લાની બહાર નીકળી પવન વેગે જ્યાં મહાદેવીનું મહામંડળ ઉભું હતું ત્યાં આવી ઉભો. આ મહા પ્રંચડ યોદ્ધાની ભવ્ય કાન્તી નીહાળી મહાદેવીનુ મંડળ અંજાઈ ગયુ. મહાદેવીનું મહા તેજ જોતાજ દેવધર પણ ક્ષણભર નીચું ઘાલી જોવા લાગો. તેની સામે એક શબ્દનો ઉચ્ચાર કરી શકયો નહીં. મનની હામ મનમાં રહી. હવે શું કરવું ? વેર શી રીતે લેવાય ? આ કંઈ જેવી તેવી મુર્તી નથી ? પગે પાણીના રેલા ઉતરાવશે ? મારાથી જાય તેવી નથી ? મોતીના પાણી ઉતારશે ? આકાશના તારા બતાવશે ? કે શું આ હાડ ને માસને મૃત્યુલોકના શ્વાનો ચુંથશે ? જો આમ બનેતો આકાશગામી કીન્નરો તુચ્છકારશે ? જો બે વચ્ચે યુધ્ધ થશેતો તે યુધ્ધથી આખી પૃથ્વી નહીં, પણ આંખું બ્રહ્માંડ ગાજશે. તે વખતના આ દારૂણ યુધ્ધને જોવા દેવ દાનવો અને સ્વર્ગની સુંદરીઓ એકઠીઓ મળશે. જીતશે તેને વરમાળા આરોપશે ? હારશે તેને ધીકારશે ? આ યુધ્ધમાં જો હું હારીશતો મારી કુદશાનો પાર નહીં રહે. અને કદાચ આ સ્ત્રીને જીતીશ તોય મારા લોકમાંથી ભ્રષ્ટ થઈશ. જીતાય એમતો

લાગતું નથી. તો કેમ કરી વેર લેવું. વેર લીધા વગર મારા મીત્રની પુત્રી મનમોહીની મુકત થઈ આ દેવતાઈ ઘોડો મને અપાવી શકનાર નથી ? બળની સાથે કલની જરૂર છે. બલથી આ બલા જીતી જાય એમ નથી.' જેમ જેમ બલધર ઉંડા વીચાર માં ઉતરતો જાય છે તેમ તેમ તેની શકતી ક્ષીણ થતી ચાલી.

આ નવો યોદ્ધો કોણ છે ? શા માટે આવ્યો છે ? તે મનમોહીની સીવાય દેવધરને બીજું કોઈપણ ઓળખી શકયું નહીં.

દેવધરે ક્ષણભર વીચાર કર્યા પછી, જે દેવતાઈ ઘોડાપર શરધર બેઠો હતો તેની લગામ પકડીને કહયું કે, 'ભાઈ! નીચે ઉતર.

શરધર—મને ઘોડા પરથી નીચે ઉતારનાર તું કોણ છે ? ચાલ. રસ્તે પડ. નહી તો કંઈક સાંભળીશ.

દેવધર—બાપુ ! તારા બોલજ સાંભળવા આવ્યો છું. જોઉં તો ખરો કે તું કેવો શુરવીર છે. તું જાણેછે કે એ ઘોડો કેનોછે? એના ઉપર તારો હક શું છે ?

શરધર—જો, સાંભળ ! શુરા ક્ષત્રીઓનું શુરાપણું બોલવામાં નહીં, પણ રણસંગ્રામમાં રોપવામાં આવેલા રણસ્થંભને જીતવામાં, દેશની સમૃધ્ધિ વધારવામાં અને પ્રજાની ઉન્નતી કરવામાં સમાયલું છે. બોલ, એથી વધારે શું સાંભળવાની ઈચ્છા રાખે છે ? ઘોડા માટે જરા પણ આશા રાખીશ નહીં.

દેવધર—આશાને અમર કરવા માટેજ આ બધુજ થાય છે. આશા કોને નથી ? કોણ આશા પર ઝુરતું નથી ? બીજાઓ તો પારકી અને નહીં જોયેલી વસ્તુ મેળવવાની આશા માટે ભવના ભવ કાઢે છે ? તો પછી હું મારી ગયેલી વસ્તુ પાછી મેળવવા

માટે કેમ આશા ન રાખું ? શું ? આ ઘોડોપણ તે તારા સામ થથી મેળવ્યો છે કે ? અને તેથી તું ઘોડો આપવા ના કહે છે. એ શુરાનું લક્ષણ નથી. શુરાઓ ન્યાયનો કદી પણ ત્યાગ કરતા નથી. ન્યાય એજ શુરાઓનો ધર્મ છે. જે શુરા ક્ષત્રીઓ નીતી તજી અનીતી ગ્રહણ કરનારા હતા તે રાજવંશી ક્ષત્રીઓ અને તેના વંશો શું હસ્તી ભોગવે છે ?

શરધર—શું તું ન્યાય અને નીતીથી બોલે છે ? કે આ ઘોડો તારો છે. એ ઘોડો તું કયાંથી લાવ્યો હતો ? ઘોડાનું સ્વરૂપ જોઈ તેના મોહમાં લપટાઈ ભાન ભુલી ગળે પડવાતો આવ્યો નથી ? વીચાર કરજે ? નહીં તો પસ્તાઇશ. એ ઘોડો તારો નથી. મહા દુષ્ટ મહામંત્રીનો હતો તેને મારીને આ ઘોડો મેલવ્યો છે તો પછી તેના પર તારો દાવો કેમ ચાલે.

દેવધર—હજી તું નાદાન છે તેથી આટલી બધી રીકઝીક કરવા પામ્યો છે. પણ તારે ઠેકાણે બીજો કોઈ બળવાન હોતતો હું તેને મારો ચમત્કાર બતાવત. તું ખરેખર ક્ષત્રી જાતમાંથી પાકેલો નથી. જો ખરૂં ક્ષત્રી બીજ હતતો મહામંત્રીનો કદી પણ નાશ કરાવત નહીં. કેવો તું નીચ છે, તારી અધમતાનો બદલો તને મળી ચુકયો છે અને હજી મળશે.

શરધર—કાતરની પેઠે ચાલતી તારી જીભને અટકાવ ? બોલનો તોલ કર્યા વગર ફાવે તેમ બકે છે શું ? શું તને મારો અને મારી મહાદેવીનો ભય નથી ? તું પણ કોઈ તે મહા અધમ મહામંત્રીના મોતના સમાચાર લેવા આવ્યો હોય એમ લાગેછે. એ મહા પાપીએ અમારા સુખનો, વૈભવનો, સમૃદ્ધિનો, રાજનો અને કુટુંબનો નાશ કરાવ્યો તેનું વેર અમે નહીં પણ તેના પાપે

તેના કર્મે લીધું છે. તેના પાપે તેનો નાશ કરાવ્યો છે. તેમાં બીજા શું કરશે ? હવે તારા ચમત્તકારમાં કાંઇક શકાતનો અંશ હોય તો ખાખની સાથે ખાખ થઈ ગયલા તારા મીત્રને જગાડી તારા ઘોડાની માગણી કર.

દેવધર—ચુપ રહે નીચના પેટના ચુપ રહે ? હમણાજ તારી અને તારી મહાદેવીની કરણીના ફળ ચખાડું છું ? હમણાજ તને અને તારી મહાદેવીને મારો વ્હાલો મીત્ર, જગતને ત્રાસ આપી ધુજાવનારા મલેચ્છોનો કટ્રો વેરી જે રાખોડી સાથે રાખોડી બની ગયો છે તેની સાથે તમારી રાખોડી બનાવીશ તોજ મારા મનની આશા તૃપ્ત થશે ? તોજ મીત્રની સદગતી થશે ? અરે દગાખોરના વંશ ? યાદ કર ? ભુલી શા માટે જાય છે ? ગુણના ભાઇ દોષ ? અનેકવાર તારા રાજને બચાવી તમારા વેરીઓનો નાશ કરી તમારા સુખની વૃદ્ધિ કરનાર તેજ હતો. તેના બલ ઉપર તાગડધીન્ના કરતા હતા તેનોજ આ દુનિયામાંથી નાશ કરાવ્યો ? તો પછી તમારો અને તમારા દેશનો નાશ કરવા કેમ તત્પર ન થઉં ? અરે ! હવે વધુ બોલી મારી છાતીને ફાડીશ નહીં ? મારૂં શરીર કંપકપી ઉઠયું છે ? હવે મારા હાથ ઉછળશે ? આંખ પ્રાટશે ? માટે ભુમી રકતવરણી કરવી ન હોયતો મારો ઘોડો આપી દઈ તારાં અપરાધની ક્ષમા માગ.

શરધર—ક્ષમા ? તારી ક્ષમા માગુ તોજ મારો પ્રાણ બચશે ? અરે ! ઉદ્ધત આ તું શું બકે છે ? સીંહતો કદી નમણું આપતો હશે ? મેરૂતો કદી ડગતો હશે ? સીંહતો સીંહ સાથેજ લડશે ? તારા જેવા શીયાલવાથી શું ડરી જઈ કુળને કલંકીત કરાવશે ? જા, વાટ ભુલ્યો ? માણસ ભુલ્યો ? એક દગાખોર ની

મકહરામ વીશ્વાસઘાતી અને કેવલ પોતાની મન ઈચ્છા પુર્ણ કરનારા ચોરની વારે આવ્યો છે. તું પણ તેના જેવો બીજો ચોર છે. આવા ચોરોનો નાશ કરવાની ઘણી જરૂર છે. માટે જીવવાની આશા રાખતો હોય તો મારી મહાદેવીના ચર્ણ સેવવા તત્પર થા.

દેવધર—મુર્ખ! મારી ક્રોધાગ્નિને વધુ તપાવમાં? સીધો થઈ નમસ્કાર કરી ઘોડો આપી દે. પારકા જોર ઉપર શું કુદી રહયો છે. મરદાનગી હોય, પરાક્રમ હોય તો અજમાવ. ઘા કર. અને પછી જો કે તું કે તારી દેવી મારી પેજાર સેવવા તત્પર થાય છે કે નહીં. લે સાવચેત થા. તારા હાથયાર સંભાળ. જોજે પુર્વજો નર્કમાં ન પડે. એટલું કહી દેવધર શરધરપર ધસ્યો.

આ વખતે મહાદેવી શાંતથી આ બેની તકરાર પર એક ચિત્ત દઇ સાંભળતી હતી, તે એકદમ સાવધ થઈ શરધરની મદદે જઈ ત્રાડ મારી બોલી કે, 'એ પીંઢારા ઉભો રહે? ખબરદાર રહેજે? શું બે માથા રાખે છે? શું પૃથ્વી શુરા વગરની વાંઝણી રહી છે. તારા જેવા નીચ, અધમ અને અનાથોને, પીડનારા પારકા સુખનું સત્યાનાશ વાળનારા આ દુનિયામાં બીજા કેટલાક છે. પૃથ્વીના પડને ફોળી ખાનારા કીડાઓની પેઠે ભમતા તારા જેવા નાશવંત કીડાઓના મુળોનો પણ નાશ કરવો ઘટે છે. તમારા નાશથી દુનિયાપર થતા મહા પાપોનો પણ નાશ થશે. થરથરી રહેલી પૃથ્વી પણ શાંત થશે. જેમ તેતરોથી ખેતરો ભરેલા જોવામાં આવે છે તેમ તમારા જેવા અધમાશુરોથી દુનિયાના ખેતરો ભરેલા નજરે પડે છે. એ ખેતરોનો નાશ

કર્ત્તા શું કોઇ નહીં હોય ? શું તેવાઓથી ભુમી રસાતાલ ગઈ છે ? એવું સમજીને શું તારા જેવા હત્યારા, મલેચ્છ, સ્વચ્છંદી દાંભિક, લંપટ, આવચારી અને પારકાનું ઓયા કરી જનારા ફાવી ગયા છે ? નહીં, નહીં, શેરને માથે સવાશેર છે. સોનાની થાળી માં લોખંડની મેખ મારનાર છે. સ્ત્રીઓ અને બાળને જોઇ શું શુરપર ચઢયો છે, અને તે તારા શુરથી ડરી જઇ તને નમાણુ આપશે ? આ ખેડુતની બાળા નથી કે તારા તેજમાં અંજાઈ જાય ? આતો તારા અભિમાનના આંકડાને વાળનાર એક ક્ષત્રાણીને કુખે પાકેલી રાજબાળા છે. અને બાહુબળથી, અને ઈશ્વરી કૃપાથી તારા મહા પ્રપંચી અને જનપીડક મીત્રનો, અને તેની મહા જાદુઈ ગુપ્તાનો નાશ કર્યો છે ? ખાંડણીઆમાં માથું મુકીને આ ઘોડાને પ્રાપ્ત કીધો છે તેની પર તારી શી સત્તા છે ? આ ચ્યો હોય તેની પાસે લેવા જા. ફોકટના પ્રાપ્રા મારમાં. ફીણને પકડવાથી શું ડુબતો કદી બચતો હશે ? કંટારીઆમાં હાથ નાખવાથી શું લાભ ? ઝેરમાંથી કદી અમ્રત નીકળતું હશે ? ગુલાબની તુલના કેશુડા કરી શકશે ? ચંદનની બરોબરી બાવળ કરી શકશે ? માટે તું એક વાડના વેળા સરખો છે. તે વાડના વેળા કડવી તુંબડી જેવા હોય છે, તેવા વેળાઓનો સ્પર્શ, તેનો પડછાયો શામાટે જોઈયે ? પ્રાયશ્ચીત કરવું પડશે ? તોપણ તારા પાપના પડછાયામાંથી મુકત થવાના નથી. પાપીઓના પડછાયાથી લીલા ઝાડો પણ કરમાઈ જાય છે. પાપીઓના પડછાયાથી નદીઓના આછા નીર પણ સુકાઇ જાય છે. સુર્ય પણ છુપાતો ફરે છે. દેવતાઓ પણ કંપે છે. માટે જા, તારા પાપનો નાશ કર. તો ઉધ્ધાર થશે ? હે નીશાચર ! પીઠ ફેરવ ! તારા ક્રૂ

રધની મીત્રના કુડા કૃત્યની નીશાની તરીકે ટાંગવામાં આવેલી તેના આતરડાની બનાવેલી હારમાળા જો ? એ શું સુચવે છે ?

પોપટ—ત્રીશંકુની પેઠે અધર લટકી રહેલા દેવધરનું મોત.

મનમોહીની—સરોવરની સુંદરીની પ્રાપ્તી માટે કીન્નર જાતીમાંથી ભ્રષ્ટ થયેલા દેવધર ! આ પાણીમાં તારા ચોખા ચઢે એમ નથી. આતો હળાહળ ઝેરનો ઝરો છે. માગધ રાજા નથી ? તમારે બાંધે બંધાય ? પાણી પાઓ તેટલું પીએ. તમારી સંગ તથી માગધરાજાને શું ફળ મળ્યું ? તારા મીત્રની શી ગતી થઇ. સાથે મને પણ ચુનો ચોળાવવામાં બાકી રાખી નહોતી ? તમારા સ્વાર્થ માટે કેવા ભયંકર અને છાતી ફાડી નાખે તેવા કુર્મો કરાવ્યા છે, તેનું સ્મર્ણ થતાં મારા શરીરમાંથી કંપારી છુટે છે. તોપણ તેની કંઈ પણ અસર તમારા પાષાણ સરખા અંતઃકરણમાં થતી નથી ? આ બધાનો ભોગતા કોણ ? આનો શું જવાબ દેશો ? યમરાજના યમદુતો પકડી કુંભીપાકમાં નાખશે ? આ મૃત્યુ લોક છે, તેનો સ્પર્શ થતાજ તમારાં દેહ અપવીત્ર થાય છે, તેનો કાંઈ વીચાર કીધો નહીં ? મૃત્યુ લોકની સુંદરી માટે આવો ઉત્તમ અવતાર એળે ગુમાવ્યો છે . શું તેના કરતા સરસ સુંદરીઓ તમારા લોકમાં નથી ? કેટલી મુર્ખાઈ ? કેટલું બધું ઉધ્ધતપણું ? આમ ઉધ્ધતાઈ કરતાં પણ સરોવરની સુંદરી પ્રાપ્ત થનાર નથી ? એની ઉપર જાદુગરની જાદુકળા પણ ચાલનાર નથી. એ જાદુકળા ચલાવવા માટે મહામંત્રીને તે આ દેવતાઇ અશ્વવ આપ્યો.હતો તેમાં તમારૂં કંઇ વળ્યું ? હે દેવધર ! એ સરોવરની સુંદરીની આશા મુકી દે. એ તારા કર્મમાં સરજેલી નથી. આવા બીજા દસ અવતાર લઇશ તોપણ સરોવરની

સુંદરીના પગની પાની પણ જોઈ શકનાર નથી તો પછી તેનુ આખું શરીર જોવા માટે બીજા કેટલા ભવ જોઈયે ? માટે તેની ઝંખણા કરવી મુકી દે ? તે મેળવવાને માટે કરવા પડતા મહા પાપમાંથી તારા હાથને ઉઠાવ ? આમ પાપ કરવાથી કે જાદુના પ્રયોગો ચલાવવાથી, અને વળી તારા જેવા નીષ્ઠુર અધર્મી અને કપટીને કદી પણ મળતી હશે ? એતો મહા ગુણ ગ્રાહી ચતુર ધીરવરનેજ પ્રાપ્ત થશે ? માટે મમતા મુકી દે ? બે ભવ શા માટે બગાડે છે ? જોયું ન હોયતો જોઈ લે ? તારા દુરાચરણી મીત્રની શી દશા થઈ? એ દશાને પાત્ર થવું હોય તોજ આંખે પાટા બાંધી અંધારા કુવામાં ઉતરજે.

દેવધર—એ મૃત્યુલોકની ઝંખણીઓ ! જેમ તમે મારી આંખને સદા રડતી રાખવા માટે મારા વ્હાલા મીત્રના આંતરડાની હારમાળા ટાંગી છે, તેમ તમારી આંખમાંથી સદા લોહીજ વરસશે ? કલેજામાં વીંટ આવશે ? એવી દશાએ આખા દેશને પહોંચાડયું છે. તે દેશમાં લોક નહીં પણ પીશાચો વસશે. તેનો અમલ શરધર નહીં, પણ પીશાચનો રાજા કરશે ? માટે સત્તા હોય તો તેનો નાશ કરજો. બાપના નામને બટો લગાડનારી, બાપના વેરીને સહાય કરનારી, બાપના હાડવેરીઓને જગાડનારી નીચ મનમોહીની તને ધીક્કાર છે ! તું પણ તારા કુળમાં અંગારા જેવી નીપજી છે. અને તારે હાથેજ તારા બાપના બળતા દીવાનો નાશ કરવા તત્પર થઈ છો. શું તારા હાથ ભોંયે પડયા છે ? શું તારા સરસ જાદુનો અંત આવ્યો છે ? શું તારી મદદે કોઈ નહોતું ? તું કરવા ધારત તે તું કરી શકત ? મનમાં લેતતો તારા વેરી ઝખ મારત ? આમાં બીજાનો દો દોષ કાઢુ ?

આમા બધો દોષ તારો છે. તેં પણ મારી પેઠે એક ભવમાંથી બે ભવ કીધા છે. મહા પ્રયાસે મેળવેલી મહા વસ્તુઓનો તે નાશ કરાવ્યો છે. જે વસ્તુઓ વડે મનની તૃષ્ણાને મટાડતા હતા, જે વસ્તુ થકી મહા ચક્રવર્તી રાજાઓને ધુરકાવતા હતા તે વસ્તુઓનો નાશ કરાવી મુવેલાઓને નવું જીવન આપ્યું છે. પગ મુકવા માટે એક તશુ ભુમી રહેવા દીધી નથી. તારે વેર લેવું હતુ તો તારે હાથે તારા બાપનો નાશ કરવો હતો, પણ પારકાને હાથે કરાવવો નહોતો. તું દીકરી નહીં પણ પેલા ભવની વરણ નીકળી તું કેમ જીવતી રહી ? આ દુયિનામાં તારૂં કામ શું હતુ ? તારા બાપનો નાશ કરાવવાથી તારા હાથમાં શું આવ્યું ? કયો સ્વાર્થ સર્યો ? પારકા સ્વાર્થ માટે ઘરની ઘાટકણ બની ? એ શુ તને લીલા પીળા પહેરાવી નીહાળ કરશે ? એ શું તારા ભવની ભુખ ભાંગશે ? એ શું તારા દુઃખ સુખમાં ભાગ લેશે ? એ શું તારા પાપનું નીવારણ કરશે ? કાં ભ્રમીત બની છે ? સાવચેત થા ? હજી બાજી બગડી નથી. અને કદાચ બગડી હશે તો તે સુધારવામાં હું તને સહાયભુત થઈશ. અરે પાપણી ! તારા પાપી અંતઃકરણમાંથી પીતા પ્રત્યેનો પ્રેમ શું નાશ પામ્યો ? તે માટે તારી આંખમાંથી જરા પણ આંસુ ટપકતા નથી. તુ કેટલી બધી કઠોર છે ? તું કેટલી બધી નીર્લજ છો ? શરમાતી નથી ને ઉપરથી મને શીખામણ દેવા નીકળી છે ? હું તારા જેવો નીમકહરામ થનાર નથી. તારા બાપના વેરીઓને જોઇશ ? તને પણ તેનો સ્વાદ ચખાડીશ. ત્યાં શુધી તારી આંખના પદરો ઉઘડવાના નથી. તું જેની સહાયે ઉભી છે તે કેવળ સ્વાર્થનીજ સાધુડી છે. સ્વાથ માટેજ આ સહાસ કીધું છે.

એનો સ્વાર્થ સર્યા પછી એજ તને તારી કરણીની શીક્ષા આપવા તત્પર થશે. માટે હુજી ચેત! હજી ખરા બપોર છે, રાત પડી નથી.

મનમોહીની—બસ હવે બહુ થયું. તારી કઠોર ભાષાથી મારા કાનને અપવીત્ર કરમાં. મહા નસીબના યોગે તમારા પાપ માંથી છુટીછું. હવે એ મહા પાપને મારગે લઈ જવાની પેરવી કરીશમાં. તારી પેરવી હવે તનેજ ફસાવશે?

મહાદેવી—એ અધમ! જેવો તું છે, તેમ બીજાને ધારે છે? આમા મારો કંઈ સ્વાર્થ નથી. પણ પરમાર્થને ખાતર માથું મુકી કામ કીધું છે. જો મેં દ્રઢ પ્રતિજ્ઞા લીધી ન હોત, અને પારકાઓને પાપીઓના પાપી પંજામાંથી મુકત કરવા માટે કાળ ના મુખમાં ગઈ ન હોત તો શું તારા દુષ્ટ દોસ્તનો અને તેની જાદુઈ ગુફાનો નાશ થાત?

પોપટ—હે મહાદેવી! તમે તો એક પંથ ને દો કાજ કીધા જેવું કીધું છે. જો તમે કાળના મુખમાં ગયા નહોત તો શું તમારા સ્નેહીઓનો પતો લાગત.

મહાદેવી—નહીં, કદી નહીં.

દેવધર—તમે મહા પરમાર્થી છો? અને પરમાર્થને ખાતરજ પારકાના દુઃખમાં ભાગ લો છો તોપછી પીશાચથી ગાજી રહેલા માગધદેશને અસલ સ્થીતીમાં લાવો તેની ગાદીપર શરધરને સ્થાપીત કરવાની? એટલુંજ નહીં, પણ વીલાસસુંદરીને જે મહા જાદુગર કળાધર હરણ કરી ગયો છે અને જેને માટે તેના મા બાપો રાતદીવસ ઝુરી રહેલા છે, તે તેને લાવી આપી, તેના મન નું શાંતવન કરવાની શકતી છે?

પોપટ—અરે મુર્ખા! અભીમાનમાં શું બકે છે? તારે ગર્વ ઉતારતા કેટલી વાર! તારા સામર્થને ગણકારે છે કોણ? નાહક કરણીના ફળ ચાખવા આવ્યો છે તે ચાખ્યા વગર તું કદી પણ નમસ્કાર કરનાર નથી? એ મહાદેવીતો નમવા ગ્યોગ છે તેની ચેષ્ટા કરે છે. શું કામ આડો અવળો થાય છે. આ બધુ જે થાય છે તે વીલાસ સુંદરીની મુકતી માટેજ થાય છે.

રાજયોગી–જેમ તારા મીત્રની અને તારી ખુમારી ઉતારી ભુમી ખોતરાવી છે તેમજ કળાધરનું થશે. એના પણ મોતના નગારા વાગી રહેલા છે. તે તું જાણીશ એટલેજ તારા પણ રામ નમી જશે. જો, જે તને વારંવાર ફીટકાર આપી રહયો છે તેજ કળાધરનું મોત છે.

મનમોહીની—એ હજી જાણતો નથી કે તેના મસ્તકના ઉડવાની સાથેજ પીશાચોનો નાશ થશે? એ દુષ્ટબુધ્ધીવાળા જેણે મહામંત્રીના મહા જાદુને કશી ગણત્રીમાં ગણ્યા નહીં તે શું તારા નીરજીવ જાદુના પ્રયોગને ગણકારશે? માટે આત્મશ્લાઘા કરવી મુકી દે અને દેવીને શરણે આવ.

દેવધર—શું આકાશગામી કાળામાથાના માનવીને નમશે? શું કાલામાનવી દેવ સરખા કીન્નરની વસ્તુને હરણ કરશે? શુ કીન્નરમાં દૈવત નથી. કોને સમજાવવા નીકળી છો? તું પલટી એટલું બસ. શું મારો ઘોડો મને નહીં આપે. સરજોરી કરી લઇ જશો? અને તે હું જોયા કરીશ.

મહાદેવી—સદગુણીઓના સદગુણોને દેવ પણ નમે છે? તો પછી તું નમે તેમા નવાઇ શી.! જો તારામાં કીન્નર જાતીનો કાંઈ પણ ગુણ હોત તો મહા અવીચારી મહામંત્રીને વશ થઈ

દેવતાઈ ઘોડો આપત ? મીત્રાચારીમાં શું મેળવ્યું ? સરોવરની સુંદરી કે જાતીનો શ્રાપ ? શ્રાપનું નીવારણ કરી કીન્નર જાતીમાં પુનઃ જવું હોય તો આ માર્ગને મુકી દે. અને ભવોભવ કુંભી પાકમાં પડી રખડવું હોય તો અધમ પઠે પડજે.

દેવધર–હું તારો શીખામણનો પાઠ ભણવા આવ્યો નથી, પણ મારો ઘોડો લેવા આવ્યો છું તે આપ. નહીંતો ભુમીને રૂધીરનો ભોગ આપવો પડશે ?

મહાદેવી–હજી ભુમીને અપવીત્ર કરવાની બાકી રાખી છે કેમ ? ભલે ભૂમીએ તમારા જેવા અશુરોને ઉત્પન્ન કીધા ? એ અશુરોનો પણ એજ ભુમી ભોગ લેશે ? જરા ધીરજ રાખ. જરા પણ અકળાઇશમાં. તારામાં જેટલી શકતી હોયતે અજમાવી તારા ઘોડાને લેજે ત્યાં સુધી તારો ઘોડો તને મળનાર નથી.

રાજયોગી–એ ઘોડા પર હવે તારો હક રહયો નથી, શીદને કાળને આમંત્રણ કરે છે.

દેવધર–ત્યારે શુ તમારો હક છે.

રાજયોગી–હા.

દેવધર–શી રીતે.

રાજયોગી– તે તું જાણતો નથી.

દેવધર–જાણતો હત તો પુછત શામાટે ?

શરવર–કેમ જુઠું બોલે છે. મેં તને પ્રથમથીજ જણાવી દીધું છે કે એ ઘોડાને અમે જીતમાં મેળવ્યો છે.

દેવધર–એને જીત કોણ કહેશે ? એવી જીતતો બાયલા પણ મેળવે છે.

મહાદેવી–ત્યારે શું તું યુધ્ધ કરવાની ઇચ્છા રાખે છે ?

દેવધર—હા.

મહાદેવી–લે તૈયાર છું. કર તારી ઈચ્છાને પુર્ણ.

દેવધર—જેણે મારા અશ્વ ઉપર સ્વારી કરીછે તેણેજ મારી સાથે રણમાં ઉતરવું પડશે.

મહાદેવી–એ બાળ છે, અને તેને મનમોહીનીએજ ઘોડા પર બેસાડયો છે. તેમાં તેનો દોષ નથી. તેવા બીનદોષીત અને નાદાનની સાથે લડવામાં તને તારા લોક ધીકારશે. સમોવડીઆની સાથે લડ કે તારા બલની તને અજમાયશ થાય.

દેવધર–તમારી સાથે લડવામાં હું લાંચ્છન સમજુછું.

મહાદેવી–ભલે. તેમ નહીં. પણ હું એક યુકતી બતાવું તેમ કરીશ.

દેવધર–બતાવો. ધ્યાનમાં ઊતરશેતો કબુલ કરીશ.

મહાદેવી–મારા હાથમાના ત્રીશુલને હું ફેંકુ; અને તે ત્રીશુલ જ્યાં પડે ત્યાંથી તમારા બેમાંથી જે પહેલો લઇને આવશે તેને આ ઘોડો આપવામાં આવશે. કેમ મરજી થાય છે

દેવધર—કેટલીકવાર મનમાં વીચાર કર્યા પછી, જાણ્યું કે, જેની ઉપર હું થઈ થઇ નાચી રહયો હતો અને જેની હીમ્મત ઉપર કમ્મર બાંધી આવ્યો હતો તે મનમોહીની મારી થઇ નહીં. તો પછી શું કરૂં ? કરવા જઈશ તો મારૂ પાણી રહેશે નહીં. માટે એની હાએ હા કહેવામાંજ પાણી રહેશે. આવો વીચાંર કરીને તેણે મહાદેવીને કહયું કે, 'તેમ કરવાને કબુલછું. ઉતારો શરધરને ઘોડા ઉપરથી.'

મહાદેવીની એ સરત દેવધરે કબુલ રાખવાથી મનમોહીની એ તરત શરધરને ઘોડાપરથી ઉતારી લઈને બંનેને કહયું કે, 'તમે એક બાજુ ઉભા રહો, અને દેવી જેવું ત્રીશુળ ફેંકે કે તરત તમે તેને લેવા દોડજો.' આ ગોઠવણુ થઈ રહયા પછી મહાદેવીએ ત્રીશુળને ખુબ ઘુમાવીને જોરમાં ફેંકયું. ત્રીશુળ ઘુંઘુંનો અવાજ કરી છુટતાંજ તેની પાછળ આ બંને દોડયા.

પછી મહાદેવીએ પોતાની સાથનાઓને કહયું કે, 'શરધરના પ્રાણની યત્કીંચીત ચીંતા કરશો નહીં. એનું રક્ષણ એજ ત્રીશુળ કરશે. એજ ત્રીશુળ એને સદબુધ્ધ આપી સન્માર્ગ બતાવશે. એ દેવધર દીવાનો બની વનોવન ભટકશે પણ તેના હાથમાં ત્રીશુળ આવશે નહીં. ચાલો હવે આપણે રાજધાનીમાં પ્રવેશ કરીએ અને તેની શી દશા થઈ છે તે તપાશીએ.

આ દેવતાઈ ઘોડાપર ચક્રની સ્થાપના કરી ઘોડાની પાછળ તેનું મંડળ ચાલવા લાગું. રસ્તે ચાલતા ભુમીપર પડેલા મુડદા નજરે પડીઆ, તે ખુંદીને આગળ ચાલતા પીશાચોના ટોળા સામે આવવા લાગા. મુડદાઓ ઉપાડી ફેંકવા લાગા. તેનો નાશ કરતી મહાદેવી નગરમાં પેઠી. ત્રાશ પામી ગયેલી પ્રજાનુ સમાધાન કરતાં મહાદેવી રાજમહેલમાં પેઠી. અને પીશાચોથી ગાજી રહેલા મહેલને મુકત કીધો.

મહા શકિતીની ભકિતમાં તલ્લીન બનેલી, અને અહોનીશં તેનુંજ ચિત્તવન કરતી મહાદેવી, દુઃખથી મહા વેદના ભોગવતી માગધદેશની રાણી અને તેની સકલ પ્રજાના મનનું સમાધાન કરીને ઘણા દિવસથી ભુખ, તરસ, તાઢ તડકો અને ઉપાધિથી થાકી ગયેલા શરીરને બે ઘડીની વિશ્રાંતી આપવા

માટે શયન મંદિરમાં ગઇ. સુખ શૈયા પર સુતી. પણ આ સુખશૈયા તેને દુઃખરૂપ અને કાંટા સમાન ભાંસી, જોઈને થડકી, ભડકી અને ગલ ગલીત થઈ ગઈ. હૈયું ભરાઈ આવ્યું. છાતી ધબકવા લાગી. અરે ! આ શું કરૂં છું ? કયા સુખથી, સુખનો લ્હાવો લેવા આવી છું. સુખ કયાં છે ? સુખના સ્વપ્ના પણ આવતા નથી ? સુખના ભણકારા પણ કાને પડતાં નથી ? તો પછી સુખ શાનું ? આ સુખની શૈયા નહીં પણ મોતની છેલ્લી ઘડીના શૈયા છે ? કેવી ભ્યાનક લાગે છે. તે મારા મનનું કેવું આકર્ષણ કરી રહી છે. કેવી ચીત્તને છેતરી રહીછે. અરે ભુંડી ! જરા પણ સમો વીચારતી નથી ? શું તું આ સમા લાયકની છો ? સમા વગરની કોઇ પણ વસ્તુ પ્રીય લાગતી હશે ? માટે સમો વરત. સમો વરતે તે સાવધાન. એવો સમો નહીં વરતનારીને સદા ધીકારૂં છું ? તું પણ એક નીશાચરી છે. તે નીશાચરીને વશ થનાર કયો પ્રાણી સુખ ભોગવવા પામ્યો છે. માટે તને નવ ગજના નમસ્કાર કરૂંછું ? શું હું સુખ ભોગવવા જન્મી છું ? જો જન્મી હોતતો નરને બદલે નારીનો સંયોગ થાત ? અને તે સંયોગને બદલે આટલો વીયોગ સહન કરવો પડત ? વીયોગીની વીરહ વેદના શુધ્ધ વીયોગીજ સહન કરી શકેછે. તકદીરની તાસીર કેવી છે ? કોકને બદલે કોકીલા ? કોકીલાએ કરવામાં શું બાકી રાખી છે? કોકીલાની કરણીનો ભોગ મારે આપવોજ પડે છે. કેટલી ઠગાઈ! આ તેની થાવકી ઠગાઇમાં મારા જેવી ભોળી ઠગાણી. ઠગારાઓ. ભોળાઓને આમજ ઠગતા હશે ? ઠગીને હાથે ઠગાણીતો ખરી પછી પાછી તેની પર દીવાની બની વનવન ભટકુંછું. મારા જેવી સ્ત્રી માટે મે મારા પ્રાણ અર્પયાછે. તેને માટે લોહના ચણા ચાવું

છું.? તેને માટે પહાડો સાથે બાથ ભીડુંછું ? એમાં મારો શું સ્વાર્થ ? એમાં મારૂં શું કલ્યાણ ? આતો ભવનો ફેરો બગડ્યો. અવતાર એળે ગયો. અને 'જગતના તીરસ્કારની નીચે ડુબાઈ ભોં ખોતરવી પડશે. હા. કોકીલાએ મને જીતીછે તેથી મારે તેની તાબેદારી ઉઠાવવીજ પડશે. ના કેમ કહેવાય, અપમાન કેમ થાય. હું તેના હાથે બંધાઈ ચુકી છું. મારા હાથ તેના હાથમાંથી છુટી શકે એમ નથી. મજબુત બંધાઈ ગયા છે. અને તે હાથને મજબુત બાંધનાર શકતીજ છે. જો આ મારા અને કોકીલાના હાથ બાંધી લેવાની મરજી ન હોતતો શકતી મને શહાય થઈ કોકીલા અને ગુણીનીધીની ગયેલી અનુપી વસ્તુઓ મેળવી અને તેને છોડવવાની યુકતી બતાવત નહીં. માટે આમા શકતી પણ રાજી છે. જો હું બહુરૂપી કોકીલાનો તીરસ્કાર કરીશતો જરૂર શકતી મને શ્રાપ દેશે. તોપછી આ શ્રાપનું મારાથી નીવારણ થઇ શકે એમ નથી. તો પછી શા માટે શકતીપર વિશ્વાસ રાખી વરતું નહીં. શકતીજ મારૂં કલ્યાણ કરશે ? એતો મહા દયાળું છે. તે શું મારા પ્રત્યે અન્યાય કરશે ? મારા પ્રત્યે અભાવ રાખશે ? અભાવ હત, અપ્રીતી હત તો મને પુત્રી સમાન ગણી સહાય નહીં થાત ? તે પ્રત્યક્ષ છે, તે પ્રત્યક્ષ મુર્તી પ્રત્યક્ષ આવી કહે છે એ શું થોડો લાભ છે. આવો લાભ મહા તપેશ્વરી જપેશ્વરીને પણ મળતો નથી. કાંઈક સુકૃત કર્યાં હોય, પહેલા ભવનો કંઈક સંસ્કાર હોય તોજ ઈશ્વરી શકતી પ્રસન્ન થાય છે. એતો સિદ્ધ છે કે સંસ્કાર વગર સંસ્કારી થવાતું નથી. પુણ્ય કર્યાં વગર પુણ્યનું ફળ મળતું નથી. ધર્માનુંસાર ચાલ્યા વગર ધર્માનુંરાગી અનુકુલ થઇ સંકટમાં સહાય થતાજ નથી. સત્ય નીતી

એજ માણસના સુખને ઉદય કરનાર છે. એજ માણસને ભવપાર ઉતારનાર છે. સત્ય અને નીતીનો ત્યાગ કરનાર કયો માણસ સુખી થવા પામ્યો છે. એવા કંઇક અધમોએ પોતાના રાજનો, કુટુંબનો અને વૈભવોનો નાશ કરાવ્યો છે. 'તેમ હું કરવા શું તત્પર થઉં ? એ શું મારો ધર્મ છે ? સત્યને માટેજ દેશવટો લીધો છે. તેની ઉપર પાણી રેડવા તૈયાર થઉં. ના, તેમ નહીં, સત્યને ચહાનારી તે સત્યનો ત્યાગ કેમ કરશે ? સત્યમાજ જય છે. સત્ય તું જોઈયે તો તારજે ને જોઇયે તો મારજે. પણ હું તારો ત્યાગ કરનાર નથી. તુંજ મારૂં ભુષણ છે. તુંજ મારૂં સ્વરૂપ છે. તુંજ મારૂં રક્ષણ કરજે. મારા મનને, મારા વીચારને જરા પણ અશુદ્ધ થવા દઈશમાં. આડે માર્ગે લઈ જઈ ઝીકીશમાં.' આમ વીચાર સાગરમાં ગોથા ખાતી મહાદેવી પાછી સેજ પલંગ પરથી નીચે ઉતરી મ્હેલની અટારીએ ઉભી. પાછી વીચારમાં પડી મનને કહેવા લાગી કે, 'અરે મન ! તુ તારા સુખનોજ વીચાર કરે છે. તારા સુખની પ્રાપ્તી માટે જળના માછલાની પેઠે તડફડી શું રહ્યું છે. જેમ તને સુખની લાલચ છે તેમ બીજાના મનને કેમ ન હોય ? હોયજ. જેનું મન હજી કોમળ છે. જેના મને દુન્યાનો વારો ખાધો નથી, જેના મને સારા નરસાનો અનુભવ લીધો નથી તેવા નિર્મળ અને સ્વચ્છ મનવાળા શરધરને કાંઇ પણ વીચાર કર્યા વગર મેં ફસાવ્યો છે, તે હવે શું કરતો હશે ? તે હવે કયાં રખડતો હશે ? તે બાળ હજી દુઃખ ભોગવવા લાયક થયો નથી એટલામાં મેં તેની માથે મહા દુઃખનો ડુંગર મુકી દીધો. એ કેમ એનાંથી ઉપાડી શકાશે ? કયાં દેવધર ! અને કયાં શરધર ! એની બરોબરી કેમ કરી શકાય ? કદાચ

દેવધર પોતાનું વેર લેશે તો મારી શી ગતી થશે ? એની માતાને શું જબાબ દઈશ? ઈશ્વરી શકતીની મહા શકતીવાળું ત્રીશુળ કયાં જઈ પેઠું હશે. તે તેને મળવું કઠીણછે. અને કદાચ મળ્યું તો તેના હાથથી ઉખેડવાનુંજ નથી. આ વખતે તેના મનની શી સ્થીતી થશે ? મારા માટે કેવા વીચાર બાંધશે ? હું કેવી નમેરી ? મને તે વખતે તેની કોમળ કાયાની જરા પણ દયા આવી નહીં ? છતાં તેની મુકતી માટે મને કાંઇ વીચાર સુઝતો નથી ? વીચાર કરીને પણ શું કરૂં ? હવે એનો પતો કયાં લાગે ? કયાં શોધું ? શોધવા વગર છુટકો નથી. એ કઈ દીશાએ કારમા કષ્ટનો અનુભવ લેતો હશે, અને હું કઇ દીશાએ જઇ ભટકીશ. આમા મને કંઈ પણ સુઝતું નથી. કંઈ પણ ગમ પડતી નથી. શું કરૂં ? કયાં જઉં ? કોને કહું ? આવી બન્યું ? હે શકતી ! તું બચાવીશ તોજ બચીશ ! તું માર્ગ બતાવીશ તોજ મારૂં ભુષણ રહેશે ? અને તોજ તારે શરણે આવેલી બાળા માગધ દેશની દીશાને પ્રફુલ્લિત કરનાર સુર્યના દર્શન કરવા પામશે.' આમ વીચાર કરતી મહાદેવી વીચાર સાગરમાં ગોથું ખાઈ પડી.

ચમત્કાર પાંચમો.

તરત શક્તિ મહેલમાં પ્રવેશ થઈ. મહાદેવીના મસ્તક ઉપર હાથ ફેરવીને મધુર સ્વરે કહયું કે, 'હે બાળા ! સાવધ થા. ખોટા વીચારનો ત્યાગ કર. કોકીલા માટે જરા પણ મનને શંકોચીશ નહીં. જેટલો પ્રેમ તું તેની ઉપર રાખે છે તેના કરતાં અધિક પ્રેમ તે તારી ઉપર રાખે છે. તેનાજ હાથે તારૂં શ્રેય થશે. જેમ તે તારા ચિત્તમાંથી એક ક્ષણભર પણ ખસવા પામતી નથી, તેમ

તું પણ તેના ચિત્તમાંથી ખસવા પામતી નથી. કોકીલાને તું શું સમજે છે ? એ મહા યોગણીનું સ્વરૂપ છે. અને તું પણ યોગણી છે. તારા જેવી સાત યોગણીઓ ભેગી થશે ત્યારે તમારા પુર્વ જન્મનું તમને સ્મર્ણ થશે. આ સ્મર્ણ થતાજ મહા રૂદ્રાણીઓનુ ખપ્પર ભરવા માટે અશુરોનો નાશ કરવા સજ થશો. ત્યારેજ અશુરો ત્રાશ આપતા ભુમીને ભ્રષ્ટ કરતાં અને લોકોને લુટતાં અટકશે. તમારે હાથેજ ભુમીનો ભાર ઉતરવાનો તે કેમ મીથ્યા થશે ? ગુણનીધી પણ પુર્વ જન્મે મહા તપેશ્વરી હતો. અને શંકર ઉપર તપ કરતો હતો. તે વખતે સરોવરની સુંદરી શંકરને નીવેદનો થાળ ધરવા આવી હતી. તે જોઇને ગુણનીધીને કામ ઉત્પન્ન થયો. કામ વ્યથા શાંત કરવા માટે ગુણનીધી સરોવરની સુંદરીને વળગી પડયો. તેથી શંકરે ગુણીનીધીને અને સરોવરની સુંદરીને તેમજ દેવધરને પણ શ્રાપ દીધો છે. આ શ્રાપથી સરોવરની સુંદરી હીમાચલ પર્વતની નીચે આવેલા મધુસુદન નામના સરોવરના મધ્ય ભાગમાં કમોદની રૂપે રહી છે. તે કમોદની ઉપરજ તારૂં ત્રીશુળ જઇ ચોટયું છે. શરધર અને દેવધર ત્યાં જઇ પહોચ્યાં છે પણ સરોવરમાં જેવા તે ત્રીશુળને લેવા જાય છે, તેવુંજ ત્રીશુળ અને કમોદની સરોવરમાં અલોપ થઇ જાય છે. માટે તું જા. અને તે ત્રીશુળને ખેંચ. જેવું ત્રીશુળ ખેચીશ તેવીજ કમોદની ફાટી જશે અને શંકરના શ્રાપથી મુકત થઇ સરોવરની સુંદરી બની જશે. આ સરોવરની સુંદરીનું સ્વરૂપ જોઇ દેવધરનો દેહ છુટી જશે. જેને તું તે સરોવરને કાંઠે બાળજે તેથી તે પણ સદગતીને પામશે. ગુણનીધીના શ્રાપનું નીવારણ સરોવરની સુંદરીજ કરશે. અને તેના શ્રાપનું નીવારણ થતાંજ

ગુણનીધીને તેના પુર્વ જન્મના જ્ઞાનનું સ્મરણ થશે. આ સ્મરણ થી તે પણ પાપીઓનો વીનાશ કરવાને તમારી સાથે તત્પર થશે. માટે ઉઠ. ખોટા વીચારનો ત્યાગ કર. અને કરવા રહેલા કાર્યમાં ચિત્તને પ્રે.' આટલા શબ્દો સંભળાવી શકતી અલોપ થઇ ગઈ.

ઝડપ કરતાં મહાદેવી ઉઠી. લોક પણ જાગ્યા. જગતને પ્રકાશમય કરનાર સુર્યદેવની સ્વારી પણ પધારી. રાજ રાણી, રાજયોગી અને મનમોહીનીએ આવી મહાદેવીની વીધીપુર્વક પુજા કરવાની તૈયારી કરવા માંડી. આ મહાદેવીને ગમ્યું નહીં, તેથી તેમ કરવાને તેણે ના કહ્યું. પછી બધાએ સાથે મળી દેવ સેવા કરી ભોજન ગૃહમાં ગયા. ભોજનનું કામ આટોપ્યા પછી મહાદેવીએ રાજયોગીને કહ્યું કે, 'હું શરધરને લઈ આવું નહીં ત્યાં સુધી આ માગધદેશની સત્તા તમારા હાથમાં સોંપુંછું. તે સત્તાનો ગેરઉપયોગ કરશો નહીં. માગધદેશની સત્તા વધારવા માટે, અને તમારૂં વેર લેવા સારૂં એક જબરદસ્ત લશ્કર તૈયાર કરજો. મહાદેવીની આજ્ઞા રાજયોગીએ અને રાજરાણીએ માથે ચઢાવી. હવે મહાદેવી જશે તે જોઇ, સુર્ય પ્રભા રડી પડી અને ગદ્દગદીત કંઠે બોલી કે, 'હે દેવી! પારકા દુઃખમાં ભાગ લેનારી મહાદેવી!! દુઃખીના દુઃખ ટાળી સુખ દેનારી જગત જનુની!!! મારી અને મારા ભાઈના ચામડાની ખોલ ઉતારી તમને પહેરાવી હોય તો પણ તમારા ઉપકારનો બદલો અમારાથી વાળી શકાય એમ નથી? જે કોઈ નહીં કરી શકે તેવું પરાક્રમ કીધું છે, તે પરાક્રમીને આ અમારૂં રાજ અને તેની સમૃધ્ધિ આપી દઈએ તોપણ તેના પરાક્રમ આગળ કુચ બીસાતમાં નથી. ધન્ય છે દેવી! તમારી

આવી ઉદારવૃત્તિને ! આવી ઉદારવૃત્તિ ધનુષ્ધારીઓએ પણ બ તાવી નથી તેવી તમે બતાવી છે. એ શું પરમ આનંદની વાત નથી. આ આનંદમાં જરાક ઓછપ રહી ગઈ છે, તે ઓછપને પુરી કરી તમારી રડતી બાળાની આંખમાંથી ટપકતા આંસુઓ લુછશો નહીં ? સુર્યપ્રભાની આવી દીન વાણી સાંભળી મહાદેવીએ તરત સુર્યપ્રભાને છાતી સરસી ડાબીને, વ્હાલથી તેના આંસુ લુછીને સુર્યપ્રભાને કહયું કે, 'બેટા ! બોલ, શાની ઓછપ રહી ગઈ છે.' સુર્ય પ્રભાએ કહયું કે, 'માતાજી ! મારી પ્રિય વ્હેન વીલાસ સુંદરી વગર આ આનંદ કશા કામનો નથી. વ્હેન વગર દીવસ જતો નથી. વ્હેન વગર આ વાડી બાગ બગીચાઓ અને સુખ સંપતીથી ભરેલો મ્હેલ શુન્યકાર જેવો ભાસેછે.' તે સાંભળી મહાદેવીએ કહયું કે, 'ધીરજના ફળ મીઠા છે. ધીરજ રાખીશ તો સઉ સારા વાના થશે. જો કે તારી વ્હેન હજી તે પાપી કળાધરના પંજામાં પડી સબડે છે અને તે કળાધરનું મોત મારા હાથમાં છે છતાં નિરૂપાય છું ? કારણ કે તારી વ્હેન ઉપર મોહીત પડેલા ગુણનીધીની આજ્ઞા વગર મારાથી આગળ પગલું ભરાઈ શકાય એમ નથી. છતાં તારી ખાતર તારી વ્હેનને તે પાપીના હાથમાંથી મુકત કરવા અને તેનો તારી સાથે ભેટો કરાવવાની ઉતાવળ કરાવીશ. તે માટે તું જરા પણ ગભરાઈશ નહીં. હવે તમે બધા ઉત્સાહ અને આનંદથી અમને જવાને રજા આપો.' મનમોહીની તરફ મો ફેરવીને મહાદેવીએ મનમોહીને કહયું કે, 'તું તારે માટે એક ઘોડો અશ્વશાળામાંથી શોધી લે. અને તેની સાથે મારા ઘોડાને પણ લાવ.' મનમોહીની તરત અશ્વશાળામાં દોડી ગઇ અને ત્યાં હજારો બાંધેલા ઘોડામાંથી એક તજી

ઘોડાને શોધી કાઢી, તેની પર સાજ નાંખી, દેવતાઈ ઘોડાને સાથે મ્હેલની નીચે આવી ઉભી. આ જોઈ, મહાદેવી નીચે આવી દેવતાઈ ઘોડાપર સ્વાર થઈ, તે જોવાને એકઠી મળેલી મેદનીએ ગજાવી મુકેલી હર્ષ ગર્જનાની ઉડી રહેલી ધ્વની વચ્ચેથી આ બંનેએ પોતાના ઘોડાને છોડી દીધા

હીમાલય પર્વતને રસ્તે પડયા પછી, ચાલતાં ચાલતાં મનમોહીનીએ મો મળકાવીને મહાદેવીને કહયું કે, "હે મહાદેવી! ખરી સતી કયારે કહેવાય ?

મહાદેવી—પતીના મરણના સમાચાર સાંભળતાજ પત્નીના પ્રાણ નીકળી જાય તેને ખરી સતી જાણવી.

મનમોહીની—જે પતીના શબ સાથે સતી થઈ શ્રાપ દે છે, તે શ્રાપ શું લાગતા હશે ?

મહાદેવી—ખરી સતીઓ શ્રાપજ દેતીઓ નથી. પણ જે સતી નથી અને સતીઓનો ધર્મ સમજતી નથી તે ફક્ત જગતમાં કીર્તી ખાતર સતી થાય અને સતીની મહત્વતા વધારવા માટે શ્રાપ દેછે. પણ તે શ્રાપ કોઇને લાગતો નથી પણ તેના વંશોને લાગે છે.

મનમોહીની—એતો બધુએ ઠીક. પણ મને કઈ જાતીની સ્ત્રી ગણશો.

મહાદેવી—તું જાણવા છતાં મને શામાટે પુછે છે ?

મનમોહીની—એ માટેનું મને મુદલ જ્ઞાન નથી તેથીજ આપને પુછુછું. કહેતા જરા પણ શરમ રાખશો નહીં.

મહાદેવી—જે સ્ત્રી અનેક પુરૂષના પ્રેમમાં પડી, સ્વછંદી થઈ પોતાની દુષ્ટ વાસના પુર્ણ કરવા માટે નીર્દોષોનો વધ કરેછે, અને સ્ત્રી ધર્મનો વીચાર કરતી નથી તે સ્ત્રીને શંખણી કહે છે.

મનમોહીની—હા. મેં તેમ કરતાં પાછું વાળી જોયું નથી. પણ તમારો સતસંગ થવાથી મારી આંખ ઉઘડી છે, સારા નરસાનું શું પરીણામ આવે છે તે પરીણામ જાણવાથી મને બહુ પશ્ચાતાપ થાય છે.

મહાદેવી—પશ્ચાતાપ તો થાયજ. પણ બગડી તે કદી સુધરતી હશે ?

મનમોહીની—જો તમે તમારા મનપર લેશો તો મારી બગડેલા ભવની બાજીને સુધારી શકશો ?

મહાદેવી—તારી કરણી તારા બગડેલા ભવને સુધરવા દે એમ નથી. તારી કરણી તને ભમાવશે ? તારી કરણી તને ઠરી ઠામ બેસવા નહીં દે. તારી કરણી વીચીત્ર પ્રકારની છે. તારી કરણીનું પ્રાયશ્ચીત કરતાં પણ તારી કરણીનું નીવારણ થાય એમ નથી. તારા જેવી નીચ કરણી કરનાર સ્ત્રીનો સ્પર્શ કરનાર, સંગ કરનાર, વ્યવહાર કરનારને પણ દોષ લાગે છે.

મનમોહીની—હા. સત્ય છે. મારા કરપીણ હાથે, મારી દુષ્ટ વાસનાએ જે હત્યાઓ કરાવી છે તે હત્યાઓ અવશ્ય મને ભ્રષ્ટ કરી મહા દુઃખના ડુંગરાઓ સાથે અથડાવશે ? શું આ હત્યાઓનું નીવારણ કરનાર સાંધનો નહીં હોય ? મારો સંગ કરવાથી શું તમને પણ દોષ નહીં લાગે ?

મહાદેવી—હું પણ કયારની દોષભાગી થઈ ચુકી છું. પણ જેને મને દોષમાં નાંખી છે તેજ મારા દોષનું નીવારણ કરશે ?

જો તું ઇશ્વર ઉપર એકાગ્રચીત્તથી મહાતપશ્ચર્યા કરીશ તોજ તારી હત્યાનું નીવારણ થશે.

મનમોહીની–એમછે તો પછી મને શા માટે રોકી રાખો છો.

મહાદેવી–મેં તને રોકી નથી પણ શકતીએ રોકી છે. શકતીની આજ્ઞા વગર તને મારાથી કેમ છુટી મુકી શકાય ?

મનમોહીની–તમે શકતીને આરાધીને મને મુકત કરવાની આજ્ઞા લો. હવે મારાથી મારી હત્યાનો તાપ જીરવી શકાતો નથી. હત્યા જીવને ભમાવી રહી છે. હત્યા આડા અવળા વીચાર કરાવી રહી છે. એ હત્યા હજી શું કરાવશે ને શું નહીં. હવે મારા શરીરનો અખ્ત્યાર મારા હાથમાં રહયો નથી. શરીર પરાધીન થતું જાય છે. શરીરનો રાજા માઝા મુકી ઉધ્ધત બનવા લાગો છે. તમે કોણ છો ? તેને પણ ન ઓળખતા મર્યાદા લોપવા તત્પર થશે. તમારા કામમાં વીધન નાખશે. એ ઘડી તમને પણ દુઃખ દેશે. માટે મને જવા દો. ને કીસ્મત કયાં ઘસડી જાય છે, હત્યા શું રંગ બતાવે છે તે જોવા દો.

મહાદેવી—આવા અનીષ્ઠ વીચારનો ત્યાગ કર. આવા વીચાર કરવાથી કાર્ય સુધરતું નથી પણ બગડે છે. જે કાર્ય તારે કરવાનું છે તે માટે સારા વીચારની જરૂર છે, તે વીચારને દ્રઢ રાખવા માટે મનને વશ રાખવાની પણ જરૂર છે. મનને વશ રાખવા માટે સદગુરૂનો શીક્ષારૂપી બોધ લેવાની પણ જરૂર છે. તેવા ગુરૂનો બોધ લીધા વગર તારી હત્યાનો, તારા ઉધ્ધત વીચારનો, તારા પાપી કામોનો નાશ થનાર નથી. માટે એ બગડેલા ભવને સુધારવા હોય, પાપથી મુકત થવું હોય, ઇશ્વરની અદભુત લીલાનો અદભુત ચમત્કાર નીહાળવો હોયતો સદગુરૂને શરણે જા.

સદગુરૂનો બોધ કાંટા સમ ખુંચતો હોય તો રૌરાં નરકે પડવાનો માર્ગ ખુલ્લો છે. પ્રસન્ન પડે તે માર્ગે જા. મનની દુષ્ટ વાસના પુર્ણ કર. એજ દુષ્ટ વાસના તને નરકની અધીકારી બનાવશે, એજ દુસ્ટ વાસના માણુસના સુખનો નાશ કરાવે છે. માટે તેનો ત્યાગ કર. તું જે દુષ્ટ કામની વાસના રાખે છે તેમ ન રાખતા સાચા પ્રેમની વાસના ઇશ્વરમાં રાખીશ તો શું તારૂં ખરાબે ચડેલુ-વહાણુ સુખરૂપ તરી ભવપાર નીકળશે નહીં ?

મનમોહીની—આખું જગત શોધીશ પણ તમારા જેવા ગુરૂ મને મળનાર નથી. માટેજ તમેજ મારા ગુરૂ. ગુરૂરૂપે રહી શરણે આવેલા શીષ્યના મસ્તક ઊપર હાથ મુકી જ્ઞાન રૂપી વારી પાઇ શું પાવન નહીં કરશો ? ગાઇ વાળેજ તેજ ગોવાલ. પાપનુ તારણ કરે તેજ ભગવાન. માટે હું તો આપનેજ ઈશ્વરી રૂપ સમ જાુછું. આપનેજ સર્વમાં શ્રેષ્ઠ સમજું છું. મારા અપરાધ તરફ ન જોતાં દયા ભાવથી જોશો તોજ મારૂં કલ્યાણ થશે. આપ મને બોધ આપી સન્માર્ગે નહીં ચઢાવશો તો બીજો કોણ ચઢાવશે માટે પતીતને પાવન કરો.

મહાદેવી-તારી એવી ઈચ્છાને ઇશ્વર પુર્ણ કરો. આવો ભાવ રાખીશ, આવી શ્રદ્ધા રાખીશ, સારા વીચારને ગ્રહણ કરીસ, તત્વમાંથી સત્વ શોધીશ, સત્યને ચાહીશ, તો તારૂં કલ્યાણ કેમ નહીં થાય ? એ કલ્યાણ કરનારોજ માર્ગ છે. જેમાં તારૂં ચિત્ત રૂંધાય તે માટે મને પુછજે. શરમાઈશ નહીં.

મનમોહીના મનનું સમાધન કરતાં કરતાં સાંજ પડવા આવી તોપણ કોઇ પણ પ્રદેશનો સીમાડો નજરે પડયો નહીં. આખા દીવસની સખ્ત મુસાફરીથી બંને પ્રવાહસણીઓના ઘોડાઓ પર

સેવાથી તરબોલ થઇ ગયા હતા. બંને પ્રવાહસણીઓ પણ સખ્ત તાપથી તપી લાલચોલ થઇ લોથપોથ બની ગઈઓ હતી. ઉડતી રજથી જેની આંખોની પાપણો ભરાઈ ગઇ હતી. મુખનું સ્વરૂપ રજમાં ઢંકાઈ ગયું હતું. અને કઇ દીશાએ જઇશું તો પ્રદેશ આવશે તેનો વીચાર કરતીઓ અને દીશાઓ નીહાળતીઓ આગળ ચાલી. પાંચક ગાઉ લાંબે જતા પણ કોઇ પણ પ્રદેશનો શીમાડો જોવામાં આવ્યો નહીં. જયાં જોય ત્યાં ઉજડ વેરાન, પહાડ ટેકરી ટેકરાઓ સીવાય કશું નજરે પડતું નહોતું છતાં, હારી ન ખાતાં ઉજડ વેરાનનો અનુભવ લેતીઓ આગળ ચાલી. પણ બીજી દીશાનો મારગ લીધો નહીં. જો કે આ દીશા ભયંકર સ્વરૂપ ધારણી કરી ભય દાખવી રહી હતી. જાણે ખાવા દોડતી કેમ ન હોય ? એવા ભાસનો ત્રાસ છુટવા છતાં તેનો લગરીક પણ વીચાર કર્યા વગર તેજી ઘોડાને પવન વેગે છોડી મુકીઆ. પવન વેગી ઘોડાઓ પવનની પેઠે દોડતાં દોડતાં એક ઉજડ પ્રદેશના શીમાડા ઉપર આવી પહોંચ્યા. ઉજડ પ્રદેશનો સીમાડો જોઈ મહાદેવીએ ઘોડાઓને દોડતા અટકાવી ધીમે ધીમે જવા દીધા. પણ સીમાડે એક પક્ષી કે એક માણસ દીઠામાં આવ્યું નહીં. ઝાડ પ્રાણી અને માણસને બદલે ઉડતી ધુળના ગોટાઓ મ્હોટા મ્હોટા પથ્થરાઓ અને સુકાઇ ગયલા ઝાડના થડો ઉભેલા જોવામાં આવ્યા. આ જોઇ મનમોહીનીએ કહયું કે, 'આ કોઈ પહાડી પ્રદેશ છે અને તે પ્રદેશમાં કોઈ જાતની ઉત્પતી ન હોવાને લીધે પક્ષી કે માણસ જણાતું નથી.' તે સાંભળી મહાદેવીએ કહયું કે, 'એમ તો નથી. છેતો વસ્તીવાળો પ્રદેશ. જો પહાડી પ્રદેશ હોત તો આ સુકાઈ ગયલા સંખ્યાબંધ જબરા ઝાડના જબરા

ચડો હોત નહી. કાંતો આ પ્રદેશ વરસાદની અછતને લીધે કાંતો ઈશ્વરી કોપને લીધે, કાંતો કોઈ રાક્ષસને લીધે ઉજેડ થયેલો લાગે છે. પ્રદેશનો કીલ્લોજ પ્રદેશની મ્હોટાઇનું કંઈ ભાન કરાવે છે, અને તે ભાનને આ ઉજડતા ભુલાવી દે છે. આ દેખાતા જંગી કીલ્લામાં કોઈ પણ માણસ હોવો જોઈયે ? માટે તેને પુછેથી ખરી હકીકકત શું છે તે જાણવામાં આવશે.' આટલી વાતચીત કરી બંને જણીઓ કીલ્લા ભણીઓ ચાલી.

શહેરના કીલ્લા આગળ જઈ પહોંચતાજ તે જંગી કીલ્લાના જબરદસ્ત દરવાજા બંધ થયેલા દીઠા. તે જાણી તે જંગી દરવાજાને મહાદેવી ખુબ જોરથી ધણધણાવા લાગી. આ ધણધણાતે દરવાનના કાન ફાડી દરવાનને જાગૃત કીધો. તોપણ મહાદેવીએ દરવાજાને ખુબ જોરમાં ધણધણાવા લાગી. આ ધણધણાતાથી હુમણાજ દરવાજા તુટી પડશે તે જાણી દરવાને અંદરથી ઘાંટો કાઢીને કહયું કે, 'જે હોય તેણે આ દેશની હદ છોડી જલ્દી જતા રહેવું. નહી તો કાળનો ભોગ થઈ પડશો.' આ સાંભળી મહાદેવીએ કહયુ કે, 'અલ્યા ના મર્દ, મોતથી ડરી દરવાજો બંધ કરી શું બેઠો છે? એમ કાંઇ કાળ મુકનાર છે? અમે પણ કાળના કાળ છઇયે તે કાળથી ડરી જઇ કેમ પાછા ફરશું ? કાળ કયાં છે ને કેવો છે તે શોધવા નીકળીઓ છઈયે તે જોયા ને શોધ્યા વગર કદી જનાર નથી. માટે ઉઘાડ.' તેના ઉત્તરમાં દરવાને કહયું કે, 'આપ બડાઈ કરવી મુકી દો ? ભલભલા આવી ને જોર અજમાવી કાળના મુખમાં ગયા તો પછી શી તાકાત છે કે તમે આ દેશનો દાટ વાળનાર ચક્રાશુર નામના કાળને જીતી શકશો ? જે પલ જાય છે તે તમારા આયુષની ઓછીજ

સમજજો.' મનમોહીનીએ આવેશમાં આવીને કહયું કે, 'બસ ગમે તેમ થાઓ તેની સાથે તારે શી નીસબત છે. તું દરવાજા ઉઘાડે છે કે નહીં. નહીંતો હમણાજ દરવાજાના ભુકેભુકા ઉરાડી નાખું છું.' મનમોહીનીને વધારે શુરે ચઢાવવા માટે મહાદેવીએ તે દરવાનને ધમકાવીને કહયું કે, 'તું કોઈ લુટારો છે, ને લુટારાઓને સંતાડવા માટેજ આ દરવાજો બંધ રાખ્યો છે. શું ચક્રાશુર કાળનો સંહાર કરનાર મહા કાળ નથી ? છે. તેને શોધી તેની પાશે તેનો નાશ કરાવવો હતો ? શું તારા રાજામાં એટલો વીચાર કરવાની શકતી નથી ? વીચાર શુન અને અકલહીણુ માણુસોજ બાયલા હોઇને બીજાને બાયલા બનાવી શીયાલવાની પેઠે ભોંયરામાં ભરાઈ પોતાનો અને પારકા સુખનો નાશ કરાવે છે. માટે ઉઘાડ. નહીંતો એક ક્ષણુમાં તારા બંધ દરવાજાને તોડી નાખશું તો પછી તારૂં અને તારા સરદારનું ભુષણ શું રહેશે ? જેના ભયથી તમે કંપી રહેલા છો ? જેના ત્રાસથી તમે તમારા દેશના દરવાજા બંધ રાખી પ્રાણનું રક્ષણુ કરો છો તે કાળ કેવો વીકાળ છે, તેનું સ્વરૂપ કેવું ભયંકર છે તે અમારે જોવું છે. તે જોયા વગર અમે કદી પણ પાછી પૂરનારીઓ નથી. માટે ઉઘાડ. ઉઘાડવામાંજ તમને લાભ છે. તમારો કાળ કયાં રહે છે તે અમને બતાવો.' આ સાંભળીને દરવાને કહયું કે, 'શા માટે ધમકી આપો છો ? તમારી કરડી વાણીથી થર થરી જઈ શું દરવાજો ઉઘાડી નાખીશ ? હું કંઇ તમારો બંધાયલો નોકર નથી માટે બોલનો તોલ કરી બોલજો. બસ. બોલવામાંજ શુરાપણું સમાયલું છે. એમ જીભને રસપર ચઢાવવામાં શું લાભ છે ? જરા ધીરજ રાખો વખત બહુ લાંબો નથી. જે વખત જાયછે તે

કાળનો આવવાનોજ જાય છે. માટે તેને બતાવવાની કે બોલ આવવાની જરૂર રહેતી નથી તેજ તમને ઓલખાણ આપશે. પછી તમારૂં પરાક્રમવાળું બલીષ્ઠ બળ અજમાવજો. પછી અમે નામર્દ છઈયે કે તમે. શુરાઓનું શુરાપણું છટાદાર શબ્દો બોલવામાં સમાયલું નથી. પણ શુરાપણું બતાવવામાંજ સમાયલું છે. વીચાર કરીનેજ પગલું ભરજો. લાંબી નજર કરીને બાથ ભીડજો. આ કાળ વાચક નથી, પણ અવાચક છે, ભુમી વાસી નથી પણ આકાશ વાસી છે. તે જયારે મહા ક્રોધે ભરાય છે ત્યારે તે પોતાની પાંખો વડે આખા આકાશને ઢાંકી નાંખીને મેઘ વૃષ્ટિને અટકાવી દેછે. તેથી આ પ્રદેશ ઉજેડ અને વેરાન થઈ ગયોછે. એટલુંજ નહીં પણ આ પ્રદેશના શીમાડા ઉપર કોઈ પશુ પ્રાણીને રહેવા દેતું નથી. તેના ભયથી આ શીમાડો પશુ પક્ષી અને માનવ વગરનો ઉજડ થઈ ગયો છે. તેનો નાશ કરવા માટે કોઈ પણ સસ્ત્ર સમર્થ છે ? આમાં સમર્થીઓનું સામર્થપણું શું કરી શકનાર છે ? તે જો જમીન પર હોતતો કોઈ પણ ધનુષધારી તેનો નાશ કરત. પણ તે આકાશમાં રહીનેજ પોતાની જબરી પાંખોના જોર વડે બધાનો નાશ કરે છે. માટેજ અમે હારીને, દેશના દરવાજા બંધ કરીને બેઠા છે. એટલામાજ સમજી જજો. હવ જબાબ મળનાર નથી.' દરવાન બોલતો બંધ થઓ એટલામાં આકાશનો રંગ બદલાવા લાગો. સુર્યનો પ્રકાશ ઝાંખો પડવા લાગો, પ્રદેશ અંધકારમાં ઘેરાવા લાગો. આ જોઈ મહાદેવીએ મનમોહીનીને કહ્યુ કે, 'કાળની આવવાની તૈયારીના પડઘા પડી રહયા છે. પણ કાળનો નાશ કરવાનો આ વખત નથી પણ ખરા બપોરનો છે. આવતી કાલના બપોર સુધી થોભી

રહેવાની જરૂર છે. માટે આ દરવાજાને તું તોડી શકીશ ?' આ સાંભળી મનમોહીનીએ હસીને કહયું કે, 'હજી મારી શકતી જેવીને તેવી છે. માત્ર આજ્ઞાનીજ ખોટી છે. જો વીચાર હોય, તો નાહીમ્મતવાનને હીમ્મતવાન બનાવવા હોય, સુકાઇ ગયલા શરી રવાળાઓના શરીરમાં તાજુ લોહી લાવવું હોયતો આ કીલ્લા સાથે દરવાજાને તોડી પાડવાની રજા આપશો.' મનમોહીની હીંમત ભરેલી વાત સાંભળતાજ મહાદેવીએ કહયું કે, 'દરવાજાનેજ તોડ. દરવાજો તુટતાજ આપણી શકતી સર્વને આશ્ચર્યમાં નાંખી ગરકાવ કરી દેશે. હવે ધીલ કરમાં.' મહાદેવીની આજ્ઞા થતાજ મનમોહી નીએ એક પલમાં તે દરવાજાને હાથ વડે ઉપાડી તોડી નાખ્યો. એટલામાં તે ચક્રાશુર નામનું પક્ષી પોતાની પાંખોને પાથરતું નીચે ઉતરવા લાગુ. તે જોઇ મહાદેવીએ મનમોહીનીને કહયું કે, 'જોય છે શું ? પૃથ્વી પર ધસી આવતા વીક્રાળ પક્ષીને તારી અદ્દભુત શકતી વડે આકાશમાંજ સજડ કરી નાખ. જરા પણ ત્યાંથી ચસવા પામે નહીં. આવતી કાલના બપોરે હું એનો નાશ કરીશ.' પુર જોશમાં નીચે ઉતરતા તે વીક્રાળ પક્ષીને મનમોહી નીએ પોતાની અદ્દભુત શકતી વડે આકાશના મધ્ય ભાગમાં અધર લટકાવી દીધું. તે જોઈ ચક્રાશુર પક્ષીએ ઘોર ગંભીર ગર્જના કરી પોતાની પાંખોને ખુબ લાંબી કરી જોરને અજમાવવા લાગું. જોર ન ચાલવાથી પોતાના મુખમાં અગ્ની પ્રદીપ્ત કરી વરસાવા લાગો. તે જોઈ આ બંને કાર્ય કરવામાં ઉત્સુક બનેલી ઉમંગી બાળાઓ ઉમંગ ભેર આનંદના પ્રવાહમાં ઉછળતીઓ નગરના તોડી પાડેલા દરવાજાની અંદર દાખલ થઈ, દરવાજાની

અંદરના ઓટલા પર જ્યાં દરવાન અને ચોકીદારો બેઠા હતા ત્યાં જઈ બેઠીઓ.

આ બંને વીરબાળાઓનું અદભુત કાર્ય જોઈ અંદરના માણસો ચકીત થઈ જઈ તેણીઓના ગુણના, બુધ્ધિના અને બળના વખાણ કરવા લાગા. 'દરવાને ચોકીદારને કહ્યું કે, 'આ કોઈ સાક્ષાત દેવીઓ છે. દેવીઓ વગર આવું મહાભારથ કામ કોણ કરી શકે? ખરેખર ઈશ્વરે આપણી વારે મોકલી છે. આપણને મહા દુઃખ માંથી મુકત કરવા માટે આવું રૂપ ધારણ કરેલું છે. જેણીના તેજની સામે આંખ ઉંચી કરી શકાતી નથી. દેવીઓનું ખરૂં સ્વરૂપ તો હવે પછી જોવામાં આવશે? મેં જો તેણીઓને પ્રથમ આવી ધારી હતતો હું તેનું કદી પણ અપમાન કરત નહીં. પણ મારાથી થયલા અપમાનથી તેણીએ જરા પણ પોતાનો ક્રોધ ન બતાવતા કેવા નીર્મળ અને શાંત સ્વભાવથી બેઠીઓ છે. કંઈ પણ ગર્વ કે અભીમાન જોવામાં આવે છે. આવી ગર્વ રહીત દેવીઓ વંદન પુજન કરવા યોગ્ય નથી? છે. તો પછી શામાટે આપણે તેનું વદન પુજન ન કરીએ. શા માટે આ પધરામણીની વધામણીની વધાઈ રાજાને ન આપીયે?' આવો વીચાર કરીને કેટલાએક શીપાઇઓ ઉભટભેર રાજા પાસે ગયા. અને બનેલી સર્વ હકીકતથી રાજાને જાણ કીધો. આ હકીકત સાંભળી રાજા બીજા અમલદારોને સાથે લઈ દરવાજે આવ્યો. મહાદેવી અને મનમોહીનીનો સત્કાર કરી પોતાના મ્હેલમાં લઈ ગયો. જ્યાં તેની ખુબ આસના વાસના કરી. રાજાની આ આસના વાસનાથી દેવી પ્રસન્ન થઇ રાજાને કહ્યું કે, 'હવે જરા પણ દુખીત થશો નહીં? તમને અને તમારી પ્રજાને મહા દુખ દેનાર ચક્રાશુર

નામના પક્ષીનો નાશ કરીશ.' આમ વાતચિત્તમાં આખી રાત કાઢી. પ્રાતુશકાલ થતાંજ મહાદેવીએ રાજાને કહયું કે, 'જ્યાં ચકરાશુર પક્ષી અધર લટકી રહયું છે તેની નીચે બરાબર ઓરસ ચોરસ ચાર ગાઉમાં તીક્ષણુ અને તેજદાર ભાલાઓનો માંડવો બંધાવી તૈયાર કરો.' આ વાત સાંભળતાજ રાજા અને રાજાના અમલદારો આભાજ બની ગયા. આટલા ભાલા લાવવા કયાંથી ? અને બપોર સુધીમાં આવો જંગી માંડવો તૈયાર કેમ થઇ શકે ? આતો બનવું અશકય છે. આનો જબાબ શું આપવો ? તેના વીચારમાં રાજા પડવાથી રાજાની મતી મુંજાઇ ગઈ. આ જોઈ મહાદેવીએ રાજાને કહયું કે, 'શા માટે ગભરાઓ છો ? તેમ બનતું ન હોયતો રહેવા દો. એનો વળી બીજો ઇલાજ શોધીશું ? પણુ એને આજે બપોરના માર્યા વગર રહીશ નહીં. જો તમારૂં જીગર ચાલતું હોય તો તમે અને તમારા અમલદારો અમારી સાથે આવજો.' તાવને સાંઈ કોણુ કરે ? મરણેજ કરે. મહાદેવીના આ વાકયો સાંભળતાજ રાજા અને તેના અમલદારો પાછા પગ ભરવા લાગા. જીવ કોને વ્હાલો ન હોય ? મરવું કોને ગમતું હશે ? પ્રજા સુખી થાઓ કીંવા ન થાઓ. જોઈએ તો જીવે, જો ઈએતો સબડીને મરે એવો વીચાર રાખનાર રાજાને રાજા કોણુ કહેશે ? એવો આ મુર્ખ રાજા પોતાનાજ સુખનો અને જીવનો બચાવ કરવા માટે પાછો પોતાના મ્હેલમાં ભરાઈને બેઠો. આ જોઇ મહાદેવીએ મનમોહીનીને કહયું કે, 'આ પ્રજા પીડીત રાજા છે. તેનાથી તેની પ્રજાનું શું ભલું થનાર છે ? જવાદે હીચકારાઓને ? એવા હીચકારાઓનો સ્પર્શ કરવો ન જોઈએ ? એવા નર્કાધીકારી રાજાઓને તું જીવતા જાણીશ નહીં પણુ મુવેલાજ

જાણજે. અરજુનસમાન જે ક્ષત્રી નથી, તેને ક્ષત્રી નહીં, પણ ક્ષત્રોના વંશને કલંકીત કરનારા મચ્છરો સમજજે. જેને માથે પડે તેજ ભોગવે. આપણાથી કંઇ નહાસી જઈ એના જેવું નીર્દય પણું બતાવવું છે ? એના આવા અધમપણાની એને શીક્ષા તો કરવી જોઈયે ? માર વગર ભુત વશ થાય નહીં. એવા ભુતોએ દુન્યાને ભક્ષી ખાધી છે. તેમાના અકાદ ભુતનો ભક્ષ આ પક્ષીને આપ્યો હોય તો શું પાપ લાગશે ?' મનમોહીનીએ કહયું કે, 'નહીં દેવી ! હવે વખત થવા આવ્યો છે. માટે ઉતાવલ કરો. આમ બંને જણીઓ નગર બહાર આવીઓ. અધર લટકી રહેલા પક્ષીને જોઈ મહાદેવીએ મનમોહીને કહયું કે, 'હવે તું તારી શકતીમાંથી તેને મુકત કર.' એટલું કહી મહાદેવીએ શકતીનું ધ્યાન ધરી શકતીનું ચકર હાથમાં લીધું. મનમોહીનીએ જેવી પોતાની શકતી ખેંચી લેતાજ તે પક્ષીએ પોતાની પાંખને પહોલી કરી આકાશને ઢાંકી નાખી મહાદેવી સાથે યુધ્ધ કરવા લાગ્યુ. આ યુધ્ધથી ભુમી કંપવા લાગી. યુધ્ધ કરતાં કરતાં તે પ્રબલ પક્ષીની પ્રબલ પાંખોને મહાદેવીએ બાળી નાંખી. તે જોઈ પક્ષી મહા ક્રોધે ભરાઈ મહાદેવીના અંગ ઉપર ધસી આવ્યું તે જોઈ મનમોહીનીએ પોતાની અદભુત શકતી વડે તે પક્ષીને પાછું અધરજ લટકાવી દીધું. આ જોઈ મહાદેવીએ મનમોહીનીને કહયું કે, 'તે જો આ વખતે સમયસુચકતા વાપરી ન હોતતો જરૂર આપણો તે નાશ કરત હવે તું એને તારી શકતી વડે બરોબર રાજાના મહેલ ઉપર લાવી મુક. પછી હું તેનો આ ચકરથી નાશ કરીશ.' મનમોહીનીએ તરત પોતાની શકતી વડે તે પક્ષીને ફેર

ચંતી ફેરવતી કરકટ નામના રાજાના મહેલની ઉપર લાવીને કહ્યું કે, 'હે દેવી! હવે તમે શું જુઓ છો? શત્રુનો સંહાર કરો. સૂર્ય પણ મધ્યમાં આવી પહોંચ્યો છે. તે સાંભળીને દેવીએ મનમોહીનીને કહ્યું કે'' હવે તું ખબરદાર થઈને રહેજે. હમણાજ તેનો નાશ કરૂં છું' એટલું કહેતાજ દેવીએ મહા શક્તિનું ધ્યાન ધરીને ચંક્રને હાથમાં લઈને ચક્રને વીનવીને કહ્યું કે; 'જલ્દી જા અને તે પાપીનો નાશ કરી તેના જુલમના ત્રાસથી ભયભીત થએલી આ પ્રદેશની પ્રજાનો આશીરવાદ લે.' એટલું કહેતાજ ચક્રર એકદમ છુટું અને જ્યાં ચક્રાશુર નામનું પક્ષી અધર લટકી રહયું હતું તેને પોતાની તીવ્ર અગ્નીથી બાલવા લાગું. ચકરની આ તીવ્ર અગ્ની શહન નહીં કરી શકવાથી ચકરાશુરે ચીસોપર ચીસો નાખી આખો પ્રદેશ ધમધમાવી મુકયો. આ તીવ્ર અગ્નીમાંથી છુટવા સારૂં ચકરાશુરે પોતાનું બહુ જોર અજમાવ્યું પણ તેના જોરને તો પ્રથમથીજ મનમોહીનીની શકિતએ હરી લીધું હતું. તેથી તેનું જોર ન ચાલતાં મોતને આધિન થયું. ચક્રે ક્ષણવારમાં ચકરાશુરને બાલી નાંખી દેવીના હાથમાં આવી અટકયું. અને ખાલી તેના શરીરનું ખોખું અધર લટકી રહયું તે જોઈ દેવીએ મનમોહીને ઉદ્દેશીને કહયું કે, 'હવે તારી શકતીને પાછી ખેંચી લે. અને પછી જો કે, કરકટ રાજાના મહેલની શી દશા થાય છે.' દેવીના શબ્દો સાંભલતાજ ચાલાક મનમોહની એ પોતાની શકતીને ખેંચી લીધી. અને શું થાય છે તે જોવા લાગી. ચકરાશુરના શરીરનું ખોખું મનમોહીનીની શકિતમાંથી મુકત થતાજ કરકટ રાજાના મહેલ ઉપર પડયું. પડતાજ ધરણી ધરણવા લાગી ધરતીમાં ફાટ પડતાંજ મહેલ અંદર ઉતરી ગયો. ધરણીના

ધરણુવાથી ગામના કેટલાએક ઘરો પણ પડી ગયા. ધરણીના આ ભયંકર ધુજારાથી જે લોકો ડરથી ઘરમાં ભરાઈ બેઠા હતા તે પણ પોતાનો જીવ બચાવવાને બહાર પડયા એટલામાં મેઘ રાજાએ પોતાના બારે મેઘને છોડી દીધા તેથી આ પ્રદેશ જલમય થઇ ગયો.

આ થઈ રહેલી મેઘવૃષ્ટીથી તરબોલ થઈ ગયેલી બે વીર બાલાઓએ પોતાના તેજી ઘોડાઓને ઉત્તર દીશામાં છોડી દીધા. આ બંને ઘોડાઓ પોતાના વેગમાં ચાલ્યા જાય છે. તે નથી જોતા ઝાડ કે ઝાડની ઝાડીઓ કે પહાડ કે પહાડો ખાડાકે ખબોચીઆ નદી કે નાલા જે કંઈ વચમાં આવે છે તેને ઠેકી રસ્તો કર્ત્તા ચાલ્યાજ જાયછે. ચાલતાં ચાલતાં એક ભયંકર જંગલમાં પેઠા. આ જંગલ બહુજ મોટું અને બિહામણું હતું. ભયંકર પ્રાણીઓની ગર્જનાથી તે ખુબ ગાજીને વીરભદરોનાં હાડા ધ્રુજાવી રહયું હતું. તેવા ભયંકર જંગલમાં, અંધકારમય જંગલમાં આ બંને વીરબાલાઓ કોઈપણ પ્રકારની ધાસ્તી રાખ્યા વગર હીમ્મતથી આગળ ચાલી. ચાલતાં ચાલતાં જંગલના મધ્ય ભાગમાં આવેલા એક ખંડિયર આગલ પોતાના ઘોડા છોડી નાખ્યાં. બહુ થાકી ગયલા ઘોડાઓને ઘાસ પાણીથી તૃપ્ત કરાવી તે ખંડીયર આગળ બાંધ્યાં. પછી મહાદેવીએ મનમોહીનીને કહયું કે, 'આજની રાત અહીંયાજ ગુજારવી છે, પ્રાતશકાળ થતાજ આપણે રસ્તે પડશું.' મનમોહીનીએ કહયું કે, 'જેવી આપની ઇચ્છાં પણ રાત ભયંકર લાગશે. ભંયકર રાતના ભયંકર ચમત્કાર નિહાલવા પડશે. પણ રાતનું સુખ નથી મળવાનું' દેવીએ તેના ઉત્તરમાં કહયું કે, 'ચમત્કારજ જોવા છે. સુખ જોઈએજ કોને?

સુખની આશા હુત તો પછી આવા અરણ્યમાં શા માટે વીશામો લેત ' આ સાંભળીને મનમોહીનીએ પોતાની તર્ક શકિત દોડાવીને કહયું કે, ' જો એમજ હોય તો, આપણને કોઇ નહીં જોઇ શકે તેવી જગ્યાએ રહેવું વધારે સારૂં છે. ' દેવીએ કહયું કે, ' હા એ પણ તારી વાત સાચી છે. ' માટે છોડ ઘોડાને અને તને પ્રસન્ન પડે તેવી જગ્યાએ લઈ જઈ બાંધ., મનમોહીનીએ તરત ઘોડાને છોડયા અને એક જંગી ઘટાદાર ઝાડની નીચે જઈ ઘોડા બાંધી બંને જણીઓ બેઠીઓ. કેટલીવાર સુધી બંને જણીઓ મૌન ધારણ કરી બેસી પોત પોતાના મનના ઉંડા વીચારમાં ઉતરી ગોથા ખાવા લાગીઓ. આમ કેટલોક વખત કાઢયા પછી શ્રી દેવીએ મનમોહીનીને કહયું કે, ' શું વિચાર કરે છે. ઉઠ બેઠી થા કમ્મર બાંધ અને મારી સાથે ચાલ પહેલા ઉજડ પડેલા ખંડિયરની તપાસ કરીએ ' દેવીના ઉત્તરમાં મન મોહીનીએ કહયું કે, ' મારી કયાંના છે. હું પણ એજ વિચારમાં હતી ' આમ બંને જણીઓ પોતાના ઘોડાપર ચઢીને જ્યાં ખંડીયર હતું ત્યાં આવ્યું. ઘોડાપરથી નીચે ઉતરી ઘોડાને બાંધી બંને જણીઓ તે ખંડિયરમાં ઉતરયું. અંદર ઉતરતાજ બેત્રણ સાંકડા રસ્તા આડા અવળા જોવામાં આવ્યા હવે કયે રસ્તે જવું. તેનો વિચાર કરવા લાગીઓ કેટલીકવાર તેનો વિચાર કર્યા પછી વચલે રસ્તે ચાલીઓ. ચાલતાં ચાલતાં પગ થાકી ગયા પણ રસ્તાનો છેડો આવ્યો નહીં તોપણ આ બંને જણીઓ જરા પણ નિરાશ ન થતા આગળ વધવા માંડયું. થોડેક છેટે ગયા પછી કંઈક ઝીણો પ્રકાશ જણાઓ, તેથી આ બનેના મન પ્રફુલ્લિત થયાં; જરીક છેટે જતાં એક બંધ દરવાજો જણાયો. દરવાજા પાસે પહોંચતાજ

અંદરથી અરે કાફરખાન ! આવો દગો કરવો ન હોતો. દગાબાજ મલેચ્છ સરદાર આવીજ તારી બ્હાદુરી. શરમ છે તને આવી રીતે તે કેટલાકોને વિશ્વાસઘાત કરીને ઠગયા છે. ઉઘાડી નાખ દરવાજો ને પછી વાત કર, નહીંતો અહીંયાજ લોહીની નદી ચાલશે. આ શબ્દો મહાદેવીને કાને અથડાતાજ દેવી અને મનમોહીની દરવાજામાં કાન દઇ સાંભળતી ઉભીઓ.

કાફરખાન—આ દગો નથી, આ તો મોજનું ઘર છે. અમે લોહીના તો ભુખ્યા છૈયે. અને લોહી પીવા માટેજ આવું સહાસ કરીએ છઇએ. સુવર્ણસેન આ અંધારી ગુફામાંથી છુટવું હોયતો તમારા દેશમાં અમારા દેશનો દારૂ અમારા દેશમાં બનતો બધી જાતનો માલ દાખલ કરવા દો. એટલુંજ નહીં પણ સાથે અમારી કોઠી પણ સ્થાપવા દો.

સુવર્ણસેન—એમ કદી બનનાર નથી. મારી પ્રજા સ્વતંત્ર છે. તે પ્રદેશીઓને શું પણ પ્રદેશીઓના માલને ધીકારે છે તે પ્રજા તમારા જેવા નીચ અધમ અને પારકુ ધન લુટનારા પીંઢારા મલેચ્છોને દેશમાં દાખલ થવા દેશે. આ તે સહાસ કીધું નથી. પણ હીચકારાપણું બતાવ્યું છે.

કાફરખાન—સુવર્ણસેન અમારી સાથે સ્નેહની ગાંઠ બાંધવાથી તમને બહુ લાભ થશે. કોઇ વખતે કોઈ દુશ્મન તમારા રાજ પર ચઢી આવશે ત્યારે અમારો હાથ તમને બહુ કામમાં આવશે.

સુવર્ણસેન—ખરા ક્ષત્રીઓ કોઈના હાથની દરકાર રાખતા નથી પણ પોતાના હાથ ઉપર પોતાની સત્તાને દ્રઢ કરે છે. સહાબુદીન ગોરીને છ વાર મારીને ચહુઆણે હાંકી કાઢયો હતો; ત્યારે

તેણું કોની મદદ લીધી હતી. અકબરે મેવાડ ઉપર ચઢાઇ કરી તે વખતે પ્રતાપી પ્રતાપે પોતાના હાથ સીવાય બીજા કોનો હાથ લીધો હતો. ઔરંગજેબે હીંદુઓને વટલાવવા માટે જુલમ ગુજારવા માંડયો હતો તે જુલમમાંથી હીંદુઓને છોડવવા માટે શીવાજીરાવે તલવાર પકડી હુતી તે વખતે તેણે કોનો હાથ લીધો હતો. તેમાનો આ સુવર્ણસેન રાજા છે. જે યવનોને ધીકારે છે અને મલેચ્છોનું તાજ નહીં રહેવા દેવા માટે પ્રતિજ્ઞા લીધી છે. તે પ્રતિજ્ઞા લેનાર શું તમારા જેવા અધમાશુરોને અમારી પાવત્ર ભુમિવાલા વિશાળ પ્રદેશમાં દાખલ થવા દેશે ? માટે ઈજતથી દેશ છોડ઼ું થવું હોય તો દરવાજા ઉંઘાડી નાંખ.

મહાદેવી—જે ક્ષત્રીઓ મલેચ્છોના માથા વાઢી તના ઓશીકા બનાવી માથા નીચે રાખી સદા સુનારા છે તે શું તારા જેવા આપસ્વાર્થીને જીવતો જવા દેશે.

મનમોહીની—જે ક્ષત્રીઓ સીંહ સરખા શોભી રહેલા છે અને મલેચ્છોનો સીકાર કરનારા છે. તે ક્ષત્રીઓ શું તારા જેવા બાયલાને સુવર્ણસેન જેવો સીંહ વશ થશે.

આ શબ્દો સાંભળતાજ કાફરખાનના કાનમાં તેલ રેડાયુ અને સુવર્ણસેનને વધારે હીંમત આવી.

કાફૂરખાન—કેમ સુવર્ણસેન આ મારા કોલ કરાર ઉપર તમારો શીકો મારો છો કેમ ? નહીં તો તમને કેદ કરીને લઈ જંવામાં આવશે.

સુવર્ણસેન—આવી રીતે ઠગીને કેટલાકોને કેદ કીધા છે. હરામખોર વીચારીને વર્તજે.

કાફરખાન—અમે ઠગારા નથી. પણ ઉજલા દુધ જેવા છઈયે. અમે જયાં પગપેસારો કીધો છે, તે અમે અમારી તલવારના બલથી કીધો છે.

સુવર્ણસેન—યવનો જુઠાછે. લુચ્ચાછે. અને માહોમાંહ લડાઈ કરાવી કપટથી પગપેસારો કીધોછે. પણ તલવારથી નહીં.

કાફરખાન—તમારૂં શુર તમારી જીભમાંજ શમાયલું છે. માટે જીભથી લડો, પણ યવનો તો તલવારથીજ લડી દુશ્મનોને વશ કરનાર છે. માટે જલદી કોલકરાર પર સહી કરો.

સુવર્ણસેન—અરે દુષ્ટ ? મને મારી ભુમિમાં કેદ કરનાર કોણ છે? તે મારો અપરાધ કર્યો છે તે અપરાધ બદલ તારી પાસેથી કોલકરાર કરી લીધા વગર તને છોડનાર નથી.

કાફરખાન—સુવર્ણસેન આવી હઠીલાઈ કરવી મુકીદો. શા માટે સાકરમાં ઝેર રેડવા આંખ લાલ કરો છો. જુઓ તમારી સન્મુખ એક હજાર તલવાર ચમકી રહી છે. તેને તમો એકલા શું જવાબ દેશો. માટે કોલકરાર કબુલ કરો.

સુવર્ણસેન—હજારો શું પણ આ ટાંણે લાખો કાં ન હોત. તેથી શું ડરી જઇ તારા કોલકરારની ઉપર સીકો મારી દેત. ચાલ અધમ જલદી કર દરવાજા ઉઘાડી નાંખ નહીં તો આ તમતમી રહેલી તલવાર તારી અને તારા હજાર સાથીઓની ખબર લેશે.

કાફરખાન—તમારી ઉમેદ તલવાર અજમાવવાની છે. તો બેશક અજમાવો પણ પાછલથી પસ્તાશો. શુરાઓ બાંધો સુવર્ણસેનને. કાફરખાનના મોમાંથી આ શબ્દ નિકળતાજ પાછલે

દરવાજેથી કાપો કાપો મારો મારો મલેચ્છોને ધુલમાં રોલો સુવર્ણુસેનને બચાવો. આવી રીતની ગર્જના થઈ રહી છે. તે સાંભલી મહાદેવીએ મનમોહીનીને કહ્યું કે, 'હવે ઝટ કર. અંદર કાપા કાપી ચાલુ થઈ છે. માટે સુવર્ણુસેનને બચાવવા માટે તારી શક્તિ વડે આ દરવાજાને ઉરાડી નાખ.' મનમોહીનીએ તરત પોતાની શકિતવડે દરવાજાને ભેડી નાંખ્યો. મહાદેવી અને મનમોહીની અંદર દાખલ થઈને મહાદેવીએ ત્રાડ મારીને કહયું કે, ' સુવર્ણુસેન કોણુ છે?' સુવર્ણુસેને સાક્ષાત જોગણીનું સ્વરૂપ જોઇને બોલ્યો કે, ' તમારો દાસ સુવર્ણુસુન તમારી સન્મુખ ઉભો છે.' મનમોહીનીએ આંખ ફેરવીને કહ્યું કે, ' દુનિયાને લુટનાર દુનિયાને ભ્રષ્ટ કરનાર દુનિયાને પજવનાર પાપી અધમ મલેચ્છ સરદાર કાફરખાન કયાં છે? સુવર્ણુસેને કહયું કે, ' દેવી! આ તમારી સમીપ ઉભો છે તે જોતાજ મનમોહીનીએ કાફરખાનને બે તમાચા જડી દઇને ઝકડી લીધો મહાદેવીએ કહયું કે, ' પાછલે દરવાજે જોસબંધ તલવારો કોણુ ચલાવી રહયું છે તે જઈ તપાસીએ (મનમોહીનીને) આ કાફરખાનને તારા સ્વાધીન માં લેજે. જરા તેની ખુમારી પણુ ઉતારજે એટલું કહીં ચારે જણુ ગુફાની અંદર ચાલવા લાગા. ગુફાની પાછલે દરવાજે પહોચતાં બે યુવાન યોદ્ધાઓ મલેચ્છોને પકડી પકડીને કાપતા જોયા તે જોઇની મહાદેવીએ કહયું કે ' શાબાશ! રણુવીરો શાબાશ! બસ બહુ થયું. તલવારને મ્યાન કરો અને તમે કોણુ છો! તે સન્મુખ આવી મુખ બતાવો.

મહાદેવીનો સાદ વર્તતાજ દેવધર અને શરધર બંને હાથમાં તલવારોને રમાડતા અને મલેચ્છોને કાપતા મહાદેવીના ચર્ણુમાં

મસ્તક નમાવી બોલ્યા કે, ' દેવી આપ અંહી કયાંથી ? તમારા દર્શાણથી અમને મહા આનંદ પ્રાપ્ત થયો છે. તમારા પ્રતાપી પગલા થતાજ અમારા ઘણા દિવસનું દુઃખ નાશ પામ્યું છે જ્યાં જોઇએ છે ત્યાં તમારીજ મૂર્તિ સન્મુખ સાક્ષાત આવી દર્શાણ દેતી કેમ ન હોય ?

મહાદેવી—દેવધર અને શરધર તમે અહી કયાંથી ? શું તમે કાર્ય પુરૂ કરયું.

દેવધર—તમે અમને એવું કાર્ય સોંપ્યું છે કે જે અમારા સાત અવતાર જાય તોપણ અમારાથી થઈ શકે એમ નથી. કાર્ય સ્થાન પણ પાછલા ભાગની પાછલ છે. આજે બપોરના આ મલેચ્છો આ ભોંયરામાં ભરાવા લાગા હતા. અને સાંજના આપન પાસે ઉભેલા સુવર્ણસેનને પકડી લાવી આ ગુફામાં લઈ ગય હતાં તેથી અમને એમ લાગ્યું કે આ મલેચ્છ લોકો કંઈક કાવત્રુ કરશે. માટે તેના તે કાવત્રાને ભોગ ન થઈ પડે તેટલા સારૂ અમે પણ આ ગુફાની બહાર તલવાર લઈ ઉભા હતા. અને જ્યારે વાતરસપર આવી ત્યારે અમે આ ગુફાના દરવાજા તોડી નાંખી મલેચ્છોનો નાશ કરવા લાગા.

મહાદેવી—શું ત્યારે મધુસુદન નામનું સરોવર આ અરણ્યમાં છે.

દેવધર—હાજી દેવી !

મહાદેવી—અહીંથી હીમાલય પર્વત કેટલો દુર છે.

સુવર્ણસેન—જુઓ આપની સન્મુખ કેવો ડોકીઆ કરી રહયો છે.

મહાદેવી—સુવર્ણસેન કહો હવે આ કાફરખાનને શી શીક્ષા કરવી છે.

સુવર્ણસેન—એની પાસેથી ફરીને આપણા સીમાડા ઉપર આવે નહીં એવી પ્રકારનો કોલ કરાર કરાવી લઈ છોડી દો.

દેવધર—એમ નહી. કાફરખાન સાથે એના બાકી રહેલા માણસોને જીવતા આ ગુફામાં કેદ કરીને ગુફાને પુરી નાંખો તોજ મલેચ્છોની આંખો ઉઘડશે.

મનમોહીની—એ દુષ્ટો એ શીક્ષાને પુરા લાયક છે.

કાફરખાન—હું તમારે શરણે છું; શરણે આવેલા શત્રુને ક્ષત્રીઓ કદી દુઃખ દેતા નથી.

દેવધર—ચહુઆણે ગોરીને છવાર ઉદારવૃત્તિથી છોડી દીધો હતો છતાં ગોરીએ પોતાનું ઘાટકીપણું મુકયું ન હતું. માટે હરામખોર તને કદીપણ જીવતો ને છુટો મુકવામાં આવશે નહીં. દેવી આજ્ઞા કરો આં ગુફામાં આ પાપીઓને પુરી નાખવાની.

દેવી—જા તારી એવી ઇચ્છા છે તો જલદી પુર્ણ કર.

દેવીની આજ્ઞા થતાંજ દેવધર અને શરધરે મલેચ્છોના માથા પકડી પકડીને ગુફાની અંદર ઘોંચવા લાગા અને ઘોંચી રહ્યા પછી ગુફાનો પાછલો દરવાજો બંધ કરી પહેલે દરવાજે આવ્યા. દરવાજાની બહાર બધા નિકળ્યા પછી દેવધરે તેપણ દરવાજો બંધ કર્યો. પછી દેવધરે મનમોહીનીને કહ્યું કે, 'જોય છે શું ? તારી અદ્ભુત શકિતવડે આ ગુફાવાલા ખંડીયરને જમીન બરોબર કરી નાંખ.'

મનમોહીની—કેમ દેવધર આ મૃત્યુલોક જોયું ? આ મૃત્યુલોકની મોહીની જોઇ ? મૃત્યુલોકના લોકો કેવા વિશ્વાસઘાતી અને દગલબાજ છે તેપણ જોયા. કેમ હવે માથામાંથી ખુમારી

ઉતરી છે કે જેવી ને તેવી છે. અરણ્યની મજાહુંતો બહુ ચાખી હશે.સરોવરની સુંદરી પ્રાપ્ત કીધી હશે?ત્રીશુળ હાથમાં આવ્યું હશે? કહે હવે જોઇયે વારૂં આકાશગામી સરસ કે મૃત્યુ લોક સરસ?

દેવધર—હવે તું જીતી હું હાર્યો. માથાકુટ કરવી મુકી દે. જે કરતી હોય તે કર. મનમોહીનીએ તરત પોતાની અદભુત શકિતવડે આ ખંડીયર વાલી ગુપ્ફાને આ નાકાથી તે નાકાસુધી જમીન બરોબર કરે દીધી. આ ચમત્કાર જોઇ સુવર્ણસેન મનમાં હેબતજ ખાઈ ગયો.

મહાદેવીએ મનમોહીનીને એક બાજુ લઇ જઇને કહ્યું કે 'આ સુવણસેન રાજા જરૂર આપણને એના નગરમાં લઈ જવાને સમજાવશે વિનવશે પણ આપણે જવું નથી માટે તે આપને કાંઈ પણ કહે પહેલા તું તારી શકિતવડે એને અધરજ એના મહેલમાં પહોંચાડી દે.' મનમોહીનીએ તરત પોતાની શકિતનો ઉપયોગ કરતાજ સુવર્ણસેન અલોપ થઈ ગયો.

દેવી—દેવધર મધુસુદન સરોવર કયાં છે ?

દેવધર—દેવી ચાલો બતાવું.

દેવી—ત્રીશુળ સેમાં ચોંટયું છે.

દેવધર—કમોદનીમાં છોડયું છે.

દેવી—તે તમારાથી નિકળતું નથી.

દેવધર—અમે જેવું ત્રીશુળ લેવા છઇએ તેવું ત્રીશુળ સાથે કમોદની સરોવરમાં ડુબી જાય છે. એટલી વાત ચીત કરી આ ચારે જણ સરોવરની પાસે ગયા કે તરત દેવી સરોવરમાં ઉતરી ત્રીશુળ ખેચી લેતાજ કમોદની ફાટી ગઈ અને તેમાંથી સરોવરની સુંદરી

ઉત્પન્ન થઈ આ સરોવરની સુંદરીનું સ્વરૂપ જોતાજ દેવધરે પ્રાણ છોડી દીધા. દેવીએ દેવધરનો અગ્ની સંસ્કાર કર્યો.

સરોવરની સુંદરી દેવીને ભેટી. માયાથી ભેટી મમતાથી ભેટી ઉમંગથી ભેટી અને હર્ષથી કહેવા લાગી કે, 'દેવી મારા શ્રાપનું નિવારણ કરી શ્રાપમાંથી મને મુકત કરીછે તેથી તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે. ચાલો સરોવરમાં મારો રંગ મહેલ બતાવું મારી સમૃદ્ધિ બતાવું. જે મહેલ સરોવરનાં તળાવની નીચે ગુપ્ત છતાં કેવું શીતળ, અજવાળામય, ઉત્તમ અને સુખદાયક છે. તેં આખી દુનીયા જોઇછે, પણ આવો મહેલ કયાંય પણ જોવામાં નહી આવ્યો હોય. જે તદન મીણાકારીથી ચીતરેલો, સુવર્ણમય અને સુંદર વસ્તુઓથી ભરપુરછે. જે ચીજો જન્મમાં જોયેલી ન હોય, તે ત્યાં દેખાશે. અનેક જાતનાં જવાહીરો, કારીગીરીઓ, નકશા, નકશીઓ, જનાવરો, ઝાડો, વનસ્પતીઓ, બેઠકો વગેરે એવા ઉત્તમછે કે, લંકા અને અમરાપુરીને ભુલાવી આપે તેવાછે. સાક્ષાત વરૂણ દેવનું તે પુર્વસ્થાન હોવાથી સરોવરનું પાણી પણ તમને કશા પ્રકારની બાધા કરે તેમ નથી. જુવો તો આ નવીન સરોવરની અગાધ લીલા. ચાલો મારી સાથે. ચાલો આપણે બંને સખીઓ થઇએ. પ્રીય સખી! આ તમારી નવી સખીના ઘરમાં પધારી ઘરને પવિત્ર નહીં કરો.

દેવી—પ્રિય સખી? એ બધો આભાર મહા શકિતનો માન જો શકિત મને સહાય થઈ નહીં હોત તો તારા શ્રાપનું નિવારણ કોણ કરત? હવે સખી ઉતાવલ કર. અમને હજી ઘણા કામ કરવાના છે.

સરોવરની સુંદરી—હવે ઉતાવલ કરવાની કંઈ જરૂર નથી. તમારૂં કામ શું છે તે હું જાણું છું. જે જગ્યાએ તમારે જવાનું છે તે જગ્યા મારા સરોવરથી બહુ લાંબી નથી.

દેવી—કહે ત્યારે અમારે શું કામ છે. અને કંઇ જગ્યાએ જવું છે.

સરોવરની સુંદરી—પ્રિય સખી તને ઠગનાર કોક રૂપી કોકીલાને અને તેના સ્નેહી ગુણનીધિને જે માહામંત્રની મહા ગુફા જેને કાલો પર્વત કહે છે ત્યાંતે ગુફાને બદલે એક માહા અદભુત અવર્ણનીય સોભાયમાન અમરાપુરીના રાજા ઈંદ્રના ભવનને પણ ઢાંકી નાંખે તેવા મહેલમાં રહેલા છે તેમને મળવા જવાનું છે તેજ કામ બીજું શું ?

દેવી—પ્રિય સખી ! હા એજ કામ છે. જીવ ત્યાં છે અને ખોલ્યું અંહીયાં છે.

સરોવરની સુંદરી—પ્રિય સખી ! તમે મારી સાથે સરોવરમાં ચાલો. હું તમારા સ્નેહીઓને સરોવરને રસ્તેથીજ ભેટો કરાવી આપીશ પછી કાંઇ છે.

દેવી—જેવી તારી ઈચ્છા.

તરત સરોવરની સુંદરીએ બંને ઘોડાને સરોવરમાં નાંખ્યા નાંખતાજ ઘોડાઓ સરોવરની અંદર ઝટ ઉતરી ગયા. પછી દેવી શરધર મનમોહીની અને સરોવરની સુંદરી સરોવરમાં ઉતરતાજ અલોપ થઈ ગયા.